# ગજરામારૂ

# ની વાર્તા.

ચીત્રો સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ—અમદાવાદ.

શ્રી "સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં" શા. પ્રેમચંદ
નગીનચંદ તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપી.
ઠે ખાડીયા અમદાવાદ.

આવૃત્તિ ૩ જી  પ્રત ૩૦૦૦

સંવત ૧૯૬૯  સને ૧૯૧૩

કી. રૂ. ૦-૮-૦


મેહલ. ૧



દેવી મંદિર.







# ગજરામારૂ

# ની વાર્તા.

## ચીત્રો સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર.
બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.
રીચીરોડ—અમદાવાદ.

શ્રી "સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં" શા. પ્રેમચંદ
નહાલચંદ તથા ડાહ્યાભાઈ શકરાભાઇ ગાંધીએ છાપી.
ઠે. ખાડીયા અમદાવાદ.

આવૃત્તિ ૩ જી    પ્રત ૩૦૦૦

સંવત ૧૯૬૯    સને ૧૯૧૩.
કીં. રૂ. ૦—૮—૦

# વાંચવા લાયક નોવેલો.

---

| | |
|---|---|
| વિદ્યાચંદ્ર ને સુમતિ (સચિત્ર) | ૧—૮—૦ |
| મોહીનીચંદ્ર સાચો પ્રેમ | ૧—૮—૦ |
| અલક્ષ્ય જ્યોતિઃ | ૦—૧૨—૦ |
| મલ્યા સુંદરી | ૦—૧૦—૦ |
| ચંદ્રકળા અને બહુરૂપીનું બજાર ભાગ ૧ | ૧—૦—૦ |
| ,, ,, ,, ૨ | ૧—૦—૦ |
| કુંદન અને કુસુમ ( ભાગ ૧ થી ૫ ) દરેક ભાગના | ૦—૧૨—૦ |
| કામરૂદેશની કામિની | ૧—૦—૦ |
| કામિની ચરિત્ર | ૦—૮—૦ |
| મુસાફરોની વાર્તા | ૦—૪—૦ |
| કમળા કિશોરી | ૦—૪—૦ |
| પુષ્પ શૃંગાર | ૦—૪—૦ |
| કેસરી ( પ્રેમ પીંજરમાં સપડાએલો ) | ૧—૮—૦ |
| કુમુદા—કુમારી | ૧—૮—૦ |

ઉપલી દરેક ચોપડીની કીંમત ઉપરાંત વી. પી. ખર્ચ જુદુ સમજવું.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ—અમદાવાદ.

# ભક્તમાળ નાભાસ્વામી કૃત.

આ સંસારની માયામાં જેઓ મગ્ન રહે છે તેઓએ આ પુસ્તક ખાસ કરીને વાંચવું જોઈએ. ઇશ્વર ભક્તિ એજ પરમસુખનું પગથીયું છે. ઇશ્વર ભક્તિથી મન નિર્મળ થાય છે અને ખરા સુખના લાભ ભણી જાય છે. આ પુસ્તકમાં ૧૭૭ ભકતોની અનન્ય ભકિત આપેલી છે. પાના ૨૮૮ પાકું સોનેરી પુઠું છતાં કી. રૂ. ૧)

---

# સકળશાસ્ત્ર નિરૂપણ.

આ પુસ્તકમાં નિચલા વિષયો આપેલા છે. શીવલીંગ પુજવાથી થતું ફળ, માટીના ચીંતામણી પુજવાથી થતું ફળ, વૈદકશાસ્ત્ર, સામુદ્રીકશાસ્ત્ર, શાલીહોત્રશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, સ્વરોદયશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, જ્યોતીશશાસ્ત્ર, શીલ્પશાસ્ત્ર, વીગેરે બીજા ઉપીયોગી વિષયો આપેલા છે. આટલા બધા ઉપીયોગી વિષયો એકજ પુસ્તકમાં બીજા કેઇ ભાગ્યેજ આપતા હશે. ફક્ત જુજ નકલો છે. મૂળ કીંમત રૂ. ૫, હાલમાં ફક્ત રૂ. ૩

દરેક ચોપડીની કીમત ઉપરાંત વી. પી. ખર્ચ જુદું થશે.

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ

રીચીરોડ—અમદાવાદ.

# ગજરામારૂની વાર્તા.

શ્રી ગણેશાયનમઃ શ્રી શારદાયે નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ અથ શ્રી ગજરામારૂજીની વારતા લખી છે.

દુહા.— પ્રથમ નમું પ્રીતે કરીરે, ગરૂવા ગણુપતને લાગું પાયરે; ગરૂવા૦ બુધ્ધિ અનુપમ આપજોરે, મારી જીભલડી જશ ગાયરે મારી૦ ૧ માતા છે જેની પાર્વતીરે, જેના પીતા છે શંકર દેવરે; જેના૦ શુધ્ધિ બુધ્ધિ દેજો મુજને ઘણી, સદા કરૂં હું તમારી સેવરે. સદા૦ ૨ અંગે સીંદુર છે અતિ ઓપતું, રૂડો મોદીકનો છે અહારરે; રૂડો ૦ સહુ દેવ તમારી સેવા કરે, કરૂણાળુ વિઘ્ન હરનારરે કરૂણાળુ૦ ૩ સાચી દેવી માતા સરસ્વતીરે, તમને ચરણે નમાવું શીશરે; તમને૦ મારી જીવ્હાયે જશ દો ઘણો રંક, જાણી ન કરશો રીસરે. રંક૦ ૪ કળીયુગમાં કાલીકાયનેરે, માતા પ્રસન્ન થયાં સાક્ષતરે; માતા૦ મુને વર દ્યો વરદાઇની. ગજરામારૂની રચું વાતરે, ગજરા૦ ૫ મુરખને તેં કવી કર્યારે, જીભે આપી અવિચળ વાણુરે. જીભે૦ રૂડા ગ્રંથ રચ્યા અવની વિષે, તુજ કૃપાએ થયા જાણુરે. તુજ૦ ૬ હે પ્રભુજી તમને નમુંરે, નીશદીન ધરીને ધ્યાનરે; નીશ૦ ખરો આશ્રય છે હરિ તણો, નીજ સેવકનું રાખો માનરે. નીજ૦ ૭ જે સેવક છે તમ તણુારે, તેની પુરો છો મનની આશરે; તેની૦ માટે કરગરી વિનંતી કરૂં, સદા છીંજી ચરણુનો દાસરે. સદા૦ ૮

“કવીજન ગણુપતિ સરસ્વતિ અને ઇશ્વરની સ્તુતિ કર્યાં પછી વારતાનો આરંભ કરે છે.”

ઉત્તરદીશાએ માંડવગઢ કરીને એક શહેર છે. તે શહેરમાં રાજા જસોજામ નામે પોતાનું રાજ્ય ચલાવતો હતો. તે રાજાને સાત રાણીઓ હતી, તેમાં ૭ રાણીઓ માનીતી હતી, અને સાતમી રાણી દામાવંતી તે અણમાનીતી હતી. માટે ૭ ઉપર રાજાની અધીક પ્રીતિ હતી ને સાતમી ઉપર કાંઇજ પ્રીતી ન હતી. એક દીવસે, એવો યોગ બન્યો કે માંડવગઢથી એક કોશ દુર, નદીપર એક ગામ હતું તેમાં ઘણા ખરાં ગરીબ લોકોની વસ્તી હતી, તે ગામમાં એક ચંડાલણી (ઓળગાણી) રહેતી હતી. તે સાવરણી તથા સુથીર્યા વગેરે લઇને મ્હોટે પરોઢીએ ઉઠીને માંડવગઢમાં વેચવા આવી. તે રાજાના દરબાર આગળથી નીકળી તેવામાં જાસાજામ રાજા હાથમાં લોટો લઇ ઝાડે ફરવા વાડામાં (સંડાસમાં) જતો હતો. તેને ચાંડાલણીએ જોતાં મનમાં વિચાર કર્યો કે એ રાજાને સાત રાણીઓ છે તોપણ કોઇને પેટે સંતાન નથી તેથી એ વાંઝીયાનું મુખ જોઇશ તો મારા સાવરણી તથા સુંથુયા ખપશે નહિ ને વળી ઘરમાં પણ કજીઓ કંકાસ થશે ને આખો દહાડો ઉદાસીમાં જશે, માટે પોતાના હાથમાંની સાવરણી પોતાના મોં આડી ધરી કે જેણે કરી વાંઝીયા રાજાનું મુખ જોવામાં ન આવે. એવી રીતે જે ચરિત્ર કરયું તે સરવે રાજાએ જોયું ને તરત પોતાના મનમાં ચેતી ગયો, ને વીચાર કરવા લગ્યો કે નીચમાં નીચ જે ચાંડાલણી તેને પણ મારૂં મુખ જોયું નહીં તેનું શું કારણ હશે. એવું સમજીને અતીશે ક્રોધ કરીને ઓળગાણીની પોતાની પાસે બોલાવીને પુછે છે.

દોહા—સત્ય કહે ચંડાલણી, સામી માર્જની કેમ ધરી નારરે;
સામી૦ તે તો કહેને મુજને વારતા, નહીંતો દંડ દઉં નિરધારરે.
નહીંતો૦ ૧ સાચું ન બોલે તો જાણજે, તુને સુળી દઊં આ દીસરે;
તુને૦ મારૂં મુખ ન જોયું તેં માનની, માટે છેદાવું તારૂં

શીશરે. માટે૦ ૨

રાજા કહે છે હે ચાંડાલણી તેં પ્રાતઃકાળમાં મારૂ મોં જોઇને આડી સાવરણી કેમ ધરી અને પુંઠ ફેરવીને ઉભી રહી એવો શો દોષ મારામાં છે જે તેં નીચ જાતે પણ મારૂં મોં ન જોયું, માટે જે તારા મનમાં હોય તે કહે. જો તું સાચું નહી બોલે તો સહુ લોક દેખતાં તને શુળીએ ચઢાવીશ. એવી રીતનું બોલવું સાંભળીને ઓળગાણી કહે છે કે હે રાજા જ્યારે તમે ખરેખરી તાકીદ કરી ખરૂં કારણ પુછોછો તો હું કહીશ પણ આપ મારી ઉપર ઘણી રીસ કરશો માટે જો રીસ ન કરો ને ગુનો માફ કરો તો તમોને ખરેખરૂં કારણ કહું. રાજા કહે છે કે તું સાચું બોલીશ તો તારો ગુનો માફ કરીને છોડી દઇશ, ને વળી તારી બરદાસ કરીશ. એવી રીતે રાજાના નીરભય વચન સાંભળીને ઓળગાણી રાજાને કહે છે મહારાજ સાંભળો.

દુહો—મેલામાં મેલો જુઓ મીંઢોરે, કાંઇ તેથી મેલો લોભરે; કાંઇ૦ એથી મેલોરે રાજા વાંઝીઓ, તે તો મુવે ન પામે મોક્ષરે. તે તો૦ ૩

હે રાજાજી મેલામાં મેલાં આટલાં માણસ છે, એકતો જે હૈયા મેલો મીંઢો માણસ હોય તે અંધાર પાપ કરે, તે મુખે થોડું બોલે અને ગરીબ જેવો દેખાય, જાણે બગલો સરોવરને કાંઠે ધ્યાન ધરીને બેઠો, પણ લાગ આવેથી પાણીમાંના મચ્છને તરત ઉંચકી લે છે. તેમજ ગોડાબોલો કપટી માણસ હોય માટે તેવા પુરૂષનું સવારમાં મોં જોવું નહીં. અને બીજો જે અતિ લોભીયો માણસ હોય તે પણ લોભને વશ સદાય રહીને ઘણાં નીચ કર્મો કરે છે. માટે તેનું પણ સવારમાં મોં જોવું નહી. હે રાજા એ બે મેલા કરતાં પણ જેને કાંઇ જ સંતાન ( પુત્ર અથવા પુત્રી ) નથી એવો જે વાંઝીઓ

તે જો મોટો રાજા હોય તો પણ તેનું મોં જોવું વ્યાજબી નથી. દુર દેશાવર જતાં અથવા હરેક શુભ કામે જતાં તેના શુકન બીલકુલ લેવા નહી. માટે હે વિવેકી રાજા જે સાચે સાચો વિચાર હતો તે મેં આપને કહી દીધો. આપને સાત રાણી છે, તે છતાં કાંઇ સંતાન નથી માટે મેં આડી માર્જની (સાવરણી) ધરી તેની આપે ક્ષમા કરવી, અથવા ગમે તે દંડ દેવો તે આપની મરજી ઉપર આધાર છે. એવી રીતનાં ઓળગાણીનાં વચન સાંભળીને રાજાની બધી રીસ ઉતરી ગઇ અને ઓળગાણીને કહ્યું કે જા તારો ગુનો માફ છે. એવું કહીને પોતાના ચાકરને બોલાવીને કહ્યું કે આ ઓળગાણીને કમોદના ચોખા બે મણ આપો. તે સાંભળીને ચાકરે તરત ચોખાની ગાંસડી બાંધી આપી તે લઇને પોતાના મનમાં ખુબ ખુશી થતી પોતાને ગામ જવા નીકળી. તે રસ્તે ચાલતાં મનમાં વીચાર કરે છે કે આ બેમણ ચોખા મારે ઘણા દહાડા ચાલશે અને ત્યાંસુધી સાવરણી સુંથીયાં વેચવા જવાની મહેનત ઓછી કરવી પડશે, ને વળી મારો ધણી ખુશી થશે. એમ વિચાર કરતી પોતાના ઘેર આવી ને માથા ઉપરથી ચોખાની ગાંસડી હેઠી ઉતારી, તે જોઇ તેના ધણીયે પુછ્યું કે ગાંસડી તું કયાંથી લાવી ? સ્ત્રી કહે છે કે તેનું તમારે શું કામ છે. તે સાંભળીને તેનો ધણી કહે છે કે હે રાંડ તું મારી પાસે સાચું બોલ, નહી તો તને ઘરમાંથી કહાડી મુકીશ. ત્યારે ઓળગાણીએ કહ્યું રાજા જસાજામે આપી છે. તે સાંભળતાં તેનો ધણી કહે છે કે હે રાંડ એ રાજા તો વાંઝીઓ છે. તેથી એનું અન્ન આપણાથી ન ખવાય. અરે, જેનું સવારમાં મુખ ન જોવાય તેનું અન્ન તે કેમ ખવાય. ઓળગાણી કહે છે કે આખું શહેર એનું અન્ન ખાય છે, તો આપણને ખાતાં શી હરકત છે ? આપણે બધા લોક કરતાં મોટા કે રાજાનું અન્ન ન ખવાય ? તે સાંભળીને ઓળગાણો કહે છે કે જે શાસ્ત્ર નથી સમજતો તેજ રા-

જાનું હરામનું ખાય છે. પણ સમજુ તો હકહલાલથી રાજાની ચાકરી કરીને તેનો જે પગાર આવે તેજ ખાય છે. કશી વાતનો સંબંધ નહી છતાં રાજા મફત આપે છે તો તે સમજુ માણુસ લેતાં નથી. હે સ્ત્રી ! હું તને જે કહું છું તે તારા માનવામાં સાચું ન આવતું હોય તો પરીક્ષા જોવાને સારૂં આપણા ઘરમાં કોદરા છે તેને ભરડીને તેમાંથી કોદરી કાઢીને તેના ભેગા રાજાના ચોખા ભેળીને ચકલાંને નાંખ, તે જો ચકલાં કોદરીની સાથે ચોખા ખાઇ જાય તો પછી આપણે ખાઇશું. એ પ્રમાણે ઓળગાણાનાં વચન સાંભળીને, ઓળગાણીએ કોદરીના ભેગા ચોખા ભેળીને નાંખ્યા; ચકલાંએ તેમાંથી કોદરી કોદરી વીણી ખાધી અને ચોખા અનામત પડયા રહેવા દીધા. એ રીતનો પ્રત્યક્ષ દાખલો જોઇને ઓળગાણીએ ચોખાની ગાંસડી માથે લઇને પાછી રાજાના દરબારમાં આવીને કહ્યું કે મહારાજ આ તમારા ચોખા પાછા લ્યો કેમકે તમારૂં અન્ન પંખી સરખાંએ પણ ખાતાં નથી, તો પછી અમારાથી કેમ ખવાય ? એમ કહી ચોખાની ગાંસડી પાછી મુકીને પોતાને ઘેર ચાલી ગઇ એટલે પાછળથી રાજાના મનમાં અત્યંત ખેદ ઉત્પન્ન થયો. ને પોતાના મનમાં વીચાર કરવા લાગ્યો કે નીચમાં નીચ જે ચંડાળ તેણે પણ મારૂં અન્ન ખાધું નહી, એવું વાંઝીયામેણું છતાં હું રાજ્યસુખ ભોગવું છું તે કશા કામનું નથી. કેમકે ઓળગાણીએ આવી રીતે કહ્યું ત્યારે મારા શેહેરની રૈયત મારી પછવાડે મનમાં આવે તેમ નીંદા કરતી હશે. એમ ધારીને પોતાની છ માનીતી રાણીયો હતી તેને પાસે બોલાવીને કહ્યું કે મારે સાત રાણીઓ છતાં માથે વાંઝીયામેંણું રહ્યું ને તે મ્હેણાને લીધે કોઇ મારૂં મ્હોં જોતું નથી, અને શુકન પણ જોતું નથી, માટે હવે હું આ શહેરમાં એક ક્ષણવાર રહેનાર નથી. રાજપાટ સહુ છોડી દઇને અઘોર વનમાં જઈ મહાદેવનું ધ્યાન ધરીને ઉગ્ર તપ કરીશ; તેણે કરીને મહાદેવ પ્રસન્ન

થઇ મને પુત્ર ફળ આપશે, ને મનનો મનોરથ પુર્ણ કરશે તો પાછો આવીશ. ને જો તેમ ન થયું તો પછી આવરદા પુરી થતાં લગી વનમાંજ રહીશ. એવી રીતનાં રાજાનાં વચન સાંભળીને માનીતી છએ રાણીઓ રાજાની સામી હાથ જોડીને કહે છે કે મહારાજ ? આપ ઘેર બેઠાં ઇશ્વરની ભક્તી કરો એટલે તમારો મનોરથ પુર્ણ થશે. હે સ્વામીનાથ ? આપ અમારો ત્યાગ કરી સીધાવો છો તેથી અમો શી રીતે દીવસ ગુજારીશું ? આપના વગર અમને એક ક્ષણવાર સુખ ઉપજનાર નથી. માટે અમારો શુકન માન્ય કરી રહો તો બહુ સારૂ. એવું સાંભળીને રાજા કહે છે કે હે સ્રીયો ! તમે હજાર વાત કહેશો તો પણ હું તમારૂં કાંઇ માનનાર નથી. માટે હવે તો તપ કરવા જઇશ. એમ કહીને પોતાનો ફુલસંગ નામે પ્રધાન હતો, તેને રાજ રૂડી રીતે ચલાવવાની ભલામણ કરી કહ્યું કે હે પ્રધાન ! તું મારો જુનો અને સમજુ પ્રધાન છે તેથી આપણી રૈયતની ઉપર રહેમ નજર રાખીને નીતિથી રાજ ચલાવજે એમ કહીને પોતે કાળો પોશાક પહેરીને કાળા ઘોડા ઉપર બેશીને નગરના સરવે લોકોને જતી વખત શીખામણ દઇને કહે છે મારા નગરનાવાસી લોકો હું વાંઝીયા મ્હેણું ટાળવાને વનમાં જાઉં છું, પણ તમારી ઉપર દયા રાખવા વીષે મેં મારા પ્રધાન ને ભલામણ કરી છે. તે નીતીથી રાજ્ય ચલાવશે ને હું તપ કરવા જાઉં છું. મહાદેવ પ્રસન્ન થશે ને પુત્ર ફળ આપશે તો ફરી પાછો આવીશ નહીતર વનમાંજ રહીશ. માટે મારો કાંઇપણ અપરાધ હોય તો ક્ષમા કરજો. એવી રીતનાં રાજામાં પ્રીતિ ભરેલાં વચન સાંભળીને સરવે રઇયત રાણી, તથા દાસીયો, વગેરે રૂદન કરે છે.

**દુહા**—રાણીઓ રૂવેરે રંગ મહોલમાંરે, કાંઇ દાસી રૂવે દરબારરે; કાંઇ૦ રૈયત રૂવેરે સારા શહેરનારે, કાંઇ વરતાયો હાહાકારરે,

કાંઇ૦ ૪ હાટે રૂવેરે હાટ વાણીયારે, તેતો પાડી બેઠા હડતાલરે;
તેતો૦ પ્રાણી માત્ર રહેરે ઉદાસમારે. કાંઇ વૃક્ષે નમાવી છે ડાળરે,
કાંઇ૦ ૫ કાળે ઘોડે ને કાળે લુગડેરે, કાંઈ રાજા જાએ વનવાસરે,
કાંઇ૦ વાંઝીયા મેણું ભાગવારે, છોડી ચાલ્યા નગરની આશરે. છોડી. ૬

એ રીતે રાજાને વનવાસ જતી વખત રંગ મહેલમાં રાણીયો અપાર રૂદન કરે છે ને દાસીયો તથા સરવે ચાકરો દરબારમાં રૂવે છે. અને બજારમાં વેપારીયોએ રડીને દુકાને બંધ કરી હડતાલ પાડી; તે જોઇ નગરવાસી સરવે શોકાતુર થયા. એવી રીતને શોક પશુ પક્ષીયોના જાણ્યામાં આવ્યો એટલે તેઓ પણ પોત પોતાનો ખોરાક ખાવો મુકી દઇને ઝુરવા લાગ્યાં. તે જોઇ કુમળાં ઝાડ તથા ફુલનાં ઝાડ કરમાવા લાગ્યાં. અને મહોટાં ઝાડોનાં પાન ખરી પડયાં એવો બનાવ જોઇ રાજાએ વીચાર કર્યો કે મારી ઉપર સરવેનો પ્રેમ કેવો છે, તે પરીક્ષા કરવાનો આ ખરો સમય છે ને એવી રીતની પ્રીતિ સહીત જવું તે સારૂં છે. એવો વિચાર કરી વળાવા આવેલા સરવે લોકોને કહે છે કે મારા વહાલાઓ તમારો સરવેનો અપાર પ્રેમ મારી ઉપર છે પણ મારે મેણું ટાળવા ગયા વગર છુટકો નથી તેથી તમે સરવે પાછા વળો ને મને બહુ વીલંબ થાય છે માટે આજ્ઞા આપો. એવાં રાજાનાં વચન સાંભળીને પ્રજાએ આ-જ્ઞા આપી કહ્યું કે ઇશ્વર આપને સર્વ મનોરથ પુર્ણ કરો ને કુશળ કલ્યાણથી પાછા પધારી આપનું રાજ્ય કરો. એ અમારો સર્વેનો આશીરવાદ છે. રાજા કહે તથાસ્તુ ! એટલું કહીને પોતાનો ઘોડો જોરથી હાંકીને પંથે પડયો એટલે રઇયત સરવે પાછી વળી પોતાને ઘેર આવી, અને રાજા ઘણો દુર નીકળી ગયો એટલે એક મોટું બપૈયાનું વન આવ્યું. જેમ જેમ આગળ ચાલે છે તેમ તેમ નાનાં

પ્રકારનાં ફળોનાં ઝાડ આવે છે ને તે મધ્યે સુવાસીક પુષ્પોના ઝાડ ઝુકી રહ્યાં છે. એની શોભા જોઇ એક સુંદર વૃક્ષ નીચે આરામ લેવાને ઘોડા ઉપરથી હેઠળ ઉતર્યા ને એક સેતરંજી પાથરીને તે ઉપર સારી પેઠે આરામ લઇ ઉઠયા પછી આઘે પાછો ફરી જુવે છે, તો એક સુંદર દેવાલય જોયું એટલે તેની પાસે ગયો ને જુવે તો તે દેવળમાં એક મહાદેવનું લીંગ હતું. તેના ગોખમાં પાર્વતી અને ગણપતિનાં દર્શન થયાં તેથી રાજા બહુ પ્રસન્ન થયો અને પોતાના મનમાં નીશ્ચય કરયો કે જેતુ ધ્યાન ધરી તપ કરવાને ધારયું હતું તે આપોઆપ આ સ્થાનકે બીરાજે છે, વળી પુષ્પો બીલી વગેરે સર્વ છે, ઘોડાને ચરવાનું પણ પુષ્કળ ઘાસ પાણી છે. માટે આજ સ્થાનકે તપ કરવું એ બહુ ઉત્તમછે, એમ ધારી દેવળ પાસે એક સુંદર અને ગંભીર આંબાનું ઝાડ હતું. તેની નીચે આશન કરયું. પછી તેજ દીવસે નાઇ ધોઇને પુષ્પ બીલી લાવી મહાદેવજીની પુજા કરીને ફળ આહાર કરી એક ચીત્તે ધ્યાન ધરી બેઠો તે દીવસે દિવસે મહાદેવ ઉપર એકાગ્ર ચીત્ત રાખી ઉગ્ર તપ કરવા લાગ્યો. એમ કરતાં બાર વરસ પુરાં થવા આવ્યાં તોપણ મહાદેવજીએ એકે દીવસ કશી રીતનો પરચો દેખાડયો નહી ને દરશન પણ દીધાં નહી તોપણ રાજા પોતાનું ધ્યાન ચુકતો નથી, એવામાં એક દીવસને સમયે બે શીકારીયો શીકાર કરવાને અરણ્યમાં નીકળી પડયા છે. તે શીકાર કરીને શીકારની ઝોળીઓ ખભે ભરવી ચાલ્યા આવે છે તેઓએ વેગળેથી ઝાડ તળે રાજાને અને ઘોડાને બેઉને દીઠા એટલે વીચાર કરે છે કે આપણે પેલા ઝાડ તળે જઈ જે માણસ દેખાય છે તેને મારી નાંખી ને પાસે ઘોડો છે તે લઇ જઇએ, એમ ધારીને શિકારી રાજા તરફ ચાલ્યા આવે છે તેને રાજાએ દુરથી દીઠા એટલે પોતાના મનમાં વીચાર કરે છે કે પેલા બે જણા હથીયાર બંધ આવે છે તે લુંટારા

જેવા દેખાય છે. તેઓ આ લઇ જવાની લાલચે મને મારી નાખશે, પરંતુ હું મરવાથી જરાએ બીહીતો નથી, કેમકે હું પોતાનું રાજ-સુખ છોડી આ વનમાં તપ કરવા આવ્યો છું તે બાર વરસ થયાં તોપણ શીવજી પ્રસન્ન થયા નહી માટે જો એ લુટારા મને મારશે, તો તેને હાથે મરણ પામીશ એટલે મારે માથે વાંઝીયા મેણું છે તે દુઃખનો અંત આવશે. કેમકે જે માણસ પોતાના હરેક દુઃખને લી-ધે આપઘાત કરી જીવ કહાડે છે તો તેનો ઇશ્વર પાસે ન્યાય થતી વખતે પોતાને જવાબદાર થઇને તે પાપનું માઠું ફળ ભોગવવા નરકે પડવું પડે છે, ને એટલુંજ નહી પણ સાત અવતાર એવા આ પઘાત કરવાના ભોગવવા પડે છે. માટે દુખીયારા કોઇને પણ જે માણસ મારે છે તેનો ઇશ્વરને ત્યાં જવાબદાર તેને થવું પડે છે માટે હાલમાં મારી તપશ્ચર્યા પુરી થઇ છે ને મારૂ ચીત શીવની ભક્તીમાં લીન થએલું છે તેથી મહાદેવ મારી સદ્ગતી કરશે ને આ મોહ રૂપી સંસારમાંથી છુટીશ એવો નીશ્ચય કરયો એટલામાં પેલા શીકારી ઉતાવળા રાજાની પાસે આવી કરડી આંખ કરી ઉભા રહ્યા, તેમને જોઇ રાજા કહે છે, હે ભાઇઓ, તમે એકદમ ઉતાવળથી ચડીને મારી ઉપર આવ્યા ને હવે તમે શા વીચારમાં પડયા જે થંભીને ઉભા રહ્યા માટે તમોએ જે તમારા મનમાં મનોરથ ધારેલો હોય તે ઝટ પાર પડો. એટલે આ દુઃખ રૂપી દુનીયામાંથી છુટીશ ને વળી તમારો બહુ ઉપકાર માનીશ માટે હે સાહસીક, કામ કરનાર શીકારીઓ હવે તમે ઝટ કરો. એવાં રાજાનાં વચન સાંભળીને શી-કારીઓ આશ્ચર્ય પામી પોતાના મનમાં વીચાર કરે છે કે આ કોઇ મોટો પ્રતાપવંત ચતુર પુરૂષ છે, કે એક ગાઉ ઉપરથી જે મનમાં ધારણા કરી હતી તે એના જાણુવામાં આવી, માટે એવા જ્ઞાનીની ઉપર હાથ ઉચકવો તે ઠીક નહી એમ વીચારીને તે બેઉ શીકારીયો

રાજા સામા હાથ જોડીને કહે છે, કે હે મહારાજ આપ કોઇ મોટા દેવાંશી રાજા જેવા મહા તેજસ્વી દેખાઓ છો પણ શા કારણ માટે આ જંગલમાં આસનવાળી બેઠા છો. તેનું ખરૂં કારણ હોય તે અમોને કહો. કેમકે અમોએ આપની ઉપર ઘાતકી બુદ્ધિ કરી હતી તેની ક્ષમા માગીએ. એવું શીકારીઓનું બોલવું સાંભળીને રાજા કહે છે હે ભાઇયો, હું માંડવગઢનો રાજા સર્વે વાતે સુખી હતો, પણ મારે કાંઇ સંતાન નથી તેથી માથે વાંઝીયા મેણું છે. તે ટાળવાને આ વનમાં આવીને બાર વરસથી શીવજીનું ધ્યાન ધરી તપ કરૂં છું. એવાં વચન રાજાનાં સાંભળીને બેઉ શીકારીયો માંહોમાંહે કેહે છે કે આપણે બેઉ જણ આ રાજાના જેવાજ વાંઝીયા છીયે માટે આપણે પણ એની જોડે બેશીને મહાદેવની પુજા કરી તપ કરીશું તેથી પ્રસન્ન થઇ આપણને પણ પુત્રફલ આપશે. એમ નીશ્ચય કરી પોતાની ઝોળીયો ઝાડની ડાળીયે ભરાવીને રાજાની પાસે આસનવાળી બેઉ જણ બેઠા; ને શીવનું ધ્યાન ધરવા લાગ્યા એમ કરતાં બે ત્રણ દીવસ થયા એટલે શીકારીયોને બહુ ભુખ લાગી તેથી તેઓ આકુળ વ્યાકુળ થવા લાગ્યા અને પોતાના મન સાથે વિચાર કરી એક બીજાને કહેવા લાગ્યા કે આપણે ક્ષુધાએ કરી બહુ પીડા પામીયે છીએ ને આ વનમાં તો કાંઇ ખાવાનું મળનાર નથી માટે આપણી ઝોળીમાં જે શીકાર લાવ્યા છીએ તેને સમારી શીજવીને ખાઇએ એટલે આપણી ક્ષુધા શાંત થશે. એમ કહી તેઓએ ઝોળીમાંથી શીકાર કહાડ્યો અને મહાદેવની જળધારી ઉપર મુકી છરીએ કરી કાપવા માંડ્યો એટલે તેમાંથી રૂધીર નીકળીને શીવજીની જળાધારીની માંહે પડવા લાગ્યું તે છાંટાઓ ઉડ્યા તેથી શીવલીંગને પણ રૂધીર લાગ્યું. આવી રીતે શીકારીયોને ઘોર કર્મ કરતા જોઇને મહાદેવ અતીશય આકુળ વ્યાકુળ થયા એટલે વીચાર્યું કે આ દુષ્ટ મહા

પાપીઓ અવીચારી છે તેને સમજાવીને ઝટ વીદાય કરૂં તો ઠીક, નીકર એ મુર્ખાઓ અહીંથી જશે નહી ને મને ભ્રષ્ટ કરી મુકશે એમ ધારી તરત જોગીનું, રૂપ લઇને શીકારીયોની સામા આવી ઉભા રહીને કહ્યું કે અરે મુર્ખાં તમે આ મહાદેવને કેમ ભ્રષ્ટ કરો છો. ને તમે શા કારણુ માટે અહીં આવ્યા છો, તે કહો, ત્યારે શીકારીયો કહેછે કે અમારે બે જણુને કાંઇ સંતાન નથી તેથી વાંઝીયા મેણું છે. માટે આ મહાદેવ પાસે પુત્ર લેવા આવ્યા છીએ તે પ્રસન્ન થઇ પુત્ર આપશે એટલે તરત અમારે રસ્તે પડીશું ત્યાંસુધી જનાર નથી. એવું સાંભળીને જોગી ( શીવજી ) કહે છે, અરે અવિચારી દુષ્ટો તમે પાપી છો માટે તમોને પુત્ર મળનાર નથી. એવું સાંભળીને શીકારીયો કહે છે ગમે તેમ થાઓ પણ અમે પુત્ર લીધા વગર અત્રેથી ખસનાર નથી એવી રીતે સાંભળીને જોગીએ વિચાર કરયો કે આ પાપીઓને ગમે તેમ સમજાવી અહીંથી કાઢવા જોઇએ. પછી જોગીએ પોતાની માયાએ કરી દેવળ સામેના આંબા ઉપર પાકી કેરીઓ બનાવીને પેલા શીકારીયોને કહ્યું કે સામો આંબો દેખાય છે તે ઉપરથી બે કેરીઓ લાવો. તે કહેતાં તરત લાવ્યા એટલે જોગીએ કહ્યું કે એ ફળ લઇને તમે બેઉ તમારી સ્ત્રીયોને ખવરાવજો એવું સાંભળી પથે પડયા. એટલે જોગી ( શીવજી ) અંતરધ્યાન થઇ ગયા. તે ચમત્કાર જોઇને રાજા પોતાના મનને કહે છે કે હું બાર વરસથી એક ચિતે આ શીવજીનું ધ્યાન ધરી તપ કરૂં છું તે મને તો કોઇ દીવસ સ્વપ્ને પણુ દરશન દીધાં નહી, ને આ દુષ્ટ પાપીઓ મહાદેવને હેરાન કરી ભ્રષ્ટ કર્યા તેને ત્રણુ દીવસમાં ફળ આપી વિદાય કર્યા માટે હવે ક્યારે શીવજી પ્રસન્ન થઇ મને પુત્ર ફળ આપશે, તે કાંઈ સમજી શકાતું નથી, તેમ મારાથી બીજો કશો અવીચાર થાય નહી. શીકારીયો તો મુર્ખ હતા માટે અયોગ્ય રીતીયે શીવજીને કં–

ટાળો આપી વર લઇ ગયા, પણ હું જો કશી રીતે અયોગ્ય ચાલું તો બાર વરસનું મારૂં તપ ક્ષણમાં ભંગ થાય. તેમ ન કરતાં હવે તો શિવજીની મહાપુજા કરી ધુપદીપ ઇત્યાદિ કરીને હરહર મહાદેવ કહી મારા મસ્તકની કમળપુજા કરૂં તેથી મહાદેવને ગમશે તો પુત્ર ફળ આપશે નહીતો કઇલાશમાં વાસ આપશે. તે એકે ફળ લાભકારક છે. એમ ધારીને અરણ્યમાંથી નાના પ્રકારના સુવાસીત પુષ્પો તથા બીલી પુષ્કળ લાવીને શીવજીની જળધારી તથા શીવલીંગ જે શીકારીઓએ રૂધીરથી ખરડેલું હતું તેને ખુબ પાણી લાવીને સ્વચ્છ કરી ધોઇ નાંખીને વીધીપૂર્વક શીવની પૂજા કરી, બીલી ચડાવી ધુપદીપ આરતી કરી છેલ્લે પુષ્પાંજલી અર્પણ કરીને પછી પોતાની તરવાર જમણા હાથમાં લઇ શીવજીની પ્રાર્થના કરી કહે છે. હે શંભો ? મેં આપની પાસે આવી બાર વરસ પુજા કરીને તપ કરયું તોપણ મને આપના દર્શન થયા નહી માટે છેલ્લીવારની આ મારા મસ્તકની કમળ પુજા ઉદાર મનથી અર્પણ કરૂં છું, તે અંગીકાર કરી આપને ગમે તે ફળ આપજો. એમ કહી ઝટ ગળા ઉપર તરવારનો ઝટકો મારવા જાય છે, તેવા સાક્ષાત શીવજીએ અદ્દભૂત જોગીનું સ્વરૂપ ધરીને રાજાનો હાથ ઝાલ્યો, ને કહ્યું કે હે રાજા, તારી સેવા ભક્તિ જોઇ હું ઘણોજ પ્રસન્ન થયો છું. એટલે દંડવત પ્રણામ કરીને કહે છે કે, ભોળાનાથ આ મને આશ્ચર્ય લાગે છે કે દુષ્ટ શીકારીયોને તમે ત્રણ દીવસમાં પ્રસન્ન થઇ વર આપ્યો ને મેં બાર વરસ તપ કર્યું, ને જ્યારે અંતે કમલપુજા અર્પણ કરવા માંડી ત્યારે પ્રસન્ન થયા તેનુ કારણ શું ? તે કહો, ત્યારે શીવજી કહે છે એ દુષ્ટ શીકારીયો મને સંતાપી ફળ લઇ ગયા છે, તેથી તેમને પુત્ર તો થશે, પણ તે થઇને વેહેલા નાસ પામશે. જેમ છાણમાં અનેક કીડાઓ ઉપજે થાય છે, પણ

તેનો વહેલો નાશ થાય છે, માટે હે તપસ્વી રાજા, તને તારા તપ પ્રમાણે ફળ આપવું જોઇએ. એમ કહીને રાજાને કહે છે કે તારે કેટલી રાણીયો છે? રાજા કહે છે સાત રાણીયો છે. ત્યારે મહાદેવે કહ્યું કે આ દેવળની સામો જે આંબો છે. તેની ઉપરથી સાત કેરીયો તોડી લાવ. એવું કહેતાં રાજા ઉપર ચડયો ને સાત કેરીયો તોડીને હેઠો ઉતરી શીવજી પાસે આવીને કહે છે કે મહારાજ! આ ફળને શું કરૂં? શીવ કહે છે કે, એ લઇને તું તારે ઘેર જા ને સાતે રાણીયોને વહેંચી આપજે ને તેઓને કહેજે કે નાઇ ધોઇ પવીત્રપણે ને પવીત્ર મને ફળ ખાજો, તેથી ગર્ભ રહેશે ને પુત્ર થશે. એ રીતનાં મહાદેવનાં વચન સાંભળી રાજા બહુ પ્રસન્ન થયો ને બે હાથ જોડી ને સ્તુતી કરવા લાગ્યો.

દુહા—જગદેશ્વર મહાદેવ તમને વીનવુંરે, હુંતો લળી લળી લાગું પાયરે હુંતો૦ વાંઝીયા મેણુંરે મારૂં ભાગીયુંરે. મારી સદાય કરજો સહાયરે; મારી૦ વીધવા નગરી સધવા થઈરે, મારા ભાગ્યતણો નહીં પારરે, મારા૦ મહેર કરી મહાદેવજીરે, મુને આપ્યો નવો અવતારરે. મુને૦

હે જગદેશ્વર મહારાજ તમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહુંછું કે મેં સાચા ભાવથી જેવી તમારી ભક્તી કરી તેવા તમે મને પ્રસન્ન થઇને મારૂં વાંઝીયા મેણું ભાગ્યું. તેથી મારા નગરના લોકો જે મારા વીયોગથી વીધવાપણું ભોગવતા હતા તે હવે મને જોઇ સધવાપણું પામશે કેમકે જ્યારે હું નગર છોડી વનવાસ નીકળ્યો ત્યારે નગરવાસી લોકોએ બહુ દીલગીર થઇને મારી આશા છોડી હતી કે રાજા ફરીથી આપણને કયાંથી મળશે? પણ હે ભોળાશંભો! હે વરદાયક દેવ તમે બહુજ ઉદાર છો કેમકે જે જે મનુષ્ય અને દેવ તપ કરે છે તે સર્વને તમેજ વરદાન આપી સંતુષ્ટ કરો છો, તેમ મારી

ઉપર બહુજ કૃપા કરી માટે વારંવાર તમને નમસ્કાર કરૂંછું. હે દયાનીધી હવે મને આજ્ઞા આપો પ્રણામ કરૂં. શીવજી કહે સુખેથી જા અને રાજસુખ ભોગવ. એમ કહી મહાદેવ અંતરધ્યાન થયા. એટલે રાજા પોતાનો ઘોડો તૈયાર કરીને તે ઉપર અસ્વારી કરી લાંબી મજલે કરીને વેહેલા નગર સમીપ આવ્યા, એટલે લોકોએ મનમાં બહુ હરખ પામીને દોડતા આવી દરબારમાં ફુલસંગ વજીરને, અને રાણીયો, દાશીયો વગેરે સરવેને ખબર કહી, તે સાંભળી સરવેના મનમાં બહુજ આનંદ થયો. અને વજીરે સરવે સેનાને નવા પોશાક પેહેરાવી હાથી, ઘોડા, રથ, પાલખી નગારાં નીશાન વગેરે તૈયાર કરી અને ગાજતે વાજતે સામૈયું લઇ રાજાને તેડવા ગયા, ત્યાં જઇ રાજાને જરીનાં વસ્ત્રો તથા હીરા જડીત અલંકાર પહેરાવીને, સણગારેલા ઘોડા ઉપર અસ્વાર થઇ ગામના વેપારીયો સહીત સાજન માજન સાથે ગાજતે વાજતે પુરમાં પધારયા, તે સમયે નગરના લોકોએ સોના રૂપાનાં ફુલથી વધાવ્યા. અને સ્ત્રીયોયે મેડી ઉપરથી પુષ્પ વૃષ્ટી કરી જ્યારે દરબારમાં પધારયા, ત્યારે પ્રધાને પુછ્યું કે જોશી માહારાજ આજનો દીવસ કેવો ચોખ્ખો છે તે ટીપણામાં જોઇને કહો, ત્યારે જોશીએ પાઘડીમાંથી ટીપણું કહાડીને કહ્યું કે, મકર, કુંભ, મીન, મેષ, વરખ, મીથુન, ને કરક એટલે આજે કરકનો ચંદ્રમા છે તે રાજાને સાતમો ત્રાંબાને પાએ ઘણો લાભકારક છે. વળી અમરત શિદ્ધયોગ છે તે અતિ ઉત્તમ છે માટે જે શુભ કામ કરવું હોય તે સુખે કરો, એવાં જોશીનાં વચર સાંભળી પ્રધાને રાજગોરને બોલાવી શાસ્ત્ર વિધી પ્રમાણે રાજ્યાભિષેક કરી ફરીને ગાદી ઉપર બેસાડયો, તે દિવસે સરવેને પાનનાં બીડાં ગુલાબનાં પુષ્પના તોરા અને ગુલાબનું અત્તર વગેરેથી માન આપી સહુના સાકરથી ગળ્યાં મોહો કરાવ્યાં અને જાચકોને દાન આપી પ્રસન્ન કર્યા. એ રીતે ધામધુમ કર્યા પછી સર્વે

સભાસદોને ઘેર જવાની આજ્ઞા આપી ને રાજા કચેરી બરખાસ્ત કરી પોતાના ખાનગી ઓરડામાં ગયા. એટલે એક દાસી સંદેશો લઇને આવી અને રાજાને કહે છે કે મહારાજ આપની માનીતી રાણીયો આપને મળવાને ઘણી આતુર થઇ રાહ જોઇ રહ્યાં છે તેમને કૃપા કરી દરસન આપવા વેહેલા પધારો, એવું સાંભળી રાજા તે દાસીની સાથે રાણીયો પાસે પધાર્યા. એટલે સરવેએ ઉભા થઇ તેમને નમન કર્યું અને મખમલની ગાદી ઉપર બેસારી ઘણા દીવસનું વૃત્તાંત પુછવા લાગ્યો. તે સાંભળી રાજાએ પોતાની વીતક વાત કરીને મહાદેવનાં આપેલાં સાત ફળ રાણીયોને આપ્યાં, ને કહ્યું કે સાતે રાણીઓ વેંચી લ્યો. ને નાઈ ધોઇ પવિત્રપણે ખાજો તેથી તમને પુત્ર થશે. એ પ્રમાણે કહી રાજા પોતાના ઓરડામાં પધાર્યા એટલે છએ રાણી-ઓએ એક વિચાર કરી ઠરાવ કર્યો કે આ સાત ઉત્તમ કેરીયો છે તે દરેકને ભાગ એક એક આવશે, ને સાતમી જે અણમાનીતિના નામની છે તે તેને આપીશું તો એને પણ પુત્ર થાય તો પછી આપણું માન ઓછું થાય માટે એના છ કડકા બરાબર કરીને આપણેજ વહેંચી ખાઇએ પછી આપણને કોણ પૂછનાર છે. એમ કહી તેજ વખતે નાહ્યા ધોયા વગર સાતે ફળ છ જણીયો ખાઇ ગઇ અને તેનાં છો-તરાં ગોટલા બારીએથી રસ્તામાં ફેંકી દીધાં ને તે પછી ભોજન તૈયાર થયું એટલે ભાતભાતની રસોઇની સામગ્રી એક રૂપાના થા-ળમાં પીરશી રાજાને બોલાવી પ્રેમ સહિત જમાડીને હાથ ધોયા પછી પાનનાં બીડાં આપ્યાં તે ખાઇ રાજા પોતાના પલંગપર આરામ લેવા પધાર્યા તે પછી માનીતીઓ જમી. એ રીતે તેઓ સુખમાં લીન થયાં છે. પણ અણમાનીતી ( દામાવંતી ) ની કોઇએ ખબર લીધી નહીં. ત્યારે કહેવત છે કે જેનો બીજો કોઇ બેલી નહીં તેનો પરમ દયાળુ ઇશ્વર બેલી છે. તે પોતે બાંનાની પત રાખે છે. માટે દામા-

વંતીની ઉપર પોતાના પતીનો પ્રેમ નહોતો પણ તેને ઇશ્વરરૂપ ગણતી ને જે દીવસથી રાજા વનવાસ ગયા તે દીવસથી દામાવંતી પોતાના મહેલમાં રહી શીવજીની ભક્તિ કરી પોતાના પતિનું કલ્યાણ માગતી હતી. ને નીશદીન કહેતી કે હે ભોળાનાથ તમો પ્રસન્ન થઇ મારા સ્વામીને વર આપશો તો મને પણ તમારા પ્રતાપથી સુખ મળશે, એવો મારો દ્રઢ નિશ્ચય છે. એવી પરમ પવિત્ર દામાવંતી ઘણીવારથી પતીની તરફથી કાંઇ ફળ મળશે એવી આશા રાખી રાહ જોયા કરતી હતી. તેને કાંઇ ન મળતાં પોતાની દાસીને બોલાવીને કહે છે કે હે દાસી રાજાજી વનમાં જઇ બાર વરસ તપ કરીને શીવ પાસેથી પુત્ર થવા માટે કાંઇ ફળ લાવ્યા હશે તે પોતાની માનીતી રાણીયોને આપયાં હશે મારે સારૂં કાંઈ મોકલ્યું નથી તો તેમની મરજી પણ તું માનીતીયોની બારી નીચે એઇને જો કે ત્યાં કાંઇ ફળ ખાઇ છોતરાં ગોટલાં જે કાંઇ નાંખી દીધું હોય તે તરત લઇ આવ. એ રીતે રાણીનાં વચન સાંભળીને દાસી તરત ગઇ ને માનીતીની બારી નીચે જઇ જોયું તો પાકી કેરીના સાત ગોટલા અને છોતરાં પડેલાં જોઇને વિચાર કર્યો કે આ ઋતુ કાંઈ કેરીની નથી કેમકે આંબાનાં પાંદડાં સુદ્ધાં સુકાઇ ગયાં છે, તો નીશ્ચય રાજાજી આજ નવાઇનાં ફળ લાવ્યા હશે તે માનીતીયોએ ખાઇને છોતરાં ગોટલા કાખી દીધાં હશે. એમ વિચારી તરત તે બધાયે વીણી લઇને પોતાની બાઇ દામાવતી પાસે લાવીને કહ્યું કે બાપ સાહેબ મહેલ નીચે તો ફકત આ છોતરાં ને ગોટલા પડેલાં હતાં ને તે તાજાંજ છે માટે એજ નવાઇની ચીજની નીશાની છે, તે લ્યો. એમ કહી રાણીના મોંહો આગળ ઢગલી કરી. તે જોઇ દામાવંતી કહે છે કે, હે દાસી બાર વરસે સ્વામીજી ફળ લઇ આવ્યા તેમાંથી એક કટકો પણ મને આપયો હોદ્ તો હું બહુ પ્રસન્ન થાત, પણ હું એમની રાણી કહેવાઇ તે મીથ્યા નથી થવાની,

માટે મારે મનતો છોતરાં ને ગોટલા છે તે પણ ભાવથી માની લઉ છું. માટે તું એની ઉપરનો કચરો લુગડેથી લુછી નાંખ્ય ને પછી તેને કચરીને ભુકો કરી મને આપ કે હું તેની રાબ રાંધીને પીઊં. એવું કહેતાં દાસીએ તરત તૈયાર કરી આપ્યું તે લઇને રાણીએ તેની રાબ રાંધી તૈયાર કરીને પીવાને વાટકામાં કહાડી એટલામાં પોતાના મનમાં એક બીજો વિચાર સુજ્યો તેથી વળી દાસીને કહ્યું કે હે દાસી તું ફુલસંગ વજીરને હમણાં ઝટ તેડી લાવ્ય એવું કહેતાં દાસી વજીરને તેડી લાવી તેને માન આપી ગાદી નાંખીને બેસાર્યો. અને રાણી કહે છે કે હે બુદ્ધિમાન પ્રધાન તમે સર્વ સદગુણના ભરેલા છો તેથી તમને એક વિચાર પુછવો છે. તે એ કે રાજાજી બારે વરસે તપ કરી વર પામી ફળ લઇ આવ્યા હશે તે તો બધાં માનીતીને આપ્યાં કેમકે મારા સુદ્ધાં સાત રાણીયો છે ને ફળના ગોટલા છોતરાં પણ સાત સાત છે. તે સરવે ખાઇ બારી નીચે ફેંકી દીધેલાં તે મે દાસી પાસે મંગાવીને શિવની પ્રસાદી જાણી મેં તેને વાટીને રાબ કરી પીવાનો વીચાર કર્યો પણ એક અંદેશો આવ્યો કે રાજાજી તો મારે મહોલે કોઇ દીવસ આવતા નથી ને આ રાબ પીવાથી મને ગર્ભ રહે તો રાજા મારી ઉપર બહુ કોપાયમાન થઇ કલંક મુકે, તે સારૂં તમો ઠરેલા વીચારના પ્રધાન છો તેથી જેમ કહો તેમ કરૂં. પણ જે દહાડે કામ પડે તે દહાડે પરમેશ્વર પ્રીતથી ખરી સાક્ષી પુરવી પડશે. એવુ સાંભળીને પ્રધાન કહે છે કે તમારી ઇચ્છા છે તો સુખેથી રાબ પાવો. કામ પડેથી વીગત સહીત આપીશ, એટલે દામાવંતી સુર્ય ચંદ્રની સ્તુતી કરી કહે છે.

**દુહ,**—ચંદ્ર સુરજ તમને વિનવુંરે, મારી સાચેરી પુરજો સાખરે, મારી૦ અણુરે માનીતી જોને હું ઠરી, લજ્યા ભલેરી રાખરે. મારી૦ રાજા મહેલે નથી આવતારે, મને

કુડી ચડાવે આળરે; મને૦ પીતા વીના જેને પુત્ર થયો, એવી આવશે મુજપર આળરે. એવી૦ જગદેશ્વર મહાદેવ તમને વીનવું રે, મારી ભલેરી રાખજો લાજરે; મારી૦ પુત્ર પ્રસાદીનો આપસો તો મારાં સરવે સરસે કાજરે, મારાં૦ ફુલસંગ વજીર તમને વીનવું રે, મારી સાચેરી પુરજો સાખરે; મારી૦ અણુરે માનીતી છુ ઠરીરે, મારી લજ્યા ભલેરી રાખરે. મારી૦

હે જગતમાં પ્રકાશ આપનાર ચંદ્ર અને સુર્યદેવ તમને બે હાથ જોડીને નમસ્કાર કરીને વીનતી કરૂછું કે તમારી સાક્ષીએ હું રાખ પીઉંછું તેથી કામ પડે ત્યારે માથેથી કલંક ઉતરે એવી સાચી સાખ પુરજો એવી પ્રાર્થના કરીને ફુલસંગ વજીરને કહે છે કે ઇશ્વર ઇચ્છાથી મને પુત્ર થાય તો તેને લાયક બેસવા ઘોડો જોઇએ માટે આ રાખમાંથી થોડીક મારી ઘોડીને સારૂ રાખીને તમારા દેખતાં હું પીઉ ને પછી ઘોડીને પાઉં. એમ કહી પ્રધાનના દેખતાં પોતે પીધી ને ઘોડીને પણ પાઇ પછી પ્રધાનને કહ્યું કે તમને શ્રમ આપ્યો તે ક્ષમા કરવી ને હવે આપને જવાની આજ્ઞા આપું છું એમ કહી પ્રધાનને વીદાય કરયો. હવે ઇશ્વરની ગતી તો ન્યારીજ છે. તેથી તેની માયામાં બ્રહ્માદીક સરખા ભુલા પડ્યા તો આપણે કીંકર કોણ ગણુતીમાં માટે દેહ ધરી મનુષ સારૂં અથવા માઠું જે કૃળ કરે છે તેવું તે પામે છે. હવે છ માનીતીયે તાજી કેરીયો ખાધી ને દામાવંતીના ભાગની પણ ખાઇ ગઇ અને દામાવંતીએ તો છોતરાં ગોટલાની રાખ પીધી તથા ઘોડીને પાઇ તેથી બધાને સાથે ગરભ રહયો, જ્યાં નવ માસ પુરા થયા એટલે સાતે રાણીને સાત પુત્ર જન્મ્યા અને ઘોડીને સાડાબાર મહીને એક ઘણો સુંદર ને બળવાન વછેરો જનમ્યો. પણ રાજાની પાસે વધામણી તો છ માનીતી રાણીયોનીજ પહોંચી એટલે રાજા બહુ પ્રસન્ન થયા. વધામણી

લાવનાર દાસીને તથા સરવે યાચકોને અને સેવકોને જેને જેવું ઘટે તેવું ઇનામ આપી બધાઓને સાકર આપી આનંદ પામ્યા. પણ માનીતી સરવે મળી ઇશ્વરથી ચોરી રાખી તેથી તે બહુ કોપાયમાન થયા તેણે કરીને છ રાણીના પુત્ર ઘણા કદરૂપા અને ખોડ ભરેલા અવતરયા. ને અણુમાનીતીનો તો ખરો ભરોંસો ઇશ્વર ઉપર હતો તેથી તેને દેવાંશી અને મહારૂપવાન કુંવર જનમ્યો પણ તે વાતની રાજાને મુદલ ખબર નથી. હવે દામાવંતીએ પોતાની દાસીને કહ્યું કે તું આપણા જોશીને તેડી લાવ્ય એટલે કુંવરના જન્માક્ષર કરાવીયે. એવું કહેતાં દાસી તરત જોશીને તેડી લાવવા તઇઆર થઇ. એટલે રાણી કહે છે દાશી સાંભળ.

દુહો—દાસીરે મારી તુંને વીનવુંરે. તુંતો ઝટપટ તૈયાર થાયરે; તુતો૦ જનમોત્રી કરાવીને પૂછીયેરે. તુંતો જોશીને તેડવા જાયરે. તું૦

હે દાસી તું ઝટપટ તૈયાર થઇને જોશીને બોલાવી લાવ્ય કે આપણા કુંવરની જનમોત્રી કરાવી ને નામ રાશી પુછીયે, એવું સાંભળી દાસી ઉઠી જોશીને ઘેર જઇ કહે છે.

દોહા—કુળના જોશી તમને વીનવુંરે, હું તો નમી નમી કરૂં જવારરે; હુંતો૦ મારી બાઇએ મુને મોકલીરે, તમે ઉઠી ચાલો આ વારરે; તમે૦

હે કુળના જોશી મહારાજ મારી બાઇ તમને બોલાવે છે, માટે વેહેલા ચાલો. તે સાંભળતાં જોશી ટીપણું તથા બીજું જોઇતું પુસ્તક લઇ દાસીની સાથે તરત દામાવંતીને મેહેલે પધારયા, એટલે બાજઠ ઉપર બેસારીને પુછે છે.

દોહા—કુળના જોશીરે તમને વીનવુંરે, હું તમથી નાનેરી લાગુ બેનરે; હુંતો૦ જનમોત્રી કરજો જોઇને, કુંવર જનમ્યો છે માઝમ રેનરે; કુંવર૦ કીયા નક્ષત્રમાં કુંવર આવીયોરે, તમે પાકેરૂં કરજો

કામરે; તમે૦ ધરણી ધ્રુજેર તેના તેજથારે, એવું ધરાવો કુંવરનું નામરે; એવું૦

હે જોશી મહારાજ તમે જીવ રાખીને પુસ્તકમાં જુવો કે આજ રાત્રીએ કુંવરનો જન્મ થયો છે. તે સમયે રાત્રીના અગીયાર કલાક બરોબર થએલા હતા. માટે તે સમયે કીયું નક્ષત્ર હતું ને તે નક્ષત્ર ઉપરથી કઇ રાશી આવે છે. તથા રાશી ઉપરથી શું નામ પાડવું. વળી એના ગ્રહ કેવા છે, ને એ કેવો પરાક્રમી થશે. એ વગેરે જન્મ પત્રીકા જે જે જોવાનું હોય તે તમારા ટીપણામા અને પુસ્તકમાં જોઇને મને કહો. એવી રીતે રાણીનાં વચન સાંભળી જોશીએ ગણીત કરી જન્મપત્રીકા તૈયાર કરીને રાણીને કહે છે હે રાણીજી સાંભળો.

**દુહા**—શુભ નક્ષત્રમાં કુંવર જનમીયોરે, એતો રાખે પીતા કેરા હામરે, એતો૦ ધરણી ધ્રુજે એના તેજથીરે, એનું મતીયોમારૂ પાડો નામરે. એનું૦ આપ મતે સઉને જીતશેરે, એ તો ભરશે મોટી મોટી હામરે; એતો૦ જગેશ્વર મહાદેવ એની સહાયમાંરે, એનું ગજરામારૂ પાડો નામરે. એનું૦

હે રાણીજી તમારો કુંવર શુભ નક્ષત્રમાં જનમ્યો છે ને એના ગ્રહ એવા બલવાન છે કે એ દીર્ઘ આયુષ્યવાળો, મહા તેજસ્વી, કાંતીમાન, પૂર્ણ પરાક્રમી, અને અત્યંત દયાળુ તથા ઘણોજ બળવાન થશે. પણ તે પોતાનીજ મતી પ્રમાણે ચાલશે પિતાના કરતાં ઘણું આબરૂદાર નામ કહાડી એવો હીમ્મતવાન થશે કે ગમે તેવું ભારે કામ કરવામાં બાથ ભીડાવશે. વળી પોતાની રૈયત તથા બીજા સરવે લોક પણ એના ગુણ ઉપર મોહીત થઇ બહુ પ્રીતી રાખશે. એ બધું એ ખરૂં પણ બાર વરસની ઉમ્મર થશે એટલે એના પીતાના વચનથી એને વનવાસ જવું પડશે. તે વન જઇ પાછો કુશળ કલ્યાણથી

ઘેર આવશે. તે પછી પોતાના બાપની ગાદીએ બેશી રાજસુખ ભોગવશે ને તે જગેશ્વર મહાદેવનો આપેલો છે. માટે અહોનીશ તમારા કુંવરની રક્ષા કરશે અને એના જન્મના નક્ષત્ર ઉપરથી તો એનું નામ ગજરામારૂ આવે છે. માટે એજ નામ અતી ઉત્તમ છે, તેજ રાખજો અને ઉપર મેં મતીયોમારૂ નામ કહ્યું તે તો એ ઉપરથી કે એ પોતાની મતી પ્રમાણે યોગ્ય રીતીયે ચાલશે માટે તે ઉપનામ સમજવું, ખરૂં નામ તો ગજરામારૂ છે, તે માટે તેજ પાડજો. એ પ્રમાણે તમારા કુંવરના જન્માક્ષરનું વૃત્તાંત છે તે બધું તમને કહ્યું તે સાંભળી દામાવંતી પોતાની દાસીને બોલાવીને કહે છે.

દુહો—ઝટપટ ઉઠો મારી દાસીયોરે, તમે પેરો દક્ષણી ચીરરે; તમે૦ થાળ ભરી સગ મોતીયેરે, તમે વધાવો જોશી વીરરે તમે૦

રાણીનાં વચન સાંભળીને દાસીઓએ જોશાને મોતીએ વધાવ્યા. તે પછી બીજો હુકમ કર્યો કે હે દાસી, જોશી મહારાજને એક થાળ ભરીને મોતી તથા શાલ પાઘડી વગેરે સર્વાંગનો પોશાક, તથા એક હજાર સોના મોહોર, વગેરે આપી રાજી કરીને વીદાય કર. એવો દામાવંતીનો હુકમ સાંભળી દાસીએ કહ્યા પ્રમાણે જોશીને રાજી કર્યા એટલે આશીર્વાદ દઇ જોશી ખુબ ખુશી થઇ નવાં વસ્ત્ર પહેરી રસ્તે જતા હતા તેમને જોઇ ગામના લોક પુછે છે કે જોશી મહારાજ, આ નવો પોશાક કોણે પહેરાવ્યો ? ત્યારે ઉત્તર આપ્યો કે અણુમાનીતી રાણી દામાવતીને પુત્ર જનમ્યો, તેના જન્માક્ષર કરવા તેમાં મળ્યો. તે સાંભળતાં લોકોમાં બધે ખબર ફેલાઇ એટલે ઘણા યાચકો દાન લેવા ગયા, તેમને યોગ્યતા પ્રમાણે દાન આપી પ્રસન્ન કરયા એ પ્રમાણે બીના બની પણ ને વાતની રાજાને તો કાંઇ ખબર નથી, પણ ઇશ્વરની અકળગતી છે. માટે કુંવર દીવસે ન વધે તેવો રાત્રીયે વધે, એમ કરતાં પાંચ વરસનો થયો એટલે એક પંડીતને બોલાવી

પોતાના મહેલમાં વીદ્યાભ્યાસ કરવા માંડયો. તે બે વરસમાં સર્વ વીદ્યા તથા રાજનીતી શીખી હુંશીયાર થયો, ને શરીરની કાન્તી પણ દેવરૂપ સરખી થઇ એટલે ગુરૂને બધો પોશાક તથા બે હજાર સોના મહોર આપી રાજી કરયા. તે પછી* એક દીવસે એવો યોગ બન્યો કે રાજા જશોજામ પોતે કચેરી ભરી ખુશીમાં બેઠા હતા એટલે ફુલસંગ પ્રધાનને કહેવા લાગ્યો કે હે પ્રધાન ! આજે મારા મનમાં એવો ઉમંગ આવ્યો છે કે મારી ૭ માનીતી રાણીના કુંવર મેં બરાબર નીરખ્યા નથી. માટે તમે પોતે રાણીયો પાસે જઇને કહો કે કુંવરને ઘણા ભારે વસ્ત્રાલંકાર પહેરાવી તૈયાર કરીને મારી સાથે રાજ્યસભામાં મોકલો. એવી રીતનો રાજાએ હુકમ કરયો એટલે ફુલસંગ પ્રધાન તરત રાણીયો પાસે આવ્યા અને રાજાનો હુકમ કહી સંભળાવ્યો એટલે રાણીયો પોતાના મનમાં બહુ પસ્તાવા લાગી, કે સરવ કુંવર કદરૂપા છે તે જોઇને રાજા બહુ ખેદ પામી ક્રોપાયમાન થશે, પણ શું કરે તે હુકમ માન્યા વગર છુટકો નહી. માટે રૂડા વસ્ત્રાલંકાર પહેરાવ્યા તો ખરા, પણ મનુષ્યમાં ઈશ્વરની કુદરતે જેવું રૂપ મુકયું હોય તે પ્રમાણે શરીરની શોભા દેખાય છે. હવે છએ પુત્રોને તૈયાર કરી ફુલસંગ પ્રધાન લઇ રાજસભામાં આવ્યો. ને રાજાને સલામ કરી કહ્યું કે મહારાજ, આપના કુંવરને બેસવા સારૂં ગાદી તૈયાર કરેલી હતી તેની ઉપર હારબંધ બેસારયા, એટલે રાજા, પ્રધાન, ને આખી સભાનાં લોક નીરખીને મનમાં ખેદ પામ્યા. અને સભાના લોકો માંહોમાંહી વાત કરવા લાગ્યા કે અરે ભાઇયો આ શો ગજબ; રાજકુંવર બધાય પશુ કરતાં વધારે કદરૂપા છે એમ ગડબડાટ સાંભળી રાજાએ જોયું તો એકનું નાક સીધું, તો બીજાનો કાન બુચો, ત્રીજાનું મ્હોં વાંકું, તો ચોથાની આંખો માંજરી, પાંચમો પગે લુલો, છઠ્ઠાની જીભ તોતળી, અને આંખે માંજરો. બોલે એટલે જીભે તતતતત એ પ્રમાણે સર્વને છેક કદરૂપા જોઇ રાજા દીગમુઢ સરખો બની ગયો. તે જોઇ ફુલસંગ

પ્રધાન પોતાના મનમાં સર્વ સમજી ગયો, ને વીચારવા લાગ્યો જે આ સમયે અણુમાનીતી રાણી દામાવંતીનો કુંવર ગજરામારૂ જો આ સભામાં બીરાજેલો હોય તો તેના જેવું તેજ દેખી રાજા અને સરવે સભાજનોનો આનંદ ઉભરાયા વગર રહે નહી, પણ શું કરૂં કે એ પુત્રના જનમવાની રાજાને બીલકુલ ખબર નથી, ને જો હું તેડી લાવું તો રાજા મારી ઉપર પણ કોપાયમાન થાય કે પીતા વિના પુત્ર કેમ નીપજ્યો, એમ કહી તેની ખરી તપાસ કરશે તે સમયે મારે સાક્ષી પુરવી પડશે એમ બનશે તો તેની ચીંતા નહી કેમકે અંત્યે ખબર થયા વગર તો રહેનાર નથી. માટે હવેતો વહેલું જાણુ થાય તેજ સારૂં. ઇશ્વર પાસે સાચો ન્યાય છે. માટે સત્ય હશે તેજ તરશે; એમ વીચાર કરી સભામાંથી ઉઠીને તરત દામાવંતીને મહેલે આવ્યો તેને જોઇને રાણીએ આસન આપી ઘણું માન દઇ બેસારીને તેને પાન સોપારીનું બીડું આપી પુછ્યું, કે આપના મ્હોંના ચહેરા ઉપરથી તો એવું જણાય છે કે બહુજ તાકીદના કામ સારૂ આવ્યા હો, માટે જે હોય તે કૃપા કરી કહો કે ખબર પડે એવા શબ્દ સાંભળીને પ્રધાન વિચાર કરે છે કે, રાણી ચતુર તો ખરી જે મારા મનની વાત પારખી, પણ કહ્યા વગર છુટકો નથી. એવો નિશ્ચય કરી દામાવંતીને કહે છે કે હું કાંઇ આપની પાસે માગું તો મને ખુશી થઇ આપવા વીષે વચન આપો તો કહું. ત્યારે દામાવંતી કહે છે કે રાજાની તમારી ઉપર ઘણી કૃપા છે તેવું છતાં તમારે શું ખામી છે, જે તે મારી પાસે માગો છો તે કહો. પ્રધાન કહે જે વચન આપો તો બોલું. ત્યારે રાણીએ કહ્યું કે તમને હું પોતાના પીતા તુલ્ય ગણું છું માટે મારાથી બને તેવું હશે તો આપીશ એમ કહી વચન આપ્યું. એટલે પ્રધાન કહે છે કે આપના કુંવર ગજરામારૂજીને ઉત્તમ પોશાક તથા આભુષણ પહેરાવી મારી સાથે રાજ્યસભામાં મોકલો તે સાંભળી રાણી કહે છે કે રાજાની ૭ માનીતીના ૭ પુત્ર છે તેવું છતાં

મુજ અણુમાનીતીના કુંવરનું રાજસભામાં શું કામ છે. વળી રાજાની મારી ઉપર કૃપા નથી અને રાણીયો પણ બહુ ઝેરીલી છે, માટે મારા કુંવરને કોઇ કટું વચન કહે તેથી તે દીલગીર થાય માટે એ વાતની ક્ષમા કરો તો બહુ સારૂં. વજીર કહે કે મારા ઘટમાં પ્રાણ છે ત્યાંસુધી તમારા કુંવરનો વાંકો વાળ થવા દેનાર નથી. વળી આ પ્રસંગે રાજાએ માનીતી ના છએ કુંવરને રાજસભામાં બોલાવીને બેસારયા છે. તેમનાં કદરૂપ સ્વરૂપ જોઇને રાજા તથા સભાના લોકો ખેદ પામીને ઝાંખા થઇ ગયા છે. તે તમારા કુંવરની કાન્તી જોઇ સરવે ખુશી થશે. અને તમારૂં સત્ય જાહેર થશે. તેથી ઇશ્વર સઉ સારાં વાનાં કરશે એ રીતે પ્રધાનનું પ્રૌઢ વીચારનું બોલવું સાંભળીને દામાવંતીએ ગજરામારૂજીને સુંદર પોશાક પહેરાવીને આજ્ઞા આપી એટલે ગજરામારૂજી પોશાક પહેરે છે.

દુહો—કસુંબી મંડીલ માથે બાંધીયુંરે. કાંઇ શીર પેચનો ઝગકાટરે; કાંઇ૦ કલગી તોરારે માંહી શોભતારે, જેમાં મોતી મણીનો ચળકાટરે. જેમાં૦ જરકશી જામો પહેરીયોરે, માંહી ઝાઝેરો ઝળકે તારરે; માંહી૦ હીરા જડીત કંઠે હારડોરે, તેની શોભાનો નહી પારરે. તેની૦ સેલે કશીરે કમર બાંધી છેરે, કાંઇ કીનખાબા સુરવાળરે; કાંઇ૦ કનક કમર પટો કેડમારે, તેમાં ઝોલાં ખાએ તરવારરે. તેમાં૦ કેડમાં કટારી છે વાંકડીરે, કાંઈ દીસે છે નાનેરૂ બાળરે; કાંઇ૦ હાથમાં ઝાલીરે ભમર ભાલડીરે, કાંઇ ખાંધે ઢળકતી છે ઢાલરે. કાંઇ૦ અત્તર ખુશબોઇ નાખી શીરમાંરે, કાંઇ ઓળી મુકયા છુટા કેશરે; કાંઇ૦ ધીરે ધીરે મારૂ ડગલાં ભરે, બહુ શોભે છે બાળેવેશરે. બહુ૦ કામ કુંવર બન્યા મારૂજીરે, જાણે તેજ તણો અંબારરે; જાણે૦ ફુલસંગ વજીરે ઝાલી આંગળીરે, કાંઇ મારૂજી ચાલ્યા દરબારરે. કાંઇ૦

એ રીતે મારૂજીએ પોતાનાં સુંદર આભુષણ પહેરીને વળી ઢાલ તરવાર કટાર વગેરે હથીઆર બાંધીને, શીરના કેશ છુટા મુકી, તેમાં મોગરાના પુષ્પનું તેલ ધાલીને, બધા પોશાક ઉપર ભારે મુલનું અત્તર છાંટી કામ કુંવર જેવો બની, પોતાની માતાને દંડવત પ્રણામ કરી, આજ્ઞા માગી કે માતાજી આપ આજ્ઞા આપો તો રાજસભામાં જાઉં. ત્યારે માતા કહેછે કે હે પુત્ર ! તું સુખેથી જા જગેશ્વર મહાદેવ તારૂ રક્ષણ કરશે. અને પાછો કુશલ કલ્યાણથી વહેલો આવજે. એવું સાંભળી વજીરની આંગળી ઝાલી ચાલતાં રસ્તામાં પુછેછે કે હે વજીર રાજસભામાં જવાનો એકજ રસ્તો છે કે બીજો પાછળથી જવાય એવો રસ્તો છે, જો પાછલે રસ્તે જવાય એવું હોય તો સારૂ તે સાંભળી વજીર કહેછે. તમારે પાછલા રસ્તાનું, શું કામછે. આપણે તો આગલે રસ્તેથી જઇશું, કુંવર કહે છે કે એ રાજાએ મારી માને કોઇ દીવસ કશું સુખ આપ્યું નથી, માટે હું એને મારૂ મસ્તક નમાવનાર નથી. પ્રધાને ઘણો સમજાવ્યો પણ લીધી વાત મુકે નહી માટે કુંવરના કહ્યા પ્રમાણે પાછળ બીજો રસ્તો હતો તે રસ્તે બન્ને જણ ચાલ્યા. ત્યાં બારી હતી તે ઉઘડાવી એટલે કુંવર કહે છે કે પ્રધાન પહેલા તમે જાઓ પછી હું આવું. એવું કહી પ્રધાનને બારીમાંથી સભામાં મોકલ્યા, પછી પોતે વીચાર કરે છે કે જો હું આ નાહાની બારીમાંથી માથું નમાવી જાઉં તો નમ્યો કહેવાઉં માટે તેમ તો મારે કરવું નથી. નમવું નહી ને જવું તો ખરૂં માટે એવી યુકિત શોધી કહાડી કે પ્રથમથી પગ ધાલીને સભામાં પ્રવેશ કર્યો. વજીર જઇને રાજાની સામે બેઠો અને ગજરામારૂજી આવીને કોઇને સલામ કર્યા વગર રાજાની પાસે આવી ઉભો રહયો એટલે જાણે વીજળીનો ઝબકારો થયો એવો તેજનો પ્રકાશ પડતાં રાજા પોતે અને સર્વે સભામાં બેસનારા નીહાળીને જુએ છે તો જાણે કામદેવ કુંવર સ્વરૂપે પધાર્યાં છે. એવું શરદપૂનેમના પ્રકાશીત ચંદ્રમા જેવું મુખ તથા સર્વાંગની શોભા તેની સાથે વસ્ત્ર અલ

અને નાના પ્રકારની અત્તરની સુગંધીથી આખી સભામાં ગરકાવ થઇ રહયો ને સર્વે એક નજરે કુંવર સામું જોઇ રહ્યા. તે જોઇ રાજા ઘણોજ આશ્ચર્ય પામીને ફુલસંગ વજીરને પુછેછે કે હે પ્રધાન આ કોઇ દેવકુંવર અકસ્માત આપણી સભામાં કયાંથી આવ્યો અરે આવો તેજસ્વી કુંવર જેનો હશે તેના માતપીતાને ધન્ય છે. પણ એ વાતનો ઝટ ખુલાસો કરો. કેમકે મારા મનમાં ધીરજ રહેતી નથી. માટે જે સત્ય હોય તે કહો. એવું સાંભળી પ્રધાન કહે છે કે. રાજાજી આ તમારી સામે છ કુંવર કોનાછે ? રાજા કહે છે કે એતો મારી માનીતીના છે ત્યારે પ્રધાન કહે છે કે જેમ એ છ કુંવર તમારા છે તેમ સાતમો આ કુંવર પણ તમારો એવું સાંભળી રાજા કહે છે કે મારી સાત રાણીયો છે તેમાં છ માનીતી છે તેને મોહોલે હું જાઉંછું ને સાતમી તો અણમાનીતી છે તેને મહોલે હું કોઇ દીવસ પણ જતો નથી અને તું ડાહયો પ્રમાણીક પ્રધાન થઇ મારી સભા વચ્ચે મશ્કરી કરી કહે છે કે આ દેવાંશી કુંવર તમારો છે એ કેવી આશ્ચર્યકારક વાતછે. એવું સાંભળી પ્રધાને વીચાર કર્યો કે હવે બધી વાત વીગત સહીત કહ્યા વગર છુટકો નથી, એમધારી રાજાને કહે છે કે મહારાજ આપને શીવજી પ્રસન્ન થઇ કેટલાં ફળ આપ્યાં હતાં ? રાજા કહેછે કે સાત આપ્યાં હતાં, તે મેં મારી માનીતીયોને આપ્યા હતાં ત્યારે પ્રધાન કહે છે કે તમે તો અંતર રાખ્યો પણ સાચાનો બેલી ઇશ્વરછે, માટે તે સાતે ફળ છ રાણીયો મળી ખાઇ ગઇ અને તેનાં છોતરાં ને ગોટલા બારીએથી રસ્તામાં નાંખી દીધાં તે તમારી અણમાનીતી દામાવંતીએ દાસી પાસે મંગાવી તેને વાટીને રાબ કરીને મને બોલાવી બધી હકીકત કહીને મારી સામે તે રાબ પી ગઇ. તેથી તેને ગરભ રહયો ને પુરે માસે આ દેવરૂપ કૃપાથી જનમ્યો છે, એ પણ તમારોજ કુંવર છે. તે મહા પરાક્રમી નીકળી નવખંડમાં પોતાનું નામ રાખશે. એવું સાંભળી રાજા કહે છે કે મારો કુંવર

હોય તો મારી સામે આવી મને સલામ કરી ઉભો રહે. તે સાંભળી ગજરામારૂજી કહેછે કે હું કોઇને સલામ કરતો નથી ને કરૂં છું તે સાત જણને સલામ કરૂં છું. તે સાંભળીને રાજા કહે છે કે એવા સાત કોણ મોટી પદવીવાળાછે કે જેને તું સલામ કરે છે તે કહે. કુંવર કહેછેકે—

દુહા—પહેલીરે સલામ મારી માતનેરે, જેણે નવ માસ રાખ્યો પેટરે; જેણે૦ કષ્ટ પામીને ઉછેરીયોરે, મારી ઘણી એક કીધી વેઠરે, મારી૦ બીજીરે સલામ જગેશ્વર મહાદેવનેરે, જેણે પેટમાં ગરભજ દીધરે; જેણે૦ જઠરાગ્ની માંહી જેણે જાળવ્યોરે, મારી રક્ષા ઘણેરી કીધરે. મારી૦ ત્રીજીરે સલામ મારા પ્રભુજીનેરે, જેણે બહાર આપ્યો અવતારરે; જેણે૦ જીવતાં લગી જશ આપશેરે, એતો મુવે ઉતારે ભવપાર રે, એતો૦ ચોથી સલામ મારા રેવંતનેરે, એતો રણમાં રમાડી લાવે ઘેરરે. એતો૦ ગામ થકી પડે પરગામમાંરે. એની કોઈ ન જાણે પેરરે: એતો૦ પાંચમી સલામ મારી તરવારને, એતો રણમાં કરે મોટા ઘાયરે; એતો૦ દુશ્મન દુર રહે દેખીનેરે, મારૂં બુડતું તારે તે નાવરે. મારૂં૦ છઠ્ઠીરે સલામ મારી ઢાલનેરે. એતો રણમાં હઇયા કેરી આથરે; એતો૦ દુશ્મન જોઇ ઝડપ લઇ ઉઠતારે, મારી પડતી બચાવે લોથરે. મારી૦ સાતમી સલામ ધરતી માતનેરે, એતો મુવા જીવતાનો વીશરામરે; એતો પ્રાણી સઉ એને આશરેરે, સાચું ઠરવાનું એછે ઠામરે. સાચું૦

હે રાજા! પ્રથમ સલામ મારી માતને કરૂં કે જેણે મહા દુઃખ વેઠીને નવ માસ પેટ રાખ્યો અને જન્મ થયા પછી પણ મારે માટે બહુ કષ્ટ વેઠી મોટો કર્યો. બીજી સલામ જગેશ્વર મહાદેવને કે જેણે મારી માતાના ઉદરમાં ગર્ભ આપ્યો અને જઠરાગ્નીથી જાળવી રક્ષણ કર્યું. ત્રીજી સલામ જગકર્ત્તા પરમેશ્વરને કે જેણે મને અવતાર આપ્યો.

અને જીવીશ ત્યાંસુધી મારી કીર્તી વધારી અંત સમે મોક્ષ ગતીએ પહોંચાડશે. ચોથી સલામ મારા રેવંતને (ઘોડાને) કે જે ગામ પરગામ લઇ જાય અને મહા અરણ્યમાંથી કુશળ કલ્યાણથી ઘેર લાવે. પાંચમી સલામ મારી તરવારને કે જે રણસંગ્રામમાં શત્રુનો નાશ કરી મને ફતેહ પમાડી મારો જીવ બચાવે છઠી સલામ મારી ઢાલને કે જે દુશ્મનના આવતા ઝટકાને પોતે ઝીલી લઇને મારી લોથ પડતાં બચાવે. અને સાતમી સલામ આ ધરતી માતાને કેજેની અંદર મુવા જીવતાને જગ્યા આપે છે અને જેમાંથી પેદા થઇ તેમાંજ સમાવવાનું છે. એ સાતજણને જરૂર સલામ કરવી જોઇયે તે હું કરૂં છું તે શીવાય બીજા કોઇને સલામ કરતો નથી. તમને તો મારા ઘોડાને ચાલતાં રજ ઉડે એટલી પણ સલામ કરનાર નથી. એવાં કુંવરનાં વચન સાંભળીને રાજાને અત્યંત ક્રોધ ચડયો એટલે બોલ્યો કે અરે કોઇ ચાકર હાજર છે? ઝટ તરવાર લાવીને આ ક્ષણે આ કુંવરનું મસ્તક છેદીનાંખો. એવો શબ્દ સાંભળી ફુલસંગ વજીર જે પાસે બેઠેલો હતો તે બોલી ઉઠયો કે મહારાજ આપ એ શું બોલ્યા તમે કોનુ મસ્તક છેદાવોછો? ખબરદાર જો અવીચારથી હાથ ઉપાડશો તો પછી ઘણો પસ્તાવો થશે, એ રીતે પ્રધાનનું બોલવું સાંભળી હીંમત ચાલી નહી એટલે પ્રધાને રાજાને કહ્યું કે, મહારાજ એ કુંવરને એની મા આપની પાસે મોકલવાનીજ ના કહેતી હતી પણ તેનું દેવરૂપ તથા પરાક્રમ દેખાડવા અને તમારા ખાંડીયા મેંડીયા કુંવરને જોઇ તમે તથા સર્વે સભાજનો શોકાતુર થયા હતા તેને રાજી કરવા હું બળાત્કારે લાવ્યો છું, એવી સરતથી લાવ્યોછું કે એને કુશળકલ્યાણથી એની માતાના હાથમાં સોંપુ તે પછી આપને ગમે તેમ કરજો. એમ કહીને કુંવરની આંગળી પકડી પ્રધાન સભામાંથી ઉઠી દામાવંતીના મહેલ ભણી જવા નીકળ્યો. એટલે સર્વે સભાના લોકો રાજાને સલામ કરી પોતપોતાને ઘેર ગયા અને સભા વીસર્જન થઇ, હવે રસ્તે ચાલતાં ચાલતાં એક નેવું

વરસની ડોસી હાથમાં લાકડી લઇને ચાલી જતી હતી, તેને જોઇને ગજરામારૂજીએ પ્રધાનને પૂછ્યું કે આ ઘરડી ડોશીને બોલાવો મારે કાંઇ વાત પૂછવીછે. એવું સાંભળી વજીરે ડોશીને બોલાવી એટલે મારૂ ડોશીને પુછેછે કે ડોશી મા, આપને કેટલાં વરસ થયાં ? ડોશી કહે કે બેટા નેવું વરસ થયાં. કુંવર કહે છે કે તને ઘણામાં ઘણાં કેટલાં વરસની વાત સાંભરતી હશે ? ડોશી કહેછે કે વધારે તો નહી પણ સવાસો વરસની. પોણોસો વરસની મારી નજરની જોએલી અને પચાસની ગામનાં ઘરડાંઓ પાસેથી સાંભળેલી છે. ત્યારે કુંવર પૂછે છે કે આ ગામમાં જસોજામ જે રાજ્ય કરે છે તે તેમના વડીલોનુ છે કે પોતાનેજ મળેલું છે. તે સાંભળી ડોશી કહે છે કે ભાઇ પચાસ વરસની આગળ વીરાજી કરીને ઠાકોર હતો તેનું અહીં રાજ્ય હતું. તે ઘણા વરસ ભોગવી અંતે તેનો મંદ દીવસ આવ્યાથી જસાજામને મળ્યું છે. કુંવર કહે કે વીરાજીના વંશમાં કોઇ જીવે છે કે નહીઃ ડોશી કહે તેના દીકરાનો દીકરો સોળ વરસની વયનો છે. તે સાંભળી કુંવરે ડોશીને પોતાના ખીસામાંથો સોનાની વીસ મહોરો કહાડીને આપી અને કહ્યું કે ડોશીમા એ છોકરાને આ ક્ષણે મારે મહોલે તેડી લાવો. એવું સાંભળી ડોશીને મહોર મળ્યાથી પગમાં ખુબ-જોર આવ્યું એટલે કુંવરને કહેછે કે હમણાજ તેડી લાવુંછું. એમ કહી લાકડીના ટેકા વગર ચલાતું નહોતું તે ધનનું જોર આવતાં લાકડી ખભે મુકીને વીસ વરસના જુવાન માણસની બરાબર ડોશીએ ચાલવા માંડ્યું. એટલે કુંવર કહેછે કે ડોશી મારી પાસે આવે ત્યાંસુધી ફુલસંગ વજીર તમે પણ મારી પાસેજ રહો એવું કહી બંને જણ મહોલે આવ્યા. મારૂજીએ પોતાનો પોશાક ઉતારી બીજો ઘરમાંનો પોશાક પહેરીને એક ખુરશી ઉપર પોતે બેઠો, અને બીજી સામી ખુરશી નાંખી વજીરને બેસાર્યો. બેઉ જણ વાતો કરે છે એટલામાં તો ડોશી ઝડપથી વીરાજીના પુત્રને લઇને આવીને કહ્યું

કે મહારાજ, તમારૂં કામ કર્યું હવે હું રજા માગુંછું એમ કહી ડોશી પોતાને ઘેર ગઈ. એટલે મારૂજી પુછે છે કે તમારૂં નામ શું? છોકરો કહે મારૂં નામ ધીરાજી કરીને કહેછે. મારૂએ તેને ખુરશી આપીને બેસાડ્યો ને કહ્યું કે તમારા વડીલો કોણ હતા તે વિષે સાચેસાચું કહો. ધીરાજી કહેછે કે આ ગામમાં મારા બાપનો બાપ વીરાજી ઠાકોર રાજ્ય કરતો હતો. પણ દૈવયોગે તેમના દહાડા નબળા આવ્યાથી એ રાજ્ય જસાજામના હાથમાં ગયું. તેણે મારા બાપ હીરાજીને કાંઇ જાગીર આપીછે તે ઉપર મારો ગુજારો ચાલેછે. મારૂ કહેછે કે ગામમાં કંઇ તમારી બીજી જમીન છે? ધીરાજી કહેછે કે છેતો ખરી પણ તેમાં જુનાં ઘરો હતાં તે પડી ગયાં હવે તો ફકત હજાર વીઘા છુટી ભોંય છે તે પણ અવાવર છે, તેમાં લોકો છાણાં થાપે છે, ને તે વીષે રાજાને અરજ કરી તો કાંઇ દાદ આપતા નથી. મારૂ કહે કે એ ભોંય વેચાતી રાખું તો તમે શું લેશો? ધીરાજી કહે એક હજાર રૂપૈયા લઇશ. મારૂં પ્રધાનને પુછેછે કે કેમ પ્રધાનજી આ વાતમાં આપનો શો વીચાર છે. વજીરે વીચાર્યું કે કુંવર નાની વયમાં મોટો પરાક્રમી નીકળ્યો એ એના બોલવા ચાલવા ઉપરથી સાફ જણાયછે. આગળ જતાં રાજ્યાધિકારી પણ એજ થશે. કેમકે માનીતીના છએ છે તે ખાંડીયા, મેંડીયા, લુલા, લંગડા, બેરા, બોબડા છે. તે કાંઇ રાજ્ય કરનાર નથી માટે આપણે એ કુંવરોનું કાંઇ કામ નથી; આપણે તો મારૂજી સાથે ભલું રાખવું એવું વીચારી ઉત્તર આપ્યો કે મહારાજ આપની મરજી છે તો સુખેથી લ્યો પણ મારી સાથે બજારમાં પ્રેમચંદ પારેખની દુકાને ચાલો કે ત્યાં દાખલ કરીને સહી શાખ કરાવી નાણાં આપીયે. પછી ત્રણે જણ બજારમાં ગયા ત્યાં દુકાન ઉપર બેશી લખત કરી સહી શાખ કરાવી એક હજાર રૂપીયા રોકડા પારેખ પાસે પરખાવીને આપ્યા; વળી ઉપરથી શાલ પાઘડી તથા કસુંબી મંડીલ વગેરે પાંચશો રૂપીયાનો પોશાક આપી ખુબ રાજી કરી

વાંદાય કર્યો, એટલે તે પોતાને ઘેર ગયો. મારૂજી પ્રધાનને કહ્યું કે આપને મેં બહુજ શ્રમ આપ્યો છે તેની ક્ષમા કરવી, પણ કાલે સવારે આ શહેરના હુંશીયાર કડીયા અને મીસ્તરીને બોલાવી મારી પાસે આવજો કેમકે એક મોટો અને સારો શોભીતો રાજમહેલ બાંધવાનો છે. તે કામમાં તમારે પોતાથી બનતી મહેનત લેવી પડશે. પ્રધાન કહે વારૂ મહારાજ, એમ કહી પોતાને ઘેર ગયો. સવારે ઉઠીને પોતાના ચતુર કારકુનને બોલાવીને કહ્યું કે દામાવંતીના પુત્ર ગજરામારૂને એક સુંદર રાજમહેલ બંધાવવો છે માટે આપણા નગરમાં જે સહુથી સરસ પંકાયલા કડીયા સુતાર અને મીસ્તરીયો છે તેને મારી પાસે બોલાવી લાવો. પણ ખબરદાર આ વાત કોઇને જણાવશો નહી. એમ કહીને કારકુનને મોકલ્યો એટલે તે તરત કડીયા સુતાર મીસ્તરીને બોલાવી લાવ્યો તેને લઈ ફુલસંગ ગજરામારૂજી પાસે આવ્યો. તેમને જોઇ મારૂજીએ તરત આદરમાન દઇ આસન આપીને બેસારીને પુછ્યું કે, હે કડીયા સુતારના મીસ્તરીયો, આ ગામમાં મારે એક હજાર વોઘા ભોંય ઉપર એક મોટો ને સુંદર શોભાયમાન રાજમહેલ બાંધવો છે, કે જેની અંદર બાગબગીચા નાના પ્રકારનાં પુષ્પોનાં ઝાડ તથા ફુવારા વગેરે બાંધી ઘણું મજબુત અને શોભાયમાન કામ બનાવવું, ને વળી જે કામને એક વરસ લાગે તેની જગોએ વધારે કારીગર રાખી બે માસમાં તૈયાર થાય તેમ કરવું. એવું સાંભળી કડીયા સુતારના મીસ્તરીયો બોલ્યા કે મહારાજ આપ જેવો મનમાં ચાહોછો તેથી સરસ અને જલદીથી બાંધી તૈયાર કરી આપીશું, તે વિષે આપે નીશ્ચીત રહેવું. એવો ઉત્તર મળતાં મારૂજી પ્રસન્ન થયા ને ફુલસંગ વજીરને ભલામણ કરી, જોશી પાસે રૂડુ મુહુર્ત જોવરાવી કામનો આરંભ કરાવ્યો. પ્રથમ જગ્યા વાળીને સાફ કરાવીને તેનું માપ લઇને પાયો ખોદીને કામ ચલાવવા માંડ્યું, તે કામ મધ્યે જે કાંઇ સામાન જોઇએ તે પ્રધાનના ફરમાવ્યાથી તેના માણસો તરત લા-

વી હાજર કરે, એટલે કડીયા સુતારને કશી ચીજ વગર ખોટી થવું ન પડે ને માણુસો પણ વધારે રાખીને ઘણું ઉત્તમ નકશી કામ કરાવ્યું. એમ કરતાં ૭ માસ થયા એટલે તે રાજમહેલ એવો બન્યો કે જસાજામના મહેલ કરતાં તથા પાંચસે કોસમાં બીજા રાજાઓના મહેલ કરતાં ઘણોજ શોભાયમાન બન્યો. એટલે રૂડુ મુહુર્ત જોઇ વાસ્તુ કર્યું ને સર્વે કારીગરોને યોગ્યતા પ્રમાણે શીરપાવ આપ્યો. મહેલની વચોવચ એક મોટો ચોક રાખી તેમાં જુદા જુદા ભાગ પાડીને બાંધણી લીધેલી તેનાં નામ પણ જુદાં જુદાં પાડ્યાં. એકનું નામ રંગમહેલ, ત્રીજો આરસ મહેલ; ચોથો વીલાસી મહેલ, પાંચમો નાટક મહેલ, છઠ્ઠો રાજ કચેરી ભરવાનો મહેલ, સાતમો ઇશ્વર સ્તુતિ કરવાને સારૂં ભક્તિ મહેલ એ રીતે મહેલોમાં ગોખઝરૂખા ગ્યાલેરીયો તથા અગાશીયો વગેરે જુદી જુદી રચના બનાવેલી છે. ચારે કોરે ફરતો કોટ કરીને તેમાં નાના પ્રકારનાં ફળદાયક ઝાડ તથા સર્વે જાતનાં પુષ્પોનાં ઝાડવાળો જટાબંધ બગીચો બનાવેલો તેમાં આંબા, જાંબુ, સીતાફળ, રામફળ, દાડમ, જામફળ, નાળીયેર, કેળ, અને માંડવા ઘાલી તે ઉપર નાના પ્રકારના વેલાઓ વાવી તેને ઝાડ ઉપર અને માંડવા ઉપર ચડાવી લીધેલા છે. તેથી તેની ઘટા બહુ સુશોભીત દેખાય છે વળી આરસપહાણનો સુંદર ફુવારો મુકીને તેની ફરતી બેઠકો બનાવેલી જોતાંજ સર્વને બહુ સુખ ઉપજવા લાગ્યું. એ રીતનો ઉત્તમ મહેલ જે એકવાર જુવે તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સદાય તારીફ કરે. તે સાંભળીને દેશ વીદેશના લોકો જોઇને બહુ પ્રસન્ન થાય ને વીચાર કરે કે આ મ્હેલનું કામ દેવતાઇ મહેલના સરખું દેખાય છે, એ રીતે સર્વને ખુશી થએલા જોઇ મારૂજી ફુલસંગ વજીરને કહે છે કે જોશી મહારાજે આજે સભા ભરવાનું મુહુરત આપેલું છે પણ જે રાજસભામાં બેસનારા પુખ્ત ઉમ્મરના મોટા માણુસો રાજાની કચેરીમાં જવાનું મુકી મારી

કચેરીમા એકાએક આવશે નહી, માટે તમે આ ગામના વેપારીયોના છોકરાઓ જે રસ્તામાં રમતા હોય તેને સમજાવીને કહો કે તમે ગજરામરૂજી પાસે રમવા જાઓ ત્યાં તમને ઘણું માન પાન મળશે. એવું સાંભળી વજીરે ગામના છોકરાઓને જાહેર કરયું કે તમે ઉત્તમ પોશાક પહેરીને મારૂજીને મહોલે રમવા જશો તો તમને બહુ માન પાન અને મીઠાઇ મેવા વગેરે ખાવા મળશે. એવી લાલચ સાંભળતાં છોકરાઓ ઉત્તમ પોશાક પહેરીને તરત મારૂજી પાસે આવ્યા. એટલે તેઓને પોતાની શણગારેલી કચેરીમાં ગાદી તકીયા ઉપર બેસારીને બહુ આદરમાન દીધું. પછી છોકરાઓને કેફ ન ચડે તેવો પાતળો કસુંબો કહાડી તેઓને પાયો. પછી પરતાં બદામ ચારોળી સાકર ને બીજા લીલા મેવા તરેહતરેહના આપ્યા; તે બાદ કઢેલા દુધમાં સાકર એલચી જાયફળ વગેરે નાંખેલું મશાલેદાર દુધ પાયું. અને છેલાવાર તેઓને સુનેરી વરખના પાનનાં બીડાં તથા ગુલાબના વારા આપી બહુજ પ્રસન્ન કરયા. છેલીવારે કચેરી બરખાસ્ત થતી વેળાએ મારૂજીએ સર્વે છોકરાઓને કહ્યું કે મારા સ્નેહી મીત્રો આજે તમોએ મારા મહેલમાં આવી મને બહુ આનંદ ઉપજાવ્યો છે. તેથી હું તમારો આભારી થયો છું. એમ કહી સર્વેને વીદાય કરી તે વેળાએ કહ્યું કે મીત્રો તમો દરરોજ સવારે તથા સાંજે મારી પાસે આવજો, આપણે પરસ્પર મળી આનંદ પામીશું એ રીતે કહી સર્વને વીદાય કર્યા પછી છોકરાઓ માંહોમાંહી કહેવા લાગ્યા કે આજે તો બહુજ મોજ મળી છે. વળી રાજકુંવરનો ભાવ છે તેથી આપણે ભેગા થઇ નીત્ય જઇશું. પછી બીજે દીવસે સોના બસો ભેગા થયા ને કચેરીમાં જઇ માનપાન પામી ઘેર આવ્યા એ રીતે પાંચ દીવસમાં વધતાં વધતાં પાંચસો છોકરાં એકઠાં થયાં, તેઓ દીવસે દીવસે અધીક સુખ પામવા લાગ્યા ને મારૂજીએ પણ જે

આવે તેને ઘણું માન દેવા માંડ્યું તેની કીરતી સાંભળી ગામના અફી-ણીયા પણ થોડા થોડા જવા લાગ્યા. તેમને જોઇને તેવો ધાડો કસુંબો પાઇને નાના પ્રકારના મેવા તથા દુધ સાકર મળવા માંડયું. એટલે અફીણીભાઇ જ્યાં ત્યાં ખુબ તારીફ કરવા લાગ્યા તે સાંભળી મોટી ઉમ્મરના અને સારા માણુસો સભામાં બીરાજવા માંડયા અને છોકરાઓની સંખ્યા બંધ થઇ એમ કરતાં રાજાની કચેરીમાં નીત્ય જનારા રજપૂત અફીણીયા તથા બીજા લોકો સર્વે ગજરામારૂજી પાસે આવીને મન માન્યા અફીણ કસુંબા પીને તે ઉપર મીઠાઇ મેવા, તથા દુધ વગેરે પીને કેફની લહેરમ કેટલાક ઝોકાં માર્યા કરે, અને કેટલાક રંગમાં આવી ઘણાં રમુજ ભરેલાં ગપાટાં મારી મારૂજીને અને બધી કચેરીને ખુબખુબ હસાવે- એ રીતે ૭ માસમાં રાજાની કચેરી તુટીને મારૂજી પાસે ભરાવા માંડી, એટલે રાજા જસાજામે પોતાના ફુલસંગ વજીરને કહ્યું કે હે વજીર, આપની સભામાં જે સાડાસાતસો અફીણીયા આવતા હતા અને બીજા પણ કેટલાએક માણુસોનો ખુબ જમાવ થતો હતો તે હવે કેમ આવતા નથી. તે સાંભળીને પ્રધાન કહે છે કે, મહારાજ અફીણીયા લોકોને તો કસું-બો મળ્યો એટલે ત્યાંજ આસનવાળી બેસે છે. અને બીજા લોકોમાં-થી કેટલાએક પરગામ ગયા હશે. કોઇ માંદા પડ્યા હશે ને કેટ-લાક મરી ગયા હશે. માટે માણુસોનો જમાવ ઓછો થાય છે, એમ કહીને રાજાને સમજાવ્યો પણ મારૂજીની વાત પોતે જાણે છે તે કહી નહી કેમકે વજીરને મારૂજીનો દીવસે દીવસે પ્રેમ વધતો ગયો એટલે પ્રધાન પણ તેમને સદાય રાજીમાં રાખે. એમ કરતાં એક દીવસ એ-વો બન્યો કે એક અફીણનો બંધાણી ભાટ ઘોડા ઉપર બેશીને એ ગામમાં આવી પહોંચ્યો. તે રસ્તે જતાં ગામના રહેવાસી લોકને પુછેછે કે હે ભાઇ, આ ગામનો રાજા નીત્ય અફીણ કસુંબાનું રા-

વણું કરે છે કે નહીં ? તે સાભળી પુરવાસીએ ઉત્તર આપ્યો કે ભાઇ ઉભી બજારે થઇ આગળ ચાલ્યા જાઓ ત્યાં એક સુંદર મોટો મહેલ આવશે તે મહેલમાં અભમાનણી રાણી દામાવંતાનો પરાક્રમી પુત્ર ગજેરોમારૂ છે, તે તમને ચડ ઘોડે તરત કસુંબો પાઇ પ્રસન્ન કરશે. બાકી જસાજામ રાજા પાસે જતાંવેંત તરતજ કસુંબો મળશે નહી. એવાં વચન સાંભળીને બંધાણીભાટ મારૂજીના મહેલ સામો ચાલ્યો. એટલે બારીમાંથી મારૂજીએ ભાટને દુરથી આવતો જોયો ને મનમાં તરત પરીક્ષા કરી કે આ કોઇ ખરો બંધાણી ભાટ છે ને તે કસુંબો પીવાની આશાયે ઝડપથી આવે છે. એવું વીચારી પોતાના ત્રણ ચાકરને બોલાવીને કહ્યું કે, પેલો દુરથી ઘોડે બેસીને બંધાણી ભાટ આવે છે તે આપણા મેહેલ નજીક આવે તે પહેલાં એક જણ માળવી અફીણનો ઘાડો કસુંબો કહાડી તેમાં કેશર ઘોળીને એક તાંસળી ભરી તૈયાર કરી તેને હાક મારીને ચડે ઘોડે તરત કસુંબો પાઇદો. બીજાને કહ્યું કે દુધ સાકર કઢેલુ તૈયાર છે, તેમાં વાટેલી એલચી નાખીને તાંસળુ ભરી કસુંબા ઉપર પાજે ને ત્રીજા ચાકરને કહેછે કે પાઘડી ૧) રૂ ૨૫) ના અને પચીસ રૂપીયા રોકડા લઇને તું પણ જા તે કસુંબો પીને પાછળથી દુધ પીધા પછી આ શીરપાવ આપજે. એ રીતે આજ્ઞા કરતાં ત્રણે ચાકરો કહ્યા પ્રમાણે વસ્તુ લઇને નીચે જઈ ઉભા રહ્યા એટલે ભાટ આવી પહોંચ્યો. તેને હાંક મારી ઉભો રાખ્યો ને વીનંતી કરી કહ્યું કે અમારા મારૂજીએ કહ્યું છે કે આ તાંસળીમાં આપને યોગ્ય કસુંબો છે, તે પીતા જાઓ. તે સાંભળી ભાટ તરત ઘટઘટાવી ગયો એટલે બીજાએ દુધ સાકર આપ્યાં તે પણ પી ગયો એટલે ત્રીજાએ શેલુ પાઘડી ને પચીસ રૂપીયા રોકડા આપ્યા તે લઇ ખુબ ખુશી થયો. આ બનાવ મારૂજી પોતે બારીએ ઉભા રહીને જોતા હતા તેથી ભાટ પોતાના મનમાં સમજ્યો કે આ

કોઇ મહાદેવાંશી રાજકુંવર છે, માટે મને ઘણું માન આપી પ્રસન્ન કર્યો. એમ જાણીને ભાટે મારૂજીને સલામ કરી કહ્યું કે હે ઉદાર મનના રાજકુંવર તું જેવું સર્વને માન આપે છે તેથી સહસ્ત્ર ગણું માન પરમેશ્વર તમારૂં વૃદ્ધી પમાડો એમ કહી ભાટ ચાલી નીકળ્યો. તે જસાજામના મહેલ આગળ પોતાનો ઘોડો બાંધીને દરવાજાના શીપાઇને ભલામણ કરી પોતે રાજાની કચેરીમાં જઇ ઉભો રહયો પણ તેનો કોઇએ સત્કાર કર્યો નાહ. તે જોઇને ભાટે વીચાર કર્યો કે મેં સલામ કરી પણ કોઇએ મારી સલામ સરખી લીધી નહી. તો આ ઠેકાણે ઉભું રહેવું યોગ્ય નથી. વળી માનીતીના છ પુત્રો જે ખાંડીયા મેંડીયા હતા તેને પણ ઓળખીને ભાટ કોપાયમાન થઇને કહે છે.

દુહા—ખાંડીએ મેડીએ લુલે લંગડેરે, કાંઇ૦ લજવી માર્યું બધું ગામરે, કાંઇ૦ ધન્ય અણુરે માનીતીના કુંવરને, એનું નવ ખંડ રહેશે નામરે. એનું૦

એવી રીતે ભાટને મોઢે કવિતા સાંભળીને રાજા બહુજ કોપાયમાન થઇને બોલ્યો કે અરે કોઇ હાજર છે કે નહી ? એવો શબ્દ સાંભળતાં ચાકરો બોલ્યા કે હાજર સાહેબ, શો હુકમ છે ? રાજા કહે છે કે હમણાંને હમણાં અણમાનીતીના કુંવર ગજરાને જઇ કહો કે આ ક્ષણે તારા બાપનો એવો હુકમ થયો કે તને દેશપાર કરવો. માટે જ્યાંસુધી તારા બાપના રાજ્યની હદ છે ત્યાંસુધી તારે રહેવું નહી, કદાપી એ હુકમને માન્ય નહી કરે તો તને તારા જીવથી મારી નાંખવામાં આવશે. એ રીતે કહો ને તે માને તો સારૂં નહી તો તેને બાંધીને મારી પાસે લાવજો. એ રીતે રાજાનું બોલવું સભામાં બેસનારા સર્વે માણુસોએ સાંભળ્યું પણ કોઇ ચાકરની એવી હીમ્મત ચાલી નહી જે એ વર્તમાન કહેવાને તૈયાર થાય. એમ કોઇ બોલ્યું

નહી ત્યારે રાજા બહુ કોપાયમાન થઇને કહે છે કે અત્રે શું ક્ષત્રીમાં-
થી પાણી જતું રહ્યું ? શું ચાકરો હરામનો મુસારો ખાઓ છો ? કે
મરે કોઇ બોલતું નથી ? એવી રીતે રાજાને બોલનો સાંભળી કચેરી
માંથી પાંચ સાત મુસલમાન સીપાઇ બોલ્યા કે મહારાજ આપકા
હુકમ સીર ઉઠાકર હમ જાતેહે ઔર જો આપને કહા સો ગજરાકુ
બોલ દઇંગે, આ બાતકી કુછ ફીકર મત રખોગે. એવું કહી સીપાઈ
મારૂજીકા મહેલ ભણી જવાને નીકળ્યા. તે રસ્તે ચાલતાં વીચાર કરી
માંહોમાંહે બોલવા લાગ્યા કે "રાજાકા હુકમ શીરપર ઉઠાયા તો સહી,
પણ આ લડકાકી સારા ગામમે બહોત તારીફ હોતીહે એ માનીતી
કે લડકે ખાંડીયે, મેંડીયે, લુલે, લંગડે, કુછ રાજ કરને કે નહી. પાંચ
દીન અગાડી પીછાડી એહી ગજરામારૂ રાજ કરેગા. ઉસ્કે ખાતર
વાંહાં જાકે કુછ અબેતબે મત બોલના. કયું કે મારૂજી બડા નશીબદાર
હે સો રાજ કરેગા તબ અપનકુંબી ઉસ્કી નોકરી ઉઠાકર રોટી ખા-
નેકી હે. ઉસ્કે ખાતર બડી લાયકીસેં દો સુકન બોલના. આવી રીતે
સીપાઇઓએ વીચાર કરયો ને તરત મારૂજીના મહેલ પાસે આવ્યા.
ત્યાં કચેરી ભરાયેલી જોઇને સીપાઇ ભાઇતો આશ્ચર્ય પામી ગયા એ
ટલે કચેરીમાં જવાની કોઇની હીમ્મત ચાલી નહી. અને એક બીજાને
કહે છે કે 'ભાઇ મેરી તો જીગર ચલતી નહી. કે જાકર બોલું એ
રીતે સર્વે હીમ્મત હારી ગયા પછી છેવટ તેમાં બે પુખ્ત ઉમરના
બુઝરંગ સીપાઇ હતા તે બોલ્યા કે મારૂજીકી પાસ જાકર લાયકીસે
બોલને સીવાય છુટકા નહી હે, એમ કહી પાસે જવા માંડયું ને જુ-
વે તો રાજા જસાજામની કચેરીમાં જે અફીણીયા હતા તે સરવેને
જોયા ને તેઓ અફીણ કસુંબા પી ખુબ ગપ્પા મારે છે. તે જોઇને
એક સીપાઇ બીજાને કહેછે 'અબે દેખો તો સહી કયા મજા ચલ
રહી હે એ મેરે બેટે સારે ગામકે અફીણગે તો સબ ઇધર આકર

કસુંબા પી કે કયા ગપાટે હાક રહે હે ઓર જો કુછ કચેરીકી મજા તો સબ ઇંહાં હે. અપને રાજાકી કચેરીમેં કયા ધુલ ઉડતી હે.'' એ રીતે એક બીજાને કહેછે પછી આગળ જુવે છે તો કેટલાક અફી- ણુ ઘોળી રહ્યા છે. તેની પાસે બીજા પાંચ સાત જણા બેઠેલા છે. તે મધ્યે પસ્તાં બદામ ચારોળી, સાકર અંજીર વગેરે સુકો મેવો વી- ણીને સાફ કરી એક ખુમચામાં મુકે છે. મરકતી દાડમ ફોલી તે માંથી દાણા કાઢેછે ને સીતાફળ જામફળ મીઠાં લીંબુ, નારંગી પા- કાં કેળાં અને ખજુર વગેરે ફોલી એક રૂપાના ખુમચામાં જુદી જુદી ઢગલીયો કરે છે. ચોથો પાકા પાનને ધોઇ સાફ કરી તેને કાથો ચુનો લગાવી તેમાં સફેત સેવંતરાની સોપારીનો ભુકો મુકી તે મધ્યે એલચી જાયફળ વગેરે મુકી તેનાં બીડાં બનાવે છે. અને પાંચમો જેને જેમ ઘટે તેમ આપી આદરમાન દેછે. અને જે કોઇ બહાર- થી આવે તેની પાસે કેટલાક અમીર ઉમરાવ બેઠા છે ને સામે અ- ફીણીયા રજપૂત નીશામા ચકચુર થઇને ખુબ રંગમાં આવી તરેહ તરેહનાં ગપાં મારી રહ્યાછે અને કેટલાક ભાટ ભટૈયા એવી રસીક વાતો કરે છે કે જેથી મારૂજી અને આખી સભાન લોકો ખડખ- ડાટ હસી બહુ આનંદ પામેછે, એવી રીતનો દમામ જોઇ સીપાઇયો પોતાના મનમાં બહુજ આશ્ચર્ય પામી ગયા ને વીચારમાં પડયા કે આપણાથી આવા ધરમ ધોરીધર કુંવરને મોહોડે હલકી વાત કેમ બોલાય? એવું ધારી કચેરીમાં ઉભા રહ્યા, એટલે મારૂજીએ તેમના મુખના ચહેરો જોઇ પરીક્ષા કરી કે આ પુરૂષો મારી પાસે કાંઇ અગત્યના કામ સારૂ આવેલા છે પણ બોલી શકતા નથી. એવું ધારી પોતે તેમને પાસે બોલાવ્યા અને ચાકરોને કહ્યું કે એઓને કેસરી ક- સુંબો પાઇ ઉપર લીલો અને સુકો મેવો આપો. તે સાંભળતાં ચાક- રોએ તે બધા સીપાઇઓને કસુંબો પાઇ તરેહવારના મેવા આપી

પાછળથી પાનસોપારી આપ્યાં તે ખાઇ સ્વસ્થ થયા પછી મારૂજી પૂછેછે, કે હે ભાઇઓ, તમે અહી શા કામે આવ્યા છો? જે તમારા મનમાં હોય તે સાચે સાચું કહો. તે સાંભળીને તેમાં બે શાણા અને ઘરડા સીપાઇ હતા તે બોલ્યા કે મહારાજ અમે આપની પાસે કાંઇ સમાચાર કહેવા આવ્યા છીયે, પણ તે એવા કઠોર છે કે અમારી જીભ મુદ્દલ ઉપડી શકતી નથી ને કહ્યા વગર છુટકો પણ નથી. એવું સાંભળી મારૂજીએ કહ્યું કે ભાઇયો, તમારે જે કાંઇ કહેવાનું હોય તે સુખેથી કહો કેમકે જે કાળે જે વાત બનવાની તે બન્યા વગર રહેતી નથી માટે આ સંસારને વીષે સુખ, દુઃખ લાભ અને ખોટ એ સદાય માણસો ઉપર પોતાની અવધીએ આવી પડે છે તેનો હરખ શોક શાણા માણસ કરતા નથી માટે તમે સુખે કહો.

આવી રીતે મારૂજીએ હીમ્મત આપી એટલે તે બોલ્યો કે મહારાજ આપની નાની ઉમ્મર છે તો પણ જે આપમાં વીવેક વીચાર અને દયા છે તે ઘણાં વખાણવા જોગ છે. તેથી અમારાથી બોલી શકાતું નહોતું, પણ આપ ધીરજવંત આજ્ઞા આપોછો ત્યારે કહીએ છીએ કે તમારા બાપ જસાજામ રાજાએ એવો હુકમ કરયો કે "તું આ ઘડીએ મારૂં નગર છોડી દુર દેશાવર જતો રહે જ્યાંલગી મહારાજની છાયા પડે ત્યાંલગી તારે રહેવું નહી. અગર ના પાડયા ઉપર રહીશ તો તને મુસ્કે બાંધી મારી સામે મંગાવી તારો જીવ લીધામાં આવશે માટે મારા કહેલા સમાચાર સાંભળી તારે એક પળવાર પણ ઉભું રહેવું નહી. એવી રીતે હુકમ કરયો છે તે તમને કહી સંભળાવ્યો. તે વાસ્તે આપે અમારી ઉપર રીસ ન કરવી. કેમકે અમે તો ચીઠીના ચાકર છીએ તેથી માલીકે જેમ હુકમ કહયો તે તમને સંભળાવ્યો. તે સાંભળી મારૂજી બોલ્યા કે" એમાં તમારો કાંઇ ગુનો નથી, તમે તમારા રાજાને જઇ કહો કે ગજરામારૂજીએ કહ્યું છે કે,

મેં જે જમીન ઉપર મહેલ બાંધ્યો છે તે જુના રાજાના વારસ પાસેથી વેચાથી લઇને બાંધ્યો છે. માટે હું કાંઇ તમારી જમીનમાં રેહેતો નથી. તેથી તમારે કહેથી તો જનાર નથી, પણ મારી જન્મ પત્રીકામાં એવું લખ્યું છે જે બાર વરસની ઉમ્મર થશે એટલે વનવાસ જવું પડશે માટે હવે તે મુદત્ત નજીક આવી છે તેથી હું મારી મેળેજ જઇશ બાકી તમારો કાઢયો તો કદાપી જનાર નહી. એમ કરતાં તમારે લડાઇ કરી મને મારવો હોય તો હું લડવાને તૈયાર છું. એ પ્રમાણે તમે જઇને કહેજો કે જેમ તમને રૂડું ગમે તેમ કરો એ રીતે મારૂજીનો ઉત્તર સાંભળીને સીપાઇએ જસાજામની પાસે આવી વીગત સુદ્ધાં સરવે વાત કહી સંભળાવીને રાજા મોટા વીચારમાં પડયો. ને પોતાના ફુલસંગ વજીરને કહેવા લાગ્યો કે હે વજીર ગજરો કુંવર આવો આકરો જવાબ કેમ આપે છે? પ્રધાન કહેછે મહારાજ એ કુંવર ખરૂં કહે છે કેમકે એ જુની રાજવળાની જમીન તેના વારસ પાસેથી લઇ તે પર મહેલ બાંધી રહ્યા છે. એવું સાંભળી રાજાએ વીચાર કરયો કે પેટ પાકયું ત્યાં પાટો ક્યાં બાંધવો આ મારો જુનો વજીર છે તે પણ એની તરફદારીમાં બોલે છે. માટે ખાલી વાંધ વધારી શું કરૂં. એમ ધારી પોતાના મનમાં જે વાત કરવાની હતી તે બંધ રાખી. હવે મારૂજી પોત પોતાના મ્હેલમાં ખાઇ પી મોજ મજા કરે છે. એમ કરતાં એક દીવસ પોતે પોતાની જન્મોત્રી જોશી મહારાજ પાસે જોવરાવી; તેમણે કહ્યું કે મહારાજ આપને અગીયારમું વરસ ચાલેછે. આપના ગ્રહો બળવાન છે પણ બારમું વરસ બેઠા પછી તરત તમારે વનવાસ જવું પડશે. એમ જોઇ દક્ષીણા લઇ ઘેર જતા હતા તેને દામાવંતીએ જોયા એટલે બોલાવીને પુછયું કે મહારાજ, કેમ પધારયા હતા. જોશીએ કુંવરની જન્મોત્રી જોયાના સમાચાર કહ્યા ને પછી પોતાને ઘેર ગયા. એટલે

દામાવંતી પોતે મહા ચીંતા કરવા લાગી કે બારમું વરસ બેઠા પછી તો કુંવર વનમાં જશે તો પાછો જાણે કયારે આવશે. માટે જો એનું વેવીશાળ કરી પરણાવી દીધો હોય તો તે પોતાની સ્ત્રી સાથે માયા માં પડે ને તેની દયા જાણી કોઇ દહાડો પણ પાછો આવે એવો વીચાર કરી પોતાનો આશ્રીત એક બ્રાહ્મણ હતો તેને બોલાવી કહેછે.

**દુહા**—બ્રાહ્મણ પીરારે તને વીનવુંરે, તું તો જાએ જો ગામો ગામરે, તું તો૦ કુંવર જેવી રૂડી કન્યા લાવજે, મારૂં એટલું કરને કામરે; મારૂં૦ રૂપે ગુણેરે કંઇ શોભતીરે, તેમાં નાગે ખાંપણ કે ખોડરે; તેમાં૦ જેથી મારૂંરે મારો મોહી રહેરે, તેની મેળવ જુગતી જોડ; તેવી૦ ગુણ નહી ભુલું હું તો તાહરોરે, તને રાખીશ મારી પાસરે; તને૦ ધન આપુંરે જોઇએ એટલુંરે, તારા મનડાની પુ રીશ; આશ૦

દામાવંતી કહેછે કે હે બ્રાહ્મણ વીરા તને વીનંતી કરીને કહું છું કે તને વાટે જે ખરચવા ધન જોઇયે તે આપુ છું. હવે તે લઇને તું ગામે ગામ જઇ રૂડી રીતે શોધ કરી અમારા ઘર લાયક કોઇ કુળવાન અને ગુણવાન કન્યા જોઇને તેના માબાપના પણ ગુણનો તપાસ કરી મારા કુંવર ગજરામારૂજીનું વેવીશાળ કબુલ કરી પાછો અત્રે વહેલો આવજે. હે ભાઇ તું બહુ ચતુર છે માટે મારૂજીનું મન રાજી થાય અને જોતાંમાંજ તરતજ મોહ પામે એવી કન્યા સાથે સગાઇ કરી અતરે આવી વધાઇશ, તો તેજ વેળા તને શેલા પાઘડીનો શીરપાવ તથા પુષ્કળ ધન આપી તારાં દરીદ્ર દુર કરીશ. એવું સાંભળી બ્રાહ્મણ કહે છે કે બાઇ સાહેબ તમારો પરીપુર્ણ ખાત્રી છે માટે હાલ વાટ ખરચીના એકશો રૂપીઆ આપો એટલે તરત પંથે પડી ગામો ગામ શોધ કરી તમને ને મારૂજીને પ્રસન્ન પડે તેવી કલ્યાણથી ભરેલી, અને તેવીજ કુળવાન તથા

સ્વભાવે પણ ઘણીજ ચતુર ને સારી વિદ્યા ભણેલી શોધી લાવું. બ્રાંહ્મણ બહુ પ્રસન્ન થઇ વીચાર કરે છે કે કમળાવતી નગરીના રાજાની કુંવરી મારૂજીને યોગ્ય છે. માટે ત્યાં જઇ મારાથી બનતો પ્રયત્ન કરૂં ને જો ગુલાબસંગ એ મારી વાત કબુલ કરે તો વધારે ભટકવું મટે ને વળી રૂડી કન્યા મળેથી મારૂં પણ દરીદ્ર દુર થાય. એવું ધારીને તે નગર ભણી ચાલ્યો જાય છે. હવે ગુલાબસીંહજીની કુંવરી ચંપાદે એક સખીને પ્રસંગોપાત વાત થતાં બોલી કે હે બહેન મારા સાંભળવામાં આવ્યુંછે કે માંડવગઢ શહેરમાં જશોજામ કરીનેછે તેને સાત રાણીઓછે તેમાં ૭ માનીતી ને સાતમી અણમાનીતીછે. તે રાજાને કાંઇ સંતાન ન્હોતું માટે વનમાં જઇ બાર વરસ સુધી જગેશ્વર મહાદેવ પાસે તપ કરયું ત્યારે મહાદેવજીએ પ્રસન્ન થઇ રાજાને દર્શન દીધાં ને પુછ્યું કે, તારે કેટલી રાણીઓછે. રાજાએ કહ્યું કે સાત રાણીઓછે. એવું સાંભળતાં મહાદેવે તેને આંબા ઉપરથી સાત કેરીયો પાકી મંગાવી આપીને કહ્યું કે આ તારી રાણીઓને ખવરાવજે તેથી તેમને પુત્ર થશે. એવું કહી મહાદેવ અંતરધ્યાન થયા. ને રાજા પોતાને ઘેર આવ્યો તેણે પોતાની માનીતીને મહેલે ફળ આપી કહ્યું કે બધાં મળી સરખે ભાગે વહેંચી ખાજો એટલે તમોને પુત્ર થશે. એમ કહી રાજા પોતાના ઓરડામાં ગયા એટલે માનીતીઓએ દગલબાજી કરી સાતે ફળ ૭ જણીઓ ખાઇ ગઇ ને તેના છોતરાં ગોટલા બ્હાર નાંખી દીધાં. તે અણમાનીતીએ દાસી પાસે મંગાવી તેને વાટી તેની રાબ કરી પાધી ને શીવજી ઉપર ખરો ભરોસો રાખ્યો તેથી તેને શીવજી પ્રસન્ન થયા. તેણે કરીને તેને દેવરૂપ કુંવર જનમ્યો છે. તેનું નામ ગજરામારૂ મહારૂપ ગુણને પરાક્રમનો ભંડાર છે. તે વર જેના પુર્ણ ભાગ્ય હશે તેને મળશે. માનીતીએ દગો કરયો તેથી તેને બાંડીયાં મેંડીયા ને લુલા લંગડા કુરૂપ કુંવર જનમ્યા છે. એવી સખીને મોઢે વાત સાં-

ભળીને ઉતર આપ્યો કે પ્રીય સખી ? તું ખરૂં કહેછે ઇશ્વરની અકળગતી છે. તેથી તેની ઇચ્છા હશે તેમ બનશે. એવી વાતો કરી રહ્યા પછી સખીયો પોતાને ઘેર ગઇ. એટલે ચંપાદેના મનમાં બહુજ મોહ લાગ્યો તેથી તે જગેશ્વર મહાદેવની સ્તુતી કરી કહે છે કે ભોળાનાથ તમે અનેક ભકતોને વરદાન આપી તેઓના મનોરથ સફળ કરયા છે તેમ હું પણ વીનંતી કરી કહું છું કે ગજરામારૂજીને મેં મારા મને કરીને વરયો છે. માટે એજ વર મને દેજો કદાપી એ વાતમાં મારો બાપ કાંઇ હરકત કરશે તો મારો પ્રાણ ત્યાગ કરીશ. એવી રીતનો નીશ્ચય કરી રહી છે. એટલામાં બ્રાહ્મણભાઇ તેજ નગરમાં આવી પહોચ્યા. તે ચંપાવતીના મહેલ નીચેથી નીકળ્યો. તે સમયે ઝરૂખામાં કુંવરીને દેવરૂપ બેઠેલી જોઇ ઘણું આશ્ચર્ય પામીને તેના મોં સામુ એક નજરે જોઇ રહયોછે. તે જોઇ કુંવરી મહાચતુર તેથી તેના મનમાં કારણ સમજીને પોતાની દાસીને આજ્ઞા કરી કે પેલો બ્રાહ્મણ ઉભોછે તેને બોલાવ. એવું સાંભળી દાસી તરત જઇને બોલાવી લાવી, એટલે તેને માન દઇને આસન આપી બેસારીને પુછે છે.

દુહો—ક્યારે મુલકથી આવીયારે, તમે કયારે મુલકમાં જાઓરે; તમે૦ કહોને કોની જુવો છો વાટડીરે, વીરા શા કામે ખોટી થાઓરે. વીરા૦

ચંપાદે કહે છે કે હે મહારાજ ! તમે કીયે મુલકથી આવ્યા ને કયાં જાઓ છો ? આ શહેરમાં તમારે કોની સાથે કામ છે સત્ય કહો તે સાંભળી બ્રાહ્મણ કહે છે.

દુહો—ઉતર ખંડથી આવીયારે, અમે મુલક જોવાને કાજરે; અમે૦ જોયું નગર અતીશે આ શોભતુંરે, તેવો ગુણવંતો હશે રાજરે; તેવો૦

બ્રાહ્મણ કહે છે હે બાઇ! હું ઉત્તર ખડમાંથી મુલક જોવા નીકળ્યો છું તે કેટલાંક શહેર જોયાં પણ આ શહેરની શોભા સારી જોઇ વીચાર કર્યો કે જેવી શહેરની શોભા છે તેવો રાજા પણ ગુણવાન હશે તેથી તેની પ્રજા પણ સુખી હશે, એમ વીચાર કરતો હતો. એટલામાં તમે બોલાવ્યો, એટલે તમારી પાસે આવ્યો. બાકી આ શહેરમાં મારે કોઇ સાથે ઓળખાણ નથી એવી વાત સાંભળી ચંપાદે પોતાના મનમાં વીચાર કરે છે કે આ કોઇ રાજાનો મોકલેલો લગનીયો બ્રાહ્મણ ઘણો ચતુરછે, તેથી કોઇ રાજપુત્રનું વેવીશાળ કરવા સારૂ નીકળ્યો છે. પણ એ પોતાના મનનો ખરો વીચાર જણાવતો નથી. માટે એને સમ દઇને પુછું એટલે તે સત્ય બોલશે.

દુહા—શારે કામે તમે આવીયારે, તેતો સાચું બોલોને આપરે; તેતો૦ જુઠું બોલો તો મારા સમ છે, તમને સ્ત્રીહત્યાનું પાપરે; તમને૦

ચંપાદે કહે છે કે મહારાજ તમે આ શહેરમાં શા કામે આવ્યા છો તે સાચું ન કહો તો તમને મારા સમ છે અથવા સ્ત્રી હત્યાનું પાપ છે. એવું સાંભળી બ્રાહ્મ કહે છે.

દુહા—સાચું કહું છું તે સાંભળી, તમને મોહરૂપી વાગશે બાણરે; તમને૦ માંડવગઢથી હું આવીયો; રૂડી કન્યા જોવાને કાજરે. રૂડી૦ કોઇ નથી માયે જનમીયોરે; કોઇ નથી સાંભળીયો કાનરે; કોઇ૦ નામ સાંભળી નારી ઢળી પડે, બહુ વાગે તે મોહના બાણરે બહુ૦

બ્રાહ્મણ કહે છે કે હે કુંવરી મને આકરા સમ દઇ પુછ્યું માટે તને સત્ય કહું છું કે હું માંડવગઢના રાજા જસાજામના પુત્ર ગજરામારૂજી સારૂ રૂપાળી અને ગુણવાન કન્યા જોવાને નીકળ્યો છું. કેમકે મારૂજી રૂપ ગુણમાં અને વીદ્યા ચતુરાઇમાં ચોતરફ પંકાએલા છે. તેથી એનાં વખાણ કરવાની જરૂર પડે તેવું નથી. જો તેના રૂપ ગુણનું

વરણુન કરૂં તો તુ બહુ મોહીત થાય તેથી મુરછા આવે એવું સાંભળી ચંપાદે મોહ પામીને વીચાર કરે છે જે આજકાલ ગજરામારૂજી બહુ રૂપવાન તથા ગુણુવાન સંભળાય છે. ને મેંતો તેના નામનીજ તારીફ સાંભળી છે માટે તેજ હશે કે બીજો હશે, તે બ્રાહ્મણુ પાસે નામ દેવરાવ્યા વગર શી ખબર પડે, માટે ફરીને બ્રાહ્મણુને પુછે છે.

દુહો—કેઇરે જનેતાએ પુત્ર જનમીયોરે, એતો કીયારે રાજાનો કુમારરે; એતો૦ સાચું બોલોને બાંધવ માહરારે, તુને આપું એકાવન હારરે; તુને૦ વચન સુણીને વીભળ થઇરે, મારૂં મનડું તે નવ નવ રહે ધીરરે; મારૂં૦ વરમાળા ઘાલુંરે હુંતો હેતસુરે. કરી રાખું નણદલ કેરા વીરરે: કરી રાખું૦

કુંવરી કહે છે હે મહારાજ એવો કઇ માતાને પુત્ર જન્મ્યોછે કે જેના નામ ગુણુની તારીફ સાંભળતાં મારૂં મન મોહ પામી ગયું છે. વળી હવે વધારે વાર ધીરજ રહેતી નથી માટે ઝટ નામ દયો કે તે સાંભળીને મારૂં મન કાંઇક શાંત પામે, ને પછી તેને મારો પ્રાણુપતી કરવાને તૈયાર થાઉં. એવી રીતની કુંવરીની આતુરતા જોઇને બ્રાહ્મણુ કહે છે હે કુંવરી સાંભળ.

દુહો—કુંવર છે રાજા જસાજામનોરે, એનું માંડવ ગઢ છે ગામરે; એનું૦ એતો દામાવંતીનો દીકરોરે, એનું ગજરોમારૂજી છે નામરે: એનું૦ ગોર પુજી હશે પ્રીતથીરે; તેતો પામશે એ ભરથારરે તેતો૦ કાંઇ સફળ જનમ થશે તેહનોરે; તેનાં ભાગ્ય તણો નહી પારરે; તેના૦

હે કુંવરી એ માંડવધડના રાજા જસાજામની અણુમાનીતી રાણી પણુ પતીવ્રતા અને નીતી ભકતી ને પાળનારી એવી જે દામાવંતી નામે રાણી છે, તેને જગેશ્વર મહાદેવે પ્રસન્ન થઇને દેવ રૂપ કુંવર

આપ્યોછે ને તેનું ગજરોમારૂજી નામ રાખ્યું છે. માટે જેણે પેલેભવ પુરણ તપ કરયું હશે તથા આ ભવમાં ગોરની પુજા કરી નાના પ્રકારના વરત કરયાં હશે તે સ્ત્રી ગજરોમારૂ ભરથાર પામશે એવાં વચન સાંભળી ચંપાદે પોતાના મનમાં ઘણો હર્ષ પામી અને પરમેશ્વરની સ્તુતી કરી કહેવા લાગી.

હે પરમેશ્વર મેં તમારી સાચા દલથી ભક્તી કરી તેથી મારા મનમાં જે વરની ઇચ્છા હતી તે પ્રાપ્ત થવાનો સમય નજીક આવ્યો છે. પણ તે કૃપા કરીને નીરવીઘ્ને પાર પાડી મારા બાપના મનમાં પ્રેરણા કરજો. એવી પ્રાર્થના કરીને પછી બ્રાહ્મણને દક્ષણામાં સો મહોર આપીને કહ્યું કે મહારાજ તમે મારા પીતા પાસે જઇને યુક્તી બંધ વાત કરી તેમનો ભાવ ચોટે ને એ વેવીશાલ કબુલ કરે એવું કરજો. તે સાંભળી બ્રાહ્મણ કહે છે કે તમારે કશી ચીંતા કરવી નહી. ઇશ્વર પરમ દયાળુ છે. તેથી તે સારૂં કરશે એવું કહી રાજસભામાં આવી ઉભો રહયો ને રાજાની પોતા સામી નજર થએલી જોઇ આશારવાદ દીધો. એટલે રાજા પોતે મહા ચતુર તેથી તરત ચેતી ગયો, કે આ કોઇ પરદેશી બ્રાહ્મણ કંઇ કામ સારૂં મહારી પાસે આવ્યો હોયે એમ જણાયછે. પછી રાજાયે તેને આદરમાન દઇ પોતાની પાસે બોલાવી આસન આપી બેસાડયો, પછી તેના કુશળ સમાચાર પુછીને કહ્યું કે, હે બ્રહ્મદેવ; આપ કીયે દેશથી શા કારણ માટે અત્રે પધારયા છો તે કહેશો ? તે સાંભળી બ્રાહ્મણ કહેછે કે, મહારાજ? માંડવગઢમાં જશોજામ રાજા કહેવાય છે, તેના પુત્રનું વેવીશાળ કરવાને નીકળ્યો છું તે જ્યાં લખીત હશે ત્યાં યોગ બનશે. તે સાંભળી રાજા ગુલાબસીંગ કહે છે કે મારા સાંભળવામાં એમ આવે છે જે, જસાજામની સાત રાણીને સાત પુત્ર થયા છે, તેમાં કોઇ મુંગો. ૧ કોઇ બહેરો, ૨ ચીબો, ૩ બુચો,

૪ તોતળો, ૫ લંગરો, અને ૬ વાંદરા જેવા મ્હો વાળો ૭ એવા અતી કદરૂપા અને છેક મુર્ખો છે, તેવાને પોતાની દેવરૂપ અને ગુણવાન કન્યા કોણ આપશે ? તે સાંભળી બ્રાહ્મણ કહે છે કે, મહારાજ ! આપ કહો છો તે સર્વ સત્ય છે. પણ હું જેનું વેવીશાળ કરવા આવ્યો છું તે જસાજામની સાતમી રાણી દામાવંતી પરમ દયાળુ તથા પરોપકારી દુઃખભંજન, નીતી ભકતીવાન, અને રૂપવંતી છે, તેથી તેની ઉપર જગેશ્વર મહાદેવે બહુ કૃપા કરી રત્ન જેવો તેજસ્વી પુત્ર આપ્યો છે, તેમ ભણેલો પણ બહુ સારો છે. એવી રીતે વખાણ સાંભળીને રાજાયે પોતાની રાણી પાસે જઇ સરવે સમાચાર કહયા ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, મેં પણ દામાવંતીના પુત્ર ગજરામારૂજીની બહુ કીરતી સાંભળી છે, પણ તે અણુમાનીતી છે તેથી તેની પાસે રીધીસીધી કયાંથી હોય અને મારી પુત્રીને સુખ શા શી રીતે મળે. તે સાંભળી બ્રાહ્મણે સમ ખાઇને કહ્યું કે બાઇ સાહેબ ? ઇશ્વર આજ્ઞાથી સાચું કહું છું કે દામાવંતી અણુમાનીતી છે ખરી, પણ તેનો ભાઇ સાલાસુલા બહુ હુશીયાર અને ધનવાન છે. તેથી તે પોતાની બહેન દામાવંતીની સારી બરદાશ લેછે, તેમ રાજા પણ તેને ખરચવા સારૂ જે જોઇયે તે આપે છે માટે તે વીશે બેફીકર રહેવું. પછી તો તમારૂં ધ્યાન પહોંચે તેમ કરો. તે સાંભળીને રાણીએ ચંપાવતીને પુછયું કે હે પુત્રી ? આ બ્રાહ્મણ માંડવગઢના રાજા જસાજામના પુત્ર ગજરામારૂનું વેવીશાળ કરવા આવ્યોછે તે બહુ તારીફ કરી કહે છે કે "ગજરામારૂજી સર્વ સદગુણથી ભરપુર, મનનો ઉદાર અને મહા વીદવાનછે તેમ સ્વરૂપમાં કામદેવ સરખો કાંતિમાન છે. માટે જે કન્યા પરીપુર્ણ ભાગ્યવાન હશે તેજ એ કુંવરને વરશે " એવી રીતે આ બ્રાહ્મણ વખાણ કરેછે, માટે જો તારી મરજી હોય તો આપણે એ વાત કબુલ કરી શ્રીફળ આપીયે.

તે સાંભળીને ચંપાવતીને અત્યંત આનંદ થયો તાપણ પોતાના માતુશ્રીની મર્યાદા રાખી બોલી કે, હે માયાળુ માજી, મારૂં વેવીશાળ કરવું કે લગ્ન કરવું એ વીશે તમે તથા મારા નિર્થરૂપ પીતાજી વીવેક સાગર અને મહા વીચારવંત છો માટે જેમ તમારી બુધ્ધિની નજરમાં આવે તેમ કરવાને તમેજ મુખ્તીયાર છો; જે તમે કરશો તે રૂડુંજ કરશો એ વીશે હું બાલકી શું જાણું? એવી રીતનાં કુંવરીનાં વચન સાંભળીને તરત પોતાના પતીને કહ્યું કે હે સ્વામીનાથ, આ બ્રાહ્મણ માંડવધડથી જસાજામના પુત્ર ગજરામારૂજીનું વેવીશાળ કરવા નીકળ્યો છે ને બહુજ વખાણ કરે છે. માટે જો આપની આજ્ઞા હોય તો ચંપાદેનું વેવીશાળ બ્રાહ્મણને શ્રીફળ આપીયે. તે સાંભળી રાજાયે તેના મોં સામું જોયું તો તેનું મન પ્રફુલ્લ દીસવા લાગ્યું. એવી રીતે રાજા રાણીયે પરીક્ષા કરી પોતાની પુત્રીનું વેવીશાલ કબુલ કરીને તેને શ્રીફળ તથા દક્ષીણા આપી બ્રાહ્મણને વીદાય કરયો, તે થોડા દીવસમાં માંડવધડ આવી તરત હરતો હરતો દામાવંતીને મહેલે ગયો. તેને જોઈ દામાવંતી પુછે છે કે કેમ ગોર મહારાજ આજે તો ખુબ પ્રસન્ન જણાઓ છો તે શું કામ ફતેહ કરી આવ્યા? તે સાંભળી ગોરે સરવે બીના કહી તે સાંભળી પોતે પ્રસન્ન થઈને તત્કાળ ગોરને પાંચશો સોના મહોરને પાંચ વસ્ત્ર આપ્યાં. એટલે ગોર બહુ રાજી થઇને કહેછે કે હે બાઇ સાહેબ આપની ઉપર જગેશ્વર મહાદેવની ઘણીજ કૃપા છે માટે તેના પ્રતાપથી કમળાવંતી નગરીના રાજા ગુલાબસીંહજીની પુત્રી ચંપાદે નામે મહા રૂપ ગુણથી ભરપુર છે, તેથી આપના કુંવરને બહુ પ્રસન્ન પડશે એમ કહી ગોરે આજ્ઞા માગી એટલે તેન ગોળ ધાણા તથા સાકર ખવરાવી મીઠું મોહો કરાવી વીદાય કરયો. તે પછી પોતાના દાસ દાસીયો વગેરે સરવેના મ્હો ગોળ ધાણા તથા સાકરથી મીઠાં કરીને પ્રસન્ન કરયાં. એ વાતની જસાજામને કંઇ ખબર નથી. પણ ગજરા

મારૂજીએ માંડવગઢમાં તેમજ આસપાસના ગામોને દીનમાન આપી સર્વ જનોને પ્રસન્ન કરયા હતા. તેથી તેની કીરતી ચોતરફ ફેલાઇ ગએલી હતી તેથી જ્યાં સરવે લોકોને મોહોડે મારૂજીનીજ તારીફ સાંભળી એટલે જસોજામ બહુજ ક્રોધાતુર થઇને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આજ કાલ મારા પુરવાસી લોકો જ્યાં ત્યાં ગજરામ.રૂની બહુજ તારીફ કરે છે; માટે એણે ન્હાની ઉમ્મરમાં મ્હોટું નામ મેલવ્યું તેથી એ કોઇ દિવસ મને પણ નડીને મારી ખરાબી કરે એમાં કાંઇ શક નથી, માટે કાલે ખુદ તાકીદ કરીને એને વનવાસ કહાડું તો મને કશી વાતનું નડતર ન થાય. એવી રીતે નીશ્ચય કરીને પોતાની દાસીને કહ્યું કે આપણી ઘોડારમાંથી એક કાળો ઘોડો અને કાળાં વસ્ત્ર એટ વાનાં લઇને આજે એક પહોર રાત રહે તે વેળા કોઇ નજાણે એમ ગજરામારૂના મહેલના બારણા આગળ જઇને ઓટલાના થાંભલા સાથે આ ઘોડો બાંધીને કાળાં વસ્ત્ર તેના બારણા આગળ મુકજે તે પછી કોઇ ન જાણે એમ પાછી મને આવીને સમાચાર કહેજે. એવો હુકમ સાંભળી દાસીએ કહ્યા પ્રમાણે કામ કરીને પાછા રાજાને સમાચાર કહ્યા કે મહારાજ આપના ફરમાન મુજબ કામ કરી આવીછું. એમ કહી દાસી પોતાને ઠેકાણે ગઇ. પછી રાજા વીચાર કરેછે કે જો ખરા ટેકવાળો હશે તો હવે પછી મ્હારા નગરમાં ઉભો નહી રહે. એવો નીશ્ચય કરયો, એટલે મારૂજી પોતાના નીત્યના નીયમ પ્રમાણે પરોઢીયે ઉઠીને બારીએ આવી ઉભા રહ્યા તો પોતાના બારણા આગળ કાળો ઘોડો બાંધેલો જોયો તે ઉપર કાળાં રંગનાં વસ્ત્ર મુકેલાં હતાં તે જોઇને તત્કાળ વીચાર કરયો કે આ ઘોડો કાળાં વસ્ત્ર મહારા પીતાજીએ મને વનવાસ કાઢવા સારૂ મોકલ્યાં છે. તે મહારે કબુલ કરીને જવું જોઇયે જો ન જાઉં તો મહારી માની કુખ લાજે માટે હવે અહીં રહેવામાં મારી આબરૂ નહી. એવો નીશ્ચય કરી ઝાડે જઇ આવીને દાતણ પાણી કરીને

કબાટમાંથી પોતાની જન્મપત્રીકા કાઢીને પોતે ગ્રહ તપાસ્યા તો તેમાં પણ વનવાસનો યોગ તેજ દીવસે હતો. પછી ખરી ખાત્રી કરવા મહેલને પાછલે બારણેથી જન્મોત્રી કરનાર જોશીને બોલાવી જન્મપત્રીકા દેખાડી કે કેમ જોશીજી મહારાજ ! હાલમાં મારા ગ્રહ કેવા છે. તે સાંભળી જોશીએ ગ્રહ જોઇને કહ્યું કે હે મારૂજી, હાલમાં રાહુ મંગળ અને શની એ ત્રણે વાંકા છે તેથી તમારા પીતા તમારી ઉપર કોપ કરી આજ કાલમાં જરૂર વનવાસ કાઢશે. પણ બીજા સારા છે, તેથી તમારે કશી ચીંતા જેવું નથી. મારી જન્મોતરીમાં એવું લખ્યું છે કે બાર વરસ પૂરાં થયેથી તતકાળ વનવાસ ભોગવવા પડશે, માટે એ મુદત આજે પુરી થઈ છે. પણ જ્યાં જશો ત્યાં ફતેહ મેળવીને પાછા લાભ અને જશ મેળવી પોતાને ઘેર આવશો. માટે હાલમાં બારમું વરસ દેશવટો દેવરાવશે. તે સાંભળી જોશીને દક્ષીણા આપી વીદાય કરીને નીત્યનો પોશાક બદલી કાળાં વસ્ત્ર પહેરીને કાળા ઘોડા ઉપર બેસીને પોતાની માતા પાસે આજ્ઞા માગવા સારૂ આવે છે. તેને છેટેથી કાળા વસ્ત્ર પહેરી કાળા ઘોડા ઉપર બેઠેલા જોઇને પેટમાં અત્યંત ફાળ પડી કે આજે કુંવરજી કાળો પોશાક પહેરી કેમ આવે છે? એટલામાં નજીક આવ્યા તેને જોઇને દામાવંતીની આંખોમાંથી અષાડા મેઘના નેવાં પડે તેવી રીતે આંસુની ધારા ચાલી, મુખે કાંઇ બોલી શકાતું નથી તોપણ ડરતાં ડરતાં પુછે છે કે અરે લાડકડા પુત્ર, તેં ક્યાં જવાની તૈયારી કરી છે? તે ઝટ કહે હવે ક્ષણવારની મહારા મનમાં ધીરજ. રહેતી નથી. માટે તું બોલ્ય ! તોય કુંવર બોલતો નથી, એટલે માતા કહે છે.

દુહો—કોનાં ફોડયાં ને કોનાં ડોળીયાંરે; કુંવર કોનો કરયો ભંજવાડરે; કુંવર૦ કાળે ઘોડે ને કાળે લુગડેરે, જોઇ લાજી મરં રજવાડરે; જોઇ૦

દામાવંતી કહે છે કે મ્હારા વહાલા અને લાડકડા પુત્ર ! એવો તેં શો અપરાધ કરયો છે, જે કાળો પોશાક પહેરીને કાળે ઘોડે તું બેશી વન જવા નીકળ્યો છું. અરે પુત્ર તું મને વહેલું કહે કે, મારાથી બને તે ઉપાય કરૂં. હું મુળથી અણુમાનીતી છઉ પણ તારો જન્મ થયા પછી હું કશાય દુખને ગણુતી નથી પણ જો તું મને મુકી વનમાં જાય તો તારા વીયોગથી મારે શી રીતે દીવસ કાઢવા. અરેરે ! આ જગતના લોક મને તરેહવાર બોલશે. વળી તારો મામો સાલોસુલો મને ઠપકો દેશે માટે જે હોય તે ખરૂં કહે. જો બીજા કોઇયે વીના અપરાધે તને કશી વાતે દુભ્યો હોય તો તારા મામાને બોલાવી તેનું મુળ કઢાવું. માટે તને મહારા સમછે જે હોય તે સાચું કહે, તે સાંભળી મારૂજી વીચાર કરે છે કે મારી માતાની મારી ઉપર ઘણી મમતા છે, માટે જો મહારા પીતાનો વાંક કાઢીશ તો તેને ઘણું ઓછું લાગી આવશે દરેક માણુસોને નસીબમાં સુખ દુઃખ લાભ અને ખોટ લખ્યા પ્રમાણે અવધીયે ભોગવવાં પડે છે. તેમાં બીજા કોઇને દોષ ન દેવો. એવો વીચાર કરીને પોતાની માયાળુ માતાજીને કહે છે.

દુહો—નથીરે ઢોળ્યાં નથી ફોડીયાંરે, મેંતો નથી કરયો ભંજ-વાડરે; મેંતો૦ પુત્ર કાળે લુગડેરે, આવી પહોચી કરમની આડરે, આવી૦ જોશીયે કરીતી જનમોતરીરે, તેના લખ્યા હતા લેખરે; તેના૦ તેમાં બારમે વરસે જરૂર વન ચાલશે, તેમાં મીથ્યા નહી મીન મેખરે. તેમાં૦ માટે વહાલી મહારી માવડીરે, મુને ઝટપટ આપજો શીખરે; મુને૦ ક્ષણુ રહેવું ગમતું નથી શહેરમાંરે, હુંતો દેખું હલાહલ વીખરે. હુંતો૦

ગજરેમારૂ કહેછે કે મેં કોઇનો કશી વાતનો અપરાધ કર્યો નથી. તેમ મારે કોઇ સાથે કશી વાતનું વેર નથી, પણ મારી જન્મોતરીમાં એવું લખ્યું છે કે બાર વરસ પુરાં થયેથી તતકાલ વનવાસ ભોગવવો પડશે.

માટે એ મુદત આજે પુરી થઇ છે. તેથી મારા કમનશીબ યોગે આજે દીવસ ઉગ્યા પહેલાં મારા મહેલના ઓટલા આગળ કાળો ઘોડો થાંભલા સાથે બાંધીને તેની ઉપર વનવાસ પહેરવાનો કાળો પોશાક તૈયાર મુકેલો હતો તેથી હું ઉઠયો તેવોજ વસ્ત્ર સુદ્ધાં ઘોડો મારી નજરે પડયો તે પછી દાતણ કરી મોહો ધોઇને આ પોશાક પહેરી આપની પાસે આજ્ઞા માગવા આવ્યોછું તે જો આપ ઝટ વીદાય કરો તો હું મારે રસ્તે પડું. જો લખીત હશે તો પાછો આવી તમારી સેવા કરીશ. ને કદાપી દૈવયોગે પાછો મીલાપ ન થાય તો તમને મારો જન્મ થયા પછીથી તે આજ સુધી મારી ઉપર જે મમતા રાખી મને પાળીપોષી મ્હોટો કરતાં જે જે કષ્ટ પડયું છે તે બધું હું સમજુ થયા પછી મારા ધ્યાનમાં છે માટે મારી માયાળુ માજી હું જીવું ત્યાંસુધી આપનો અત્યંત ઉપકારી સેવક છું; પણ આ વખત તમારાથી જુદો પડુંછું આ વખત એમ કહી માતાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરયો તે જોઇ દામાવંતીની આંખોમાંથી અષાડો મેઘ તુટી પડયો. કુંવરનાં મધુરાં વચન સાંભળીને મુરછા આવી અને કેટલીકવારે સુદ્ધી આવ્યા પછી પોતાના કુંવરને રડતી રડતી કહે છે.

દુહો—તમેરે ચાલ્યા મારૂ ચાકરીરે; હવે અમને કુનો આધારરે; હવે૦ દુખની વાતો કોને કીજીએરે, મ્હારી કુણુ તે કરશે વારરે. મારી૦

દામાવંતી કહેછે હે પુત્ર! તારા આનંદયુક્ત મુખને જોઇ આનંદથી દીવસ કાઢતી હતી; તે હવે તારા વીયોગથી શી રીતે દુખના દીવસ ગત કરૂં અરેરે! હું કેવી અભાગ્યણી છું મને પોતાના પતીનું જરાએ માન નહીં તેનું મન વાળવા જગેશ્વર મહાદેવે તારા સરખો રત્ન તુલ્ય પુત્ર આપ્યો તેથી બીજાં દુખ વીસારી મુકયાં હતાં પણ હવે તું વનમાં જાય તો હું શી રીતે દીવસ ગુજારૂં. અને મ્હારા દુખની વાત

કોને કહ્યું એવી રીતે માતાનાં દીલગીરી ભરેલાં વચન સાંભળીને ગ-જરામારૂજી દીલાસો આપી કહે છે.

**દુહો**—તમને સોંપીરે સમરથ સાસરીરે, માતા સુંપી મહીયરની વાટરે, માતા૦ અહીંયા રહોને તમે સુખેથી, પીયર ગયેથી ઉચ્ચાટરે. પીયર૦

કુંવર કહે છે કે હે માતાજી, અત્રે સાસરીમાં તમને પતીનાં સ્નાન વગર બીજાં બધાં સુખછે. તેમ પીયરમાં તમારો ભાઇ ધનવાન, ઉદાર, દયાળુ ને માયાળુ છે માટે તમને કશી વાતનું દુઃખ નહી દે એવું સાંભળી માતા કહે છે.

**દુહા**—સાસરીયામાં પતી રૂસણુંરે, મારા પીયરમાં ભોજાઇ લાંઠરે, મારા૦ પ્રાણ આધાર તું ચાલીયોરે, મારા જીવતરમાં ઉડી વાટરે. મારા૦

હે કુંવર! તું મને સાસરામાં રહેવાનું કહે છે તે ખરૂં, પણ તારા બાપનું હેત મ્હારા ઉપર કેવું છે તે તું સારી પેઠે જાણે છે વળી તું પીયરમાં રહેવાનું કહેછે તે ઠીક છે. કેમકે મારો ભાઇ મહારી ઉપર ઘણીજ માયા રાખેછે પણ મારી ભોજાઇનો સ્વભાવ આકરો છે, તેથી તે કોઇ સમયે આકરા બોલ બોલે તો મહારાથી વેઠાય નહી. વળી સાસરીયામાં રહું કે પીયરમાં જાઉં તોપણ તારી માયા મને એક ક્ષણવાર વીસરશે નહીં. તારા વિયોગ દુઃખથી મને ભોજન ભાવશે નહીં. તેમ નીંદ્રા પણ આવનાર નથી. માટે મારા દુઃખ વીરામ દીકરા તને મહારી દ્રષ્ટીથી દુર જવા દેનાર નથી, એમ કહીને અત્યંત રૂદન કરવા માં-ડયું. તે જોઇ, કુંવરજી કહે છે કે હે પરમ દયાળુ માજી! તમારા ખરા અંતઃકર્ણની માયા મહારી ઉપર કેટલી છે તે હું સારી પેઠે જાણું છું. ને મહારા વીયોગથી તમને જે દુઃખ થનાર તે પણ સારી પેઠે જાણું છું, માટે તમને મુકી દુર ન જાઉં. પણ મ્હારી જન્મોત્રીમાં લેખ લખેલો

છે કે બારમું વરસ પુરૂં થતાં જરૂર વનવાસ જવું પડશે તે વાત તમારાથી અજાણી નથી વળી મારા તીર્થરૂપ પીતાજીની પણ એવી મરજી જણાયછે કે મને વનમાં મોકલવો, તે જો ન જાઉં તો મને અને તમને સુખે રહેવા દેશે નહી. તે સારૂં મહારાજ જોશીએ કહ્યું છે કે તમે વનવાસ નીકળો જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં લાભ અને જશ મેળવી કુશળ કલ્યાણથી પાછા ઘેર આવશો. એવી રીતનો ગ્રહયોગ છે માટે મહારી કશી ચીંતા ન કરવી. જો તમો આજ્ઞા આપો તો હું પંથે પડું એવી રીતે કુંવરનાં વચન સાંભળીને માતા વીચાર કરેછે કે મહારો પુત્ર બુદ્ધિનો સાગર છે તોપણ બાલહઠ કરે છે તેથી તે હાલ મહારૂં વચન માનતો નથી, માટે જો આ હકીકતનો પત્ર લખી એક સ્વારીને હમણાજ પવન વેગી સાંઢ ઉપર બેસારીને મહારા ભાઈ સાલાસુલા પાસે પત્ર લઇને મોકલું તો તેને ખબર થાતાં તે હજાર કામ પડતાં મુકી આજે રાતની રાતમાં મહારી પાસે આવીને પોતાના ભાણેજને વનવાસ જતાં અટકાવશે; અથવા તેમ નહી માને તો મ્હારા ભાઇને કહીને આજે રાતમાંજ એનાં લગન કરાવું એટલે માયામાં નાંખી રોકી રાખશે. એવી રીતે પોતાના મનમાં પક્કો વીચાર કરીને પોતાના લાડકડા કુંવરને કહે છે.

**દોહા**—આજનો વાસોરે રહો મહેલમાંરે, તમને વહાણામાં દેશું શીખરે; તમને૦ ના કહ્યા ઉપર નીસરે, તો હું ઘોળીને પીઉં વીખરે; તો૦

દામાવંતી કહેછે કે હે પુત્ર, મહારે જે જે તને કેવાનું હતું તે બધુંએ તને કહ્યું તોપણ તું મહારી કશીયે વાત માનતો નથી ને મહારાથી તારી માયા મુકાતી નથી માટે હે પુત્ર, તું પણ આજની રાત મહારી પાસે રહી કાલે વ્હાણામાં જજે. એટલું વચન તો તારે જરૂર માનવું જોઇએ. એમ કરતાં જો નહી માને તો આ ક્ષણે ઝેર

ચોળીને પીશ તો તને મ્હારી હત્યા લાગશે. એવી રીતે માતાની મમતા જોઈ કુંવરના મનમાં બહુજ દયા આવી તેથી એક રાત રેહેવાનું વચન આપ્યું એટલે કુંવરને કહે છે કે હે પુત્ર ઉનું પાણી તઇયારછે માટે તું નાઈ લે. એમ કહી પોતાના સેવકો પાસે નાના પ્રકારના સુવર્ણના બાજઠ ઉપર બેસારી સારી રીતે ચોળીને નવરાઓ એટલે રસોડામાંથી રસોઇયો કહે છે કે હે બાઇસાહેબ રસોઈની સરવે સામગ્રી તઇયાર છે, માટે કુંવરને લઇ જમવા વહેલાં પધારો. તે સાંભળી મારૂજી પીળું પીતાંબર પહેરીને રસોડા આગળ સુવાસીત ચંદનના પાટલા ઉપર બેઠા એટલામાં માતા પણ નાહી વસ્ત્ર બદલી કુંવર પાસે આવી બેઠી એટલે કુંવર કહેછે કે આવો મહારી માયાળુ માજી? આપણે બંને ભેળાં બેશી ભોજન કરીયે; તે સાંભળી માતા પ્રસન્ન થઇને પુત્ર સાથે બેશી જમતાં જમતાં કહે છે કે અરે! લાડકડા આજે તો તારો મારો સંજોગ છે માટે બધી ચીંતા દુર છે. માટે તારી સાથે ધરાઇને જમુછું. તું પણ જે જોઇયે તે પદાર્થ માગી સારી રીતે જમજે વળી પરમેશ્વર ભેગાં કરશે ત્યારે થશું, એવું સાંભળી કુંવર કહે છે કે માજી આજનું સર્વ ભોજન અતી ઉત્તમ છે તેમ સ્વાદીષ્ટ પણ છે. તે જમી પ્રસન્ન છું. એમ વાતો કરતાં બેઉ જણ રૂચી પ્રમાણે જમી રહ્યા એટલે સેવકે પાનનાં બીડાં એલચી લવીંગ સોપારી કાથો ચુનો વગેરે નાંખી બનાવીને તરત આપ્યાં તે બેઉ જણાયે ખાધાં પછી બીજા સેવકોને જમવાની આજ્ઞા આપીને પોતે પોતાના સુવાના ઓરડામાં આવીને એક કોચ ઉપર પુત્રને સામો બેસાડી પોતે બેઠી. એટલે કુંવર કહેછે કે માતાજી, મારે વન જવાને કાળો ઘોડો તથા પોશાક ગુપ્ત ઠેકાણે રખાવજો કેમકે હું તમારી પાસે આજનો દીવસ ને આજની રાત્રી રહેવાને કબુલ થયો છું એ વાત કોઇ જાણે નહી તેમ થવું જોઇયે, તે સાંભળી માતાએ સરવે બંદોબસ્ત

કરયો. પછી પરસ્પર વાતો કરતાં રાત્રી પડી એટલે પાછા રૂચી પ્રમાણે વાળુ કરી પાછા શયન ઘરમાં જઇ મા દીકરો વાતો કરે છે, એટલે એક પહોર રાત ગઇ ત્યારે કુંવરને નીંદ્રા આવી તેથી તે પોતાના પલંગ ઉપર સુઇ ગયો ને થોડીકવારે ભરનીદ્રાવશ થયો; એટલે દામાવંતીએ વીચાર કર્યો કે હવે બેશી રહે કાંઇ સીદ્ધી નથી માટે જે જે ઉપાય કરવાના તે કુંવર ઉઠ્યા પહેલાં કરી લઉં, એવો નીશ્ચય કરીને મધ્ય રાત્રી થઇ એટલે સરવે લોક નીદ્રાવશ થયાં ત્યારે દામાવંતી ઓરડા બંધ કરી પોતે એકલી રૂડીયા રબારી પાસે જવાને નીકળી તે તરત રબારીને ઘેર પહોંચી પણ તેનાં બારણાં બંધ હતાં તેથી પોતે રૂડીયાને હાંક મારી તોપણ કોઇએ ઉત્તર ન આપ્યો એટલે વળી દામાવંતી કહે છે.

**દુહા**—રૂડીયા રબારી વીરા વીનવું રે, હું તો તુજથી નાનેરી લાગુ બેનરે; હું તો૦ કામની છે મહારે ઓપટી, મારે આવીછું માઝમ રેનરે; મારે૦ ઝટપટ ઉઠી તું તો જાગજેરે. કાંઇ લાવી મારા પર મહેરરે; કાંઇ૦ મહોનાં માગ્યાં મુલ આપીયે, તું તો જાય જો અમનગર શહેરરે; તું તો૦ કુંવર વીદેશે મહારો જાય છે રે કાંઇ જોબન બાળે વેશરે; કાંઇ૦ સાલાસુલાને એમ કહેજે, તારો ભાણેજ જાય પરદેશરે; તારો૦

એવી રીતે દામાવંતી રૂડીયાના બારણા આગળ ઉભી રહીને પોકાર કરેછે પણ રૂડીયો ખાટલો તળાઇ નાંખીને ભર ઉંઘમાં સુઇ રહેલો છે, ને તેની સ્ત્રી જાગતી બેસીને પોતાના ધણીના પગ ચાંપ્યા કરેછે તેણે અવાજ સાંભળી વીચાર કરયો કે અત્યારે મધ્યરાત ગઇ છે તે વખત ઘણા જરૂરના કામ વગર કોઇ આટલી બુમો પાડે નહીં માટે તેને હુંજ ઉત્તર આપું નહી તો મારો ધણી ભર ઉંઘમાંથી જાગી ઉઠશે. એવો વીચાર કરીને રૂડીયાની વહુ બારણે આવીને

દામાવંતીને પુછે છે.

દુહો—ટહાડી રાતેરે તું તો ટળવળેરે, કાંઇ શોર તારો બંધ રાખરે; કાંઇ૦ રબારી ગયો છે એને સાસરે, તેની ડાબી તે દુખે છે આંખ્યરે; તેની૦

એ રીતે રૂડીયાની વહુએ કહ્યું કે હે બાઇ, તમે અડધી રાતનાં શીદ પોકાર કરો છો? રબારી ઘરમાં નથી. એતો એમને સાસરે ગયા છે, ત્યાં તેમની આંખ્ય દુખે છે તેથી તે હાલ તમને મળનાર નથી, માટે ખાલી શીદ હાંકો મારો છો? એવા રબારણના બોલ સાંભળીને દામાવંતી વીચાર કરે છે કે દુખીયાને ઉંઘમાંથી ન જગાડવો એટલા માટે રબારણ જુઠું બોલે છે, કેમકે રબારી એને સાસરે ગયો છે ને ત્યાં તેની ડાબી આંખ દુખે છે એ વાતની કેમ ખબર પડી માટે તેના બોલવા ઉપરથી પરીક્ષા થાય છે કે તે ખરૂં બોલતી નથી ને મારે ઘણીજ ઉતાવળછે તેથી એને કાંઇ લાંચ આપું તો મારૂં કામ સહેલથી થાય એવો નીશ્ચય કરીને ફરી દામાવંતી કહેછે બાઇ સંભાળ.

દુહા—રબારીને દઉં મ્હોરો રોકડીરે, તને આપું આ સોનાનો હારરે; તને૦ માટે ઝટ જગાડ તારા નાથનેરે, મ્હારે કામ પડ્યું દરબારરે; મારે૦

દામાવંતીયે કહ્યું કે હું તારા ધણીને મહેનતના બદલામાં સોનાની મ્હોરો રોકડી આપીશ. અને આ સોનાનો હાર પાંચશે રૂપીયાનો છે તે તને આપું એમ કહી રબારણને હાર આપ્યો, તે જોઇને તે બહુજ રાજી થઇ એટલે તરત ઘરમાં જઇને પોતાના ધણીને જગાડીને કહેછે કે દરબારમાંથી એક બાઇ આવી છે તે કહે છે જે મારે આ વખત રૂડીયા સાથે ઘણું તાકીદનું કામ છે. તે સાંભળી રૂડીયો બહુજ બીહીને વીચાર કરેછે જે મેં કોઇનો કશી વાતનો ગુનો કર્યો નથી પણ કદાપી મારા ચાકરનો કંઇ વાંક આવ્યો હોય તો પુછી

જોઉં. એવો વીચાર કરી પોતાના ચાકરને પુછેછે કે આજે તેં ગાયો અને ભેંસો ક્યાં ચારી હતી? જે દરબારમાંથી એક બાઇ આ વખત આવી છે માટે જે હોય તે સાચું કહે. જો ગાયો ભેંસો કોઇના ખેતરમાં પેશી અનાજ વગેરેનો બગાડ કરયો હશે તો રાજા દંડી નાંખશે. એવું સાંભળી ચાકર કહે:—

દુહો—ઉગમણી ગાયો ભેંસોરે ચારીયોરે; મેં તો આથમણી ચારી સાંદરે; મેં તો૦ કોઇના ખેતર નથી ભેલવ્યાં, નથી કોઇનો કરયો ભંજવાડરે. નથી૦

એ રીતે ચાકર કહેછે કે, મેં કોઇના ખેતરમાં અથવા બીજે ઠેકાણે કશી વાતનો કાંઇ પણ ભંજવાડ કર્યો નથી. માટે તે વીશેની કશી ફીકર કરશો નહી, કદાપી બીજા કાંઇ કામ સારૂ દરબારનું તેડું આવ્યું હોય તો તમે બારણે જઇને પુછી જુઓ એટલે જે હશે તે બધીએ ખબર પડશે. એવી રીતે ચાકરની વાત સાંભળીને રૂડીયો તરત બહાર આવીને જુવે છે તો ગજરામારૂની મા દામાવંતી વાટ જોઇને ઉભીછે. તેને દીવો લાવી મોહો જોઇ તરત ઓળખીને પુછે છે કે બાઇસાહેબ, તમે આપોઆપ અડધી રાતે શા કારણ માટે આવ્યાં છો? અરે બાઇ તમે ચાકરને મોકલ્યો હોત તોપણ તરત આવત તે સાંભળી દામાવંતી કહે છે કે હે ભાઇ આ વખત તારૂં જરૂરનું તેમજ બહુ તાકીદનું કામ છે માટે હું પોતે આવી છું. તે સાંભળી રૂડીયો કહેછે કે જે કામ હોય તે તરત કહો એવું સાંભળી દામાવંતી કહેછે, કે હે ભાઇ! સવારે મારો પુત્ર ગજરામારૂ કાળો પોશાક પહેરીને કાળા ઘોડા ઉપર બેશીને વનવાસ જવાને તઇયાર થયો હતો તે મારી રજા લેવા આવ્યો એટલે તેને ઘણી રીતે સમજાવ્યો કે તું વનવાસ ન જા, પણ તે મારૂં માનતો નથી માટે જેમ તેમ સમજાવી આજની રાત રાખ્યો છે, માટે તું તારી પવનવેગી

સાંઢ ઉપર બેશીને અમારો સરવ હકીકતનો કાગળ લઇ પવનવેગે અમનગર જઇને મારા ભાઇ સાલાસુલાને આ પત્ર આપી તરત તૈયાર કરીને પહોર રાત રહે તે પહેલાં જો તેડી લાવે તો તે ગજરામારૂને સમજાવી વન જતાં અટકાવે તો બહુ સારૂં થાય, ભાઈ, જો આ વખત તું મારૂં આટલું કામ કહ્યા પ્રમાણે કરી આપીશ તો તારો ગુણ હું અને મારો ભાઇ જીવતાં સુધી ભુલનાર નથી માટે તું હમણાં વેહેલો જા, ને અમનગરથી મારા ભાઇને તરત તેડીને એક પહોર રાત રહે તે પહેલાં અહીં આવી મને વધામણી આપજે કે હું કામ ફતેહ કરી આવ્યોછું. મને ઘણી વાટ જોવરાવીશ નહી. એવી રીતે દામાવંતીની બહુ તાકીદ જોઇને રૂડીયો પોતાની સાંઢનાં વખાણ કરી કહેછે.

દોહા—ત્રણુંશેને સાઠ મહારે સાંઢણીરે, તેમાં ગંગા જમનાની જોડરે; તેમાં. જાય મન વેગે ચાલતીરે, એમાં કાંઇ નથી ખાંપણ ખોડરે એમાં૦ અખંડ દીપક ઘીના જળહરે. તેને ધુપ અગરના થાયરે. તેને. એતો ચારો ચરે નાગરવેલનોરે તેતો પલકે જોજન એક જાયરે તેતો. માટે વેગે હું જાઉછું રે બેની મનમાં ન રાખજો ધીરરે બેની. અમનગર પહોચ્યું પલકમાં, તેડી લાવું તમારો વીરરે. તેડી.

રૂડીયો કહે છે કે હે બાઇ! મારે ત્રણસેને સાઠ શાંઢો છે તેમાં ગંગા જમનાની જોડ છે તે બે દેવાંશી છે માટે તેની પાસે બે બાજુએ બે અખંડ ઘીના દીવા બળે છે અને અગર ચંદન વગેરે સુગંધીદાર પદારથનો ધુપ થાય છે. તેવીજ તે ગુણવાન છે, તેનું ખરૂં પારખું આજે તમારા જોવામાં આવશે. બાઇ સાહેબ અત્યારે તમારા કહ્યા પ્રમાણે વેહેલું કામ કરી આવીશ તેનો પકો ભરૂંસો રાખજો એવી રીતે રૂડીયાના હીમત ભરેલાં વચન સાંભળીને દામાવંતી કહે છે.

દુહા—રસ્તે જાજે તુંતો જાળવીરે, વીરા અંધારી રાત્યનું

કામરે; વીરા. ખરે વાલેશરી તુંતો માજીરો, માટે ચાલી જવા કેરી હામરે; મારે. ગુણ નહી ભુલું વીરાં તાહરારે, મારા ભાઇને વેહેલો તેડી લાવ્યરે; મારા. સવા લાખ રૂપઇયા આપીશ રોકડા, ઝટ કામ કરી ઘેર આવ્યરે, ઝટ.

દામાવંતી કહેછે કે હે ભાઇ, તારા હીંમત ભરેલા શબ્દ સાંભળી હવે મારી પુરી ખાત્રી થાય છે. તારા બોલવાનો બધો અરથ હું સમજી માટે હવે બીજી કશી વાત કરી એક પલવાર ખોટી થઇશ નહીં એવી તાકીદની વાત સાંભળી રૂડીયો રબારી કહે છે કે બાઇ-સાહેબ હવે સાંઢ ઉપર પલાણ નાંખી તરત રવાને થાઉછું તે નજરે જોઇ આપને ઘેર પધારો એમ કહી સાંઢ ઉપર સાજ નાખે છે.

**દુહા**—સાંઢની કોટેરે સોના સાંકળીરે, એની પાસે મોતીના હારરે; એની. પગમાં પહેરાવ્યાં રૂડાં ઝાંઝરાં. તેનો થાએ ઝણઝણ ઝણકારરે. તેનો. સોના રૂપાનો એનો કાંઠલોરે, રૂડું રત્ન જડીત્ર પલાણુરે; રૂડું હીરે જડીત્ર એની મોરડી, જાણે આકાશે ઝલકે છે ભાણુરે. જાણે. કસબી મંડલ શીરપર ધરયુંરે, પછે રૂડીયો થયો અસ્વારરે; પછે. રજા માગી રાણીની ઝટ ચાલીયો. તેની ઉતાવળનો નહી પારરે. તેની.

એવી રીતે રૂડીયે પોતાની સાંઢ ઉપર પલાણ નાંખીને પોતે ઉત્તમ પ્રકારનો પોશાક પહેરી ઢાલ તરવાર ને બંદુક સાથે લઇ હાથમાં ચાબુક લેઇ સાંઢની ફરતી પાંચ પરદક્ષણા ફરી તેને સલામ કરીને દામાવંતીની રજા લઇને તરત અસ્વારી કરી. પવનવેગે પરમેશ્વરનું નામ દઇને ચાલ્યો તે જોતાં જોતાં એક કોશ પહોંચ્યો એટલે દામા-વંતીને પરીપુર્ણ ખાત્રી થઇ કે રૂડીયો કહ્યા પ્રમાણે આવશે એવો નીશ્ચય કરીને દામાવંતી પોતાના મહેલમાં કોઇ ન જાણે તેમ પાછલે બારણે થઈ સુવાના ઓરડામાં ગજમારૂની પાસે આવીને

જોયું તો ભર ઉંઘમાં સુતેલો છે. તેના આનંદી મોહો સામું જો
પોતે મહાદેવજીનું સ્મરણ કરી કહે છે કે ભોળાશંભુ તમે મને કૃ
કરી આવો રત્ન જેવો પુત્ર આપ્યો તે સદા સંજોગે રહેવો જોઈ
તેનો વિયોગ થવા દેશો? અરે મહારાજ એમ થવા દેશો નહી
દાપી મારૂં ધારયું ન થાય તો એની જ્યાં જાય ત્યાં રક્ષા કરજો :
તમારી પ્રસાદીનો પુત્ર છે. એવી રીતે મહાદેવની સ્તુતી કરી પુત્ર
ખુશનુમા ચહેરા સામુ જોયા કરે છે. દામાવંતીની રજા લઇ રૂડ
પવનવેગે સાંઢને ચલાવી છે. તેણે ચાલતાં ચાલતાં અમનગર
કોશ રહ્યું એટલે એક સુંદર રૂપવંતી સ્ત્રી જોઇ તે પણ સમસમ
કરતી ઉતાવળી ચાલી જાય છે. તેને જોઇ રૂડીયો પુછેછે કે હે બાઇ
જાતે કોણ છે, અને આ અંધારી રાતે કયાં ચાલી જાય છે. તે
શ્વર આજ્ઞાથી સાચુ કહે. તે સાંભળી તે સ્ત્રી કહે છે કે હે ભાઇ
પોતે સ્ત્રીને વેશે રાત છું તે થોડીવારે મારો અમલ પુરો થશે એટ
અમનગરમાં જઇ વાણું કરીશ. એવી રીતે રાતના વચન સાંભ
રૂડીયાએ વીચાર કરયો કે આ રાત વેગેથી જઈ વહાણું કરશે
મહારૂં અને દામાવંતીનું ધારયું થશે નહી માટે પરપંચ રચ
એને મહારે કબજે કરી લઉં તો ધારેલું કામ પાર પડે એવો
શ્ચય કરી રાતની સાથે મીઠી મીઠી વાતો કરી માયા લગાડીને પો
ના હાથમાંની જાણીને ચાબક નીચે નાંખી દઇને રાતને કહે છે
માસી મારી, ચાબક નીચે પડી ગઇ છે તે લઇ મારા હાથમાં આ
ત્યારે રાત કહે છે કે નારે ભાઇ, મારાથી ખોટી થવા જેવું ન
માટે તું તારે હાથે લે, ત્યારે રબારી કહે છે કે માસી! મારે ર
નીચે બેસારી ખોટી થવું પડશે માટે મહેરબાની કરી ચાબક આપ
તો તમારો પાડ માનીશ. એવું સાંભળી રાતને દયા આવી તેથી :
બક લઇ રબારીને કહે છે કે લે ભાઇ, એમ હાથ ઉંચો

એટલે રૂડીવાએ તેનું કાંડું મજબુત પકડી સાંઢ ઉપર ખેંચી લઇ ક-બજે કરી ચાલતો થયો ને વીચારે છે જે આપણે ઠીક તાલ આવી ગયો, માટે હાલ એને મુકું નહીં. એમ કરતાં અમનગર આવી પહો-ચ્યો પણ શેહેરના દરવાજા બંધ જોઇ દરવાનને હાક મારી કહે છે.

દુહો—દરવાન વીરા તને વીનવુંરે, મારે જાવું છે રાજાની પાસરે મારે. માટે ઝટ જાવાદે મુજને, પછે દરવાજે વાસરે; પછે.

રૂડીયો કહે છે કે હે દરવાન વીરા તું ઝટ દરવાજો ઉઘાડી મને જવાદે કેમકે રાજાની પાસે મારે બહુ તાકીદનું કામ છે માટે જરા પણ વાર ન લગાડતાં દરવાજા ઉઘાડ, નીકર તું રાજાના ઠપકામાં આવીશ એવાં વચન સાંભળી દરવાન કહે છે ભાઇ સાંભળ

દુહા—બંધ દરવાજો કેમ ઉઘડેરે, કાંઇ કુંચીયો પડી દરબારરે કાંઇ રાત રહોને અત્યારે બારણે, સુતા ઉઠીને આવો સવારરે; સુ.

દરવાન કહે છે કે હે ભાઇ રાત્રીયે દરવાજો ઉઘાડવાનો રાજા સા-હેબનો હુકમ નથી, કેમકે રાતે દરવાજા બંધ કરી કુંચીયો દરબાર-માં લઇ જાય છે, માટે અત્યારે ગામ બહાર ધરમશાળામાં જઇ સુઇ રહો. સવાર થાય એટલે દરવાજા ઉઘડશે તે વેળા આવજો તે સાં-ભળી રૂડીયો વીચાર કરે છે કે હું મનની ધારણા પ્રમાણે વહેલો આવી પહોચ્યો તો દરવાજો બંધ છે ને મારે તો રાણીના કહ્યા પ્રમાણે કામ કરી અમનગર જવું જોઇયે, પણ એટલી વાત સારી બની છે કે રાત મહારા કબજામાં છે. તોપણ ફરી નમ્રતાથી વીનવીને કહું તેને જો કાંઇ દયા આવે ને દરવાજો ઉઘાડે તો મારૂં કામ કરી પંથે પડું. એમ ધારી બીજી વાર દરવાનને કહે છે કે હે દયા-વંત દરવાન સાંભળ.

દુહો—લળી લળી લાગું તારે પાવલેરે. જઇ દરબારને જગાડરે; જઇ. વહેલો વહેલો લાવ્ય તું તો કુંચીયોરે, પછી દરવાજો ઝટ ઉઘાડરે.

રબારી કહેછે હે દરવાન આ વખત મ્હારે એવું જરૂરનું કામ છે તેથી હું લળી લળીને તારે પગે લાગી અતી નમૃતાથી વીનંતી કરૂં છું કે તું હમણા જઈ દરબારને જગાડીને કુંચીઓ માંગી લાવીને દરવાજો ઉઘાડ તો તારો મ્હોટો પહાડ માનીશ. તે સાંભળી દરવાન કહેછે કે હે ભાઇ, તારા અતી નરમાસ ભરેલા બોલ સાંભળી મને તારી બહુ દયા આવેછે, છતાં તારો બોલ પાળી શકતો નથી. માટે શરમ પણ આવે છે, એમાં કાંઈ શક નથી, પણ ભાઇ રાજાનો હુકમ કેમ તોડાય કદાપી રાજા પોતે બહાર ગયા હોય ને દરવાજો બંધ થયા પછી આવે તોપણ દરવાજા ઉઘાડવાનો હુકમ નથી એ સાચું માની મારી ઉપર વગર સમજે રીસ કરીશ કહો. હું નીરઅપરાધી હુકમને તાબેદાર છું એવી રીતે દરવાનનાં વચન સાંભળી રબારી છેક નીરાશ થઇને પોતાની સાંઢને કહેછે કે અરે મહારી વહાલી તેં ઘણીવાર મારા કામ પાર પાડ્યાં છે તેથી આજ પણ તારે ભરૂંસે આવ્યોછું તેથી તું મને નીરાશ કરીશ નહી હો ?

દુહો—ચતુર વહાલી તું તો સાંઢણીરે, મને પૂરણ તારી વીશ્વાસરે; મનેં૦ બેપ કરી તે સહુ ખાલી જશે, કામ મલવાની પછે શી આશરે. કામ૦

રૂડીયો પોતાની સાંઢને કહેછે કે હે વ્હાલી તારા રૂપગુણને ચતુરાઇનો મને પરીપૂર્ણ વીશ્વાસ છે, કેમકે તેં ઘણી વખત મારા મનમાં ધાર્યા કામ પાર પાડી મને બહુ લાભ આપ્યો છે. માટે આ વખત ધાર્યુ કામ પાર પડતાં વાર લાગશે તો તારી ને મારી બેની આબરૂ જશે ને ફરીથી ભરૂંસો કરશે નહી માટે આ કોટ કુદી અંદર દાખલ થયા વગર બીજો એક ઉપાય નથી. પણ એમ કરતાં એક બીજી મોટી હરકત નડે તેવું છે કેમકે ગઢની પાસે અંદરના બાજુએ મોટી ઉંડી

ખાય છે તેથી કુદતાં જો તેમાં પડીએ તો તારો ને મારો જીવ જાય તેથી દામાવંતી નીરાશ થાય ને આ જગતના લોક હાંસી કરે માટે મારી વહાલી આ વખત તારી ને મારી પરમેશ્વર લાજ રાખે તો બહુ સારૂ થાય એમ કહેતાં સ્વારીની આંખ્યોમાંથી ચોધાર આંસુ સાંઢની પીઠ ઉપર પડતાં સાંઢે જાણ્યું જે મારો પાલન કરતા મને પોતાના પેટના પુત્ર કરતાં અધીક લાડ લડાવે છે, તેને હું શી રીતે હીમ્મત આપું ? કેમકે મારાથી કાંઇ માણુસની પેઠ બોલી શકાતું નથી, એમ વીચાર કરી સાંઢણી પોતાના મનમાં પરમેશ્વરનું સ્મરણ કરે છે હે ચઉદ લોકના નાથ, તારાં હજાર નામછે પણ તે પ્રત્યેક નામના અસંખ્ય ગુણો પ્રાણી માત્રને સ્તુતી કરવા યોગ્ય છે. તારા ગુણનું વરણુન હજાર મુખથી શેષ નાગ ન કરી શકે તો બીજા પ્રાણી કોણ ગણત્રીમાં. હે દીનદયાલ? આ વખત મારી પશુ જાતીથી જો બોલો શકાતું હોતતો હું રૂડીયાને હીમત આપત માટે મહારાજ આ વખત તેને ખુલાસા બંધ ઉત્તર આપું એટલીવાર મને મનુષની વાચા આપે તો સારૂ એવી દીન વાણી સાંભળતાં ઇશ્વરે સાંઢને મનુષ વાચા આપી એટલે કહેછે

દુહો—મુંજ છતાં શીદ સોચના કરેરે, તુંતો આવડો દુખી કેમ થાયરે; તુંતો૦ કહેતાં ઉડી જાઉં આકાશમાં, તને આંચ ન આવે કાંઇરે. તને૦ તાણીને તંગ ભીડ જોરથીરે, કાંઇ ઢીલી તે મેહેલજે દોરરે. કાંઇ૦ એક ખેતરવા પાછી ફેરવી, મુને હેકાવજે ક-રી જોરરે; મુને૦ કોટના પાડુ કહે તો કાંગરારે, વેગે જઇ પડું શહેરની માંહારે, વેગે૦

સાંઢ કહેછે કે તેં મને બહુ લાડ લડાવી સુખ આપ્યું છે તેથી પરમેશ્વરની કૃપાથી આજ તને નીરાશ નહી કરૂં તું કહે તો પંખીની પેઠ આકાશમાં ઉડી જાઉં તું એક ખેતરવા મને પાછી હઠાવીને મારો તંગ તાણી દોર ઢીલી મુકીને જોરમાં દોડાવી ગઢ નજીક આવતાં

ઠેકાવજે એટલે ગઢ અને ખાઇ એક પલમાં કુદી જઈશ તોપણ તારા પેટમાં હું પાણી નહિ હાલવા દઉ માટે એ વીષે તું જરાયે ચીંતા કરીશ નહી. એવી રીતે સાંભળીને રૂડીયાયે કહ્યા પ્રમાણે ઠેકડો મરાવ્યો તે વેળા સાંઢ પક્ષીની માફક ઉડી તે ગઢ અને ખાઇ બેઉ ઠેકીને નીચે ઉતરીને તરત સાલાસુલાની પોળ આગળ ઉભી રહી એટલે રૂડીયો પોળયાને હાંક મારી કહે છે.

દુહો—પોળીયા મ્હારારે તુંતો બંધવોરે. કાંઇ સાલાસુલાને જગાડરે; કાંઇ૦ કામ ઓપટીનું મ્હારે છે ઘણું. માટે ઝટ દરવાજો ઉઘાડરે; માટે૦

એવી રીતે રબારીનો અવાજ સાંભળીને પોળીયાયે તરત પોળનો દરવાજો ઉઘાડ્યો એટલે સાલાસુલાના મહેલમાં જઇને તેને તે જગાડીને કહે છે.

દુહા—સાલાસુલા તમને વીનવુંરે. કાંઇ લળી લળી લાગું પાયરે કાંઇ૦ માંડવગઢથી વેગે કામે આવીયો. મુને વાર ઘણેરી થાયરે. મુને૦ માટે વહેલા તમે ઉઠોનેરે; કાંઇ તત્પર થાઓ નરેશરે. કાંઇ૦ રાણી દામાવંતીના કુંવરને. એના પીતા કાઢે પરદેશરે. એનો૦ માટે રાણીયે મુને મોકલ્યોરે. તમ ભાણેજ જાય પરદેશરે તમ૦ તેથી વહેલા પધારીને રોકીયે કુંવર છે અતી બાળો વેશરે કુંવર૦

એવી રીતે રૂડીયાનાં બહુ તાકીદનાં વચન સાંભળીને સાલાસુલે સારી રીતે હુશીયાર થઇને રૂડીયાને સરવે હકીકત પુછી ત્યારે દામાવંતીએ એને જે બીના કહી હતી તે સરવે વીગત સુદ્ધાં સંભળાવી કહે છે કે તમારા ભાણેજ ગજરામારૂને એના બાપે દેશવટો દીધો છે તેથી તે કાળાં વસ્ત્ર પેહેરીને કાળા ઘોડા ઉપર બેસી વનવાસ જવાને પોતાની માતાજીની રજા લેવા આવ્યો હતો તે વાત જાણીને દામાવંતીએ ઘણી રીતથી સમજાવી કહ્યું કે હે પુત્ર ! તું મને

શોક સાગરમાં નાખી વનવાસ જઇશ નહી એમ કહ્યું પણ તે માન-
તો નથી. માટે છેવટ કાલાવાલા કરી આજની રાત રાખ્યો છે સવાર
તો તે જરૂર વનમાં જવાનો માટે દામાવંતીએ અરધી રાતે મારે
ઘેર આવી મને હુકમ કરીને તાકીદથી મોકલ્યો છે કે અત્યારેજ મારા
ભાઇને તરત તેડી લાવ્ય માટેભાઇ વાત કરવી જવા દઇ તમે વે-
હેલા તૈયાર થાઓ તો આપણે વહેલા જઇ પહોંચીયે એવી રીતે રૂ-
ડીયાનાં વચન સાંભળી સાલોસુલો પોશાક પહેરીને હથીઆર બાંધી
રૂડીયાની સાથે સાંઢ ઉપર બેસાને દરવાજે ઉઘડાવી પંથે ચાલ્યા તે
જોતાં જોતાં પવન વેગે માંડવગઢ પહુંચીને દામાવંતીને મોહોલે જઇ
વધામણી ખાધી કે બાઇસાહેબ તમારા ભાઇને તેડી આવ્યો છું તે
સાંભળી દામાવંતીએ પોતાનાં ભાઇનું મોહો જોતાં રૂડીયાને કબુલાત
પ્રમાણે પોશાક તથા ધન આપી રાજી કર્યો એટલે તે રજા લઇ પો-
તાને ઘેર ગયો. તે વેળા દામાવંતીયે બહુ શાબાશી આપી તે પછી
પોતાના ભાઇને સરવે કુટુંબ કબીલાના સુખ સમાચાર પુછયા પછી
પોતાના પુત્રના સરવ સમાચાર કહ્યા કે ભાઇ તારો ભાણેજ મને
શોક સાગરમાં નાખી વન જવાને તૈયાર થયો છે તેને નાના પ્રકાર
થી સમજાવ્યો પણ રહેવાની ના કહેછે માટે રૂડીયાને અત્યારે તારી
પાસે મોકલીને તને તેડાવ્યો તે સવાર થતાં પહેલાં અગત્યનો ઉપાય
કરી રોકી રાખવો જોઇએ તેનો એક ઉપાય મને હાલ સાંભર્યો છે
તે જો તારી નજરમાં આવે તો તે કરી રોકી રાખીયે. ભાઇ કહે છે
કે બેન સુખેથી કહે. તે સાંભળી દમાવંતી કહે છે કમલાવતી ન-
ગરીના રાજા ગુલાબસીંહની પુત્રી ચંપાદેની સાથે આ તારા ભાણેજ
નું વેવીશાળ કર્યું છે તે કન્યા બહુ રૂપ ગુણની ભરેલી મહા ચતુર
તેમજ માયાળુ છે પણ હજુ કુંવરીનાં લગ્ન કરયા નથી તું એને
ગમે તેમ સમજાવીને અત્યારેજ જઇને તેના સસરા સાસુને સમજાવી

ઘડીયા લગન લઇ પરણાવી દે તો તેની સ્ત્રીના રૂપ ગુણથી મોહ પામી રહેશે અથવા તેની સ્ત્રી ગમે તેમ સમજાવી રાખશે. માટે એ કામ હાલ કરવાની જરૂર છે. તે સાંભળી સાલોસુલો કહે છે કે બેન તુ કહે છે તે મારા ધ્યાનમાં છે પણ જો હાલ રૂડીયો હીમ્મત કરી સાથે આવે તોજ એ કામ બની શકે. તે સાંભળી દામાવંતીયે પોતાની હુંશીયાર દાસીને બોલાવીને કહ્યું કે હે દાસી, તું રૂડીયાને ઘેર જઇને તરત મારી પાસે તેડી લાવ્ય તે સાંભળતાં દાસી જઇને તરત તેડી લાવી એટલે રૂડીયાયે દામાવંતીને તથા સાલાસુલાને સલામ કરીને પુછ્યું કે હું હમણાજ તમારી પાસેથી ઘેર ગયો. એટલામાં પાછો બોલાવ્યો તે શું કામ છે ? જે કમ હોય તે સુખેથી કહો, તે સાંભળી સાલોસુલો કહે છે કે આજે સવાર થતાં પહેલાં કમળાવતી નગરી જઇને ગુલાબસીંગ રાજાની પુત્રી ચંપાદે સાથે ગજરામારૂને પરણાવીને પાછો ઘેર લાવવો છે. તે કામ તારી હીમ્મત હોય તોજ થાય એવું સાંભળીને રૂડીયાયે ઉત્તર આપ્યો કે મહારાજ મારા ઘટમાં પ્રાણ છે. ત્યાં સુધી તમે જે હુકમ ફરમાવશો તે કરવાને હું હાજર છું એવું સાંભળી દામાવંતીને સાલોસુલો બેઉ રાજી થયાં. પછી ગજરામારૂને ધીરેથી હાંક મારી જગાડીને હુશીયાર કરયા એટલે મારૂજી પુછે છે કે મામાસાહેબ ? આ વખતે તમે કયાંથી પધાર્યા ત્યારે મામો કહે છે કે ભાણેજ ! મોસાળમાં તારી મામી તથા બેન ભાઇઓ તથા તારી મોટીમા વિગેરે બહુ સંભાળે છે. કેમકે તું ઘણા દીવસથી મોસાળ આવ્યો નથી. માટે તને તેડવા આવ્યો છઉં. તે સાંભળી મારૂજી કહે છે કે મામા એ વાતની ક્ષમા કરો કેમકે સવારના પોહોરમાં વનવાસ જવું છે. તેથી કોટી ઉપાય કરેથી પણ રહેનાર નથી ત્યારે મામો કહે છે કે વારૂ જેમ તું કહીશ તેમ કરીશું પણ હાલ તું મારી સાથે મોસાળ આવીને સરવેને મળીને પછી જવું હોય તો જજે, એમ કહી તે વાત કબુલ કરી ત્રણે જણ સાંઢ

ઉપર બેઠા એટલે રૂડીયાએ પવનવેગે ચલાવીને કમળાવતી ધાર્યા પ્રમાણે આવી પોહોંચ્યા. એટલે તુરત ગુલાબસીંહને મોહોલે ગયા ત્યાં સેવકને કહ્યું કે તારા રાજાને હમણાં જગાડ કેમકે મારે જરૂરનું કામ છે. તે સાંભળી સેવકે ગુલાબસીંગને હાક મારી કહ્યું કે મહારાજ આપને મળવા કોઇ ત્રણ માણુસ આવ્યા છે તે સાંભળી તેઓને બોલાવીને એક મહેલા કોચ ઉપર બેસારી કુશલ વર્તમાન પુછીને રાત્રીએ આવવાનું કારણ પુછ્યું ત્યારે સાલોસુલો કહે છે કે આ તમારા જમાઇને તેના બાપે દેશવટો દીધો છે તેથી આજ સવાર થાતાં તે જરૂર વનવાસ જવા તૈયાર થયો છે, તેને નાના પ્રકારથી એની માએ વીનવી સમજાવ્યો પણ રહેતો નથી, માટે અત્યારે તમારી પુત્રીને ઘડીયાં લગ્ન લઇ પરણાવવી જોઇએ તે સાંભળી ગુલાબસીંહ બહુ શોકાતુર થયા એટલે મારૂનો મામો કહે છે કે મહારાજ આ વખત વધારે વીચાર કરી ખોટી થવાનો નથી, માટે ઝટ કામ કરી લ્યો તે સાંભળી ગુલાબસીંગ પોતાની રાણી પાસે જઇ તેને જગાડીને કહે છે કે આ વખત સાલાસુલો આપણા મોહોલમાં આવ્યો છે તે કહે છે કે હમણાંને હમણાં તમારી દીકરીને પરણાવો તેનું સરવે કારણ કહ્યું ત્યારે રાણી પણ બહુ ચીંતાતુર થઇ પોતાના પતીને કહે છે કે હે સ્વામીનાથ ! મારી એકની એક મહા ચતુર રૂપ ગુણના ભંડાર જેવી ને મોટો માંડવો રચી ધામધુમથી પરણાવવાની છે તેને અત્યારે ઘડીયાં લગ્ન લઇ શી રીતે પરણાવું ? ત્યારે રાજા કહે છે કે સાલાસુલાને આપણાથી નીરાશ કેમ કઢાય ? હે રાણી પ્રાણી માત્રને જે નશીબમાં જે કાળે સુખ દુખ લાભ ખોટ ભોગવવાનાં આવે છે તે ભોગવ્યાં વગર કોઇનો છુટકો થતો નથી માટે આપણી સાથે પુત્રીને એવીજ લેણદેણી હશે તેથી તું પુત્રીને ઝટ જગાડીને સર્વ વર્તમાન કહે તે સાંભળી રાણી પુત્રીને કહે છે કે લાડકડી તને વાત કહું તે એક ચીતે સાંભળ.

દુહો—મામોજી આવ્યો છે તાહેરોરે, તારા વરને લઇને હાલ રે. તારા૦ એના બાપે દીધો એને દેશવટો, માટે પરણીને વન જાશે કાલરે; માટે૦ મનના મનોરથ મનમાં રહ્યારે: કાંઇ અકલગતિ અવિનાશરે. કાંઇ૦ લખ્યા લેખ જે તારા ભાગ્યમાં, તારો વર જાશે વનવાસરે; તારો. રાજકુંવરને પરણીને, જાણે મોહોલે બેઠી ચાવું પાન રે. જાણે. તે વાતનો રહી જશે આરતોરે, તુંતો મારૂં કહ્યું સત્ય માનરે તુંતો૦

રાણી કહે છે કે હે પુત્રી! મેં અને તારા પિતાજીયે તને અપાર સુખમાં નાખવા માટે માંડવગડના જસાજામના પરાક્રમી પુત્ર ગજરામારૂ સાથે તારૂં વેવિશાળ કર્યું હતું તેથી મોટી ધામધુમ કરી તને પરણાવત પણ દૈવની અકળગતિથી એવો યોગ બન્યો કે તારા દેવ રૂપ અને સદગુણી વરને એના પિતાએ દેશવટો દીધો છે, તેથી તે વન જવા તૈયાર થયો હતો, તેને અટકાવીને તેનો મામો રૂડીયા રબારીને સાથે લઇ સાંઢપર બેસી આપણા મહેલમાં આવી કહે છે માટે હમણાને હમણાં તમારી પુત્રીને પરણાવી દયો. માટે અમે અત્યારે આવ્યા છઇએ. પણ સવારે તો તે વન જનાર છે એમ કહે છે કે હે લાડકી તારી શી મરજી છે તે મારે જરૂર જાણવું જોઇએ કેમકે એ અત્યારે પરણી સવારે વન જાશે તે લખીત હશે ત્યારે આવશે. માટે હાલ સુખની આશા રાખવી નહી તેમ એ વાતમાં અમારો કશો દોષ કાઢીશ નહી. જો તું હા પાડીશ તોજ પરણાવીશું તે સારૂં ઇશ્વર આજ્ઞાથી સાચું કહે તે સાંભળી ચંપાવતી પોતાના મનમાં ઉંડો વિચાર કરી કહે છે, કે મારા પરમ વિવેકી ને પરમ દયાળુ માત પિતા. સર્વ પ્રકારે મારા સુખસાગર છો માટે તમને રૂડું ગમે તેમ કરવાને તમે મુખત્યાર છો અહો સુખદાતા, તમો બહુ અગત્ય કરીને પુછો છો માટે શરમાતાં તમને કહું છું તે સાંભળો.

દુહો—સુખ દુખ કરમે જે લખ્યું, તે મિથ્યા ન થાયે મા બાપ રે; તેતો. એકવાર હુશે કહી જે વર્યો, માટે બીજા વરતાં બેશે પાપરે, માટે.

ચંપાદે કહે છે કે મારાં સુખસાગર માતપિતા, તમો સર્વગુણ સંપુર્ણ છો માટે જે તમે કરશો તે રૂડુ કરશો મારા ભાગ્યમાં જે જે ભરથાર લખ્યો હતો તેની સાથે તમે વચને બંધાઇ સગાઇ કરી છે તે મારે વારંવાર કબુલ છે એવી રીતે કુવરીનાં વચન સાંભળીને તેનાં મા અને બાપ બેઉ વિચાર કરી માંહોમાંહી વાત કરી કહે છે કે પુત્રી કહે છે તે સત્ય છે માટે અત્યારેજ પરણાવી દઇયે એવો નિશ્ચય કરી એક સેવકને મોકલી પોતાના ગોરને બોલાવો તે સમયે શુભ ચોઘડીયું જોઇ લગ્ન નક્કી કરીને પ્રધાનને સામાનની ટીપ આપી તેજ વેળા જોઇતી જણસો મંગાવી કન્યાદાન આપીને મંગળ ફેરા ત્રણવાર ફેર્યા અને ચોથો ફેરો બાકી રહ્યો એટલે ગજમારૂજીયે પોતાના મનમાં વિચાર કર્યો કે જો હું ચારે ફેરા પુરા કરી આ રૂપવંતી અને ગુણવંતીના મોહના ફંદમાં પડીશ તો પછી મારાથી વન જવાનું અને નહી તો મારા પિતાનું વચન જાય તે ઠીક નહીં એવો નિશ્ચય કરીને પોતાની તલવાર મ્યાનમાંથી કાઢીને વરમાળા કાપી નાંખીને ત્યાંથી નાસવા માંડયું એટલે તેના મામાએ ઘણો સમજાવ્યો પણ કંઇ માન્યું નહી ને પોતાના મામાને કહ્યું કે મારે વન જવાનો સમય થયો છે માટે કૃપા કરી મને રજા આપો હવે ખોટી કરશો નહીં એવાં વચન સાંભળી મારૂજીની તરવાર સાથે ચોથા મંગળના ફેરા ફેરવી લગન સમારંભ પુરો કરી. ઘટારત પ્રમાણે દાન માન આપી વાતચિત કરી સાંઢ તય્યાર કરાવી ત્રણે જણને વિદાય કરયા તે ચંપાદેને પોતાને ઘેર રાખી. હવે રૂડીયો પોતાની સાંઢને પવન વેગે ચલાવી તે થોડીવારમાં એક સુંદર ગામમાં આવ્યા પછી

આમ વચ્ચે થઇ જતાં ત્યાં ભવાયા રમતા હતા તે જોવાને રૂડીયાયે થોડીવાર સાંઢ ઉભી રાખી ભવાઈનો ખેલ જોયો. એવામા તરગાળા માંહોમાંહી વાત કરે છે કે ભાઇઓ આજે આપણે તરેહતરેહના વેશ કાઢી ઘણીવારથી રમીયે છીયે તોપણ રાત નીઠતી નથી એનું કારણ કાંઇ સમજી શકાતું નથી, તોપણ હું એમ જાણું છઉં જે રાત કોઇયે બાંધી રાખી છે તે સાંભળી રૂડીયાયે વિચાર કર્યો કે રાતને મેં બાંધી રાખી છે તેથી ઘણા જણનાં ગોરસ ખાટાં થઇ જશે વળી માળીયોનાં ફુલ કરમાઇ જશે, એ વગેરે ઘણા લોકોને નુકસાની લાગશે. માટે હવે તો આ તરગાળાને રાજી કરી ઘર તરફ રવાને થઇયે તો પછી રાતને માંડવઘડની ભાગોળે જઇ છોડી મુકીએ એવો વીચાર કરીને પોતાના પગમાંથી રૂપાનો તોડો કાઢીને તરગાળાને આપ્યો એટલે તેના ટોળાનાં સરવ તરગાળા બહુ પ્રસન્ન થયા એટલે રૂડીયાનું નામ પુછી તેનો જશ બોલાવી ભુંગળ વગાડી એટલે રૂડીયાયે પોતાની પવન વેગી સાંઢને જોરમાં ચલાવી તે થોડી વારમાં આવી દામાવંતીને મહેલે સાંઢને ઉભી રાખી એટલે મારૂજી, તેનો મામો અને સાલોસુલો એ ત્રણે જણ નીચે ઉતરી દામાવંતીના મેહેલમાં ગયા એટલે તેઓને જોઇને પોતાના મનમાં બહુ રાજી થઇ પોતાના ભાઇને પુછે છે કે કેમ ભાઈ ધારેલું કામ ફતેહ કરી આવ્યા તે સાંભળી સાલોસુલો કહે છે કે હા બેન. જગેશ્વર મહાદેવની કૃપાયે અને રૂડીયાની મહેનતથી ગજરામારૂજીને પરણાવી કુશળ કલ્યાણથી તારી પાસે આવ્યા છીએ. તેવું સાંભળી દામાવંતી કહે છે કે ભાઇ તું મારી જનમથી સંભાળ કરે છે તેમાં આ વખત પણ બહુ મહેનત લઇ ખરી ઓપટીની વેળાએ કામ કરયું તેથી તને આશીશ દઉં છુ જે જગેશ્વર મહાદેવ તારા મનના સરવે મનોરથ પુરણ કરો તેમજ પરમેશ્વર કલ્યાણ કરો એવો આશીરવાદ દીધો. પછી પોતાના કુંવરને કહે

છે કે હે પુત્ર તારો જન્મ થયા પછીથી તે આજ સુધી તારા આ-
નંદી મુખને જોઇ સદાય પ્રસન્ન રહું છું એવું સાંભળી મારૂજીયે પો-
તાની માને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી કહ્યું કે મારી માતાજી!
તમારી અપાર માયાનો બદલો મારાથી કદી પણ વાળી શકવાનો
નથી, માટે હું જન્મ પુરો થતાં સુધી આપનો આભારી છઉં પણ
હવે મને આજ્ઞા આપો તો બહુ સારૂં એવું સાંભળી દામાવંતી કહે
છે કે હે પુત્ર, તેં મારી અત્યાર સુધી આજ્ઞા પાળી છે, માટે એક
કલાક સબુર કર, કેમકે રસોઇયાને હુકમ કરી રસોઇ તરત તઇયાર કરાવું
તારો મામો તથા તું અને હું આપણે ત્રણે સાથે બેશીને જમીયે અને
રૂડીયાને પણ જમાડીયે પછી તેને મહેનતના બદલામાં ઇનામ અપા-
ય. તે સાંભળી મારૂજીયે કબુલ કર્યું એટલે દામાવંતીયે કહ્યા પ્રમા-
ણે રસોઇયા પાસે ઘણી સ્વાદિષ્ટ અને તરેહવાર રસોઇ તઇયાર કરાવ
મામા ભાણેજને એક થાળમાં તૃપ્ત કરી જમાડીને પોતે જમીને
રૂડીયાને જમાડી પાન સોપારીનાં બીડાં ખાઇ રૂડીયાને ફરીથી પાંચ
પોશાક પેહરાવીને સવા લાખ રૂપીયા રોકડા આપી રાજી કરી પોતા
ના ભાઇને કહે છે કે ભાઇ તું થોડા દહાડા રહે તો સારૂં. તે સાં
ભળીને તેનો ભાઈ કહે છે કે બેન તારૂં કામ થયું એટલે હવે મને
ખોટી કરીશ નહિ. પછી રૂડીયાને હુકમ કરયો કે જા મારા ભાઇને
એને ઘેર મુકી આવ્ય તે સાંભળી રૂડીયાયે સાંઢ તૈયાર કરીને સા
લાસુલાને અમનગર મુકી આવ્યો. પછી દામાવંતીયે તેને ઘેર જવા
ની રજા આપી એટલે પોતાને ઘેર જઇ રાતને બાંધી હતી તે છો
મુકી, એટલે સરસ ઠેકાણે વાણું વાયું તે જોઇ ગજરામારૂજીયે પો
તાને વન જવાના ઘોડા ઉપર સાહ્ સાજન નાંખી કાળાં વસ્ત્ર પે
હેરીને પોતાની માતા પાસે જઇને કહે છે કે માજી હવે રજા આપ
એટલે હું પંથે પડું. એવુ સાંભળી માતા કહે છે કે તું વન જ

એમ મારાથી કહેવાતું નથી.

દુહો—સુત પ્રભાતે સંચરોરે, તમે રવી ઉગમતે સુરરે તમે૦ પર ધરતી પર રાજમાં, વીરા વાધો ઘણેરૂ નુરરે; વીરા૦ સુનો થશે તારો ઢોલીયોરે, વળી ઘોડા સુના ઘોડારરે; વળી૦ મારૂ સુનીરે મેડી ને સુની માવડી, સઉ સુના તારા શણગારરે; સઉ૦ સુના તે દાસને દાસાઓરે, વળી સુના મુકયા ખવાસરે; વળી૦ વાહાલા સુના તે બાગને બંગલા તુજ જાતા સુના આવાસરે, તુજ૦

દામાવંતી કહે છે કે હે પુત્ર. તું અત્રેથી જતાં તારા ઘોડા રથ બળદ પાલખી દાસ દાસીયો વગેરે સરવે સુનાં પડશે. તેમજ તારા ઓરડામાં તારો સુવાનો ઢોલીયો, તથા મોર પોપટ મેનાં કોયલ વગેરે પક્ષીયો સરવે સુના થઇ વીયોગથી જુરયાં કરશે વળી તારા નાના પ્રકારનાં વસ્ત્ર અલંકાર અને સોના રૂપાનાં રમકડાં વગેરે જોઇ મારૂ હઇયું અહોનીશ અફસોસ કરશે, માટે મારો ઉપાય ન ચાલતાં તને જવા દઉ છું તે યાદ રાખજે તને રસ્તે રામની, ગામમાં ગોવરધન નાથની, વનમાં વનમાળીની, જળમાં જગદીશની દીવસે સુર્યની અને રાત્રીયે ચંદ્રમાની વગેરે સર્વ દેવ રક્ષા કરો એવો આશીરવાદ દીધો એટલે મારૂજીયે પોતાની માને પ્રણામ કરી કહ્યું કે માતાજી તમે મારી કશી ચીંતા કરશો નહીં હું કુશલ કલ્યાણથી વેહેલો આવીશ એમ કહી ઘોડા ઉપર બેસીને વળી પોતાની માતાને કહે છે કે તમારા કહ્યા પ્રમાણે સુરજ પણ ઉગ્યો માટે હવે એક પલવારરોકનાર નથી એમ કહી પવન વેગે ઘોડો ચલાવી વનને રસ્તે ચાલ્યો તે સાંજ પડે વનમાંથી ફળ ખાઇ પાણી પીને ઘોડાને વીસામો આપી પાછો પરોહીયે પંથે પડયો તે વીચારમાં ને વીચારમાં રસ્તો ચુકયો એટલે મહાવનમાં ઘણું અથડાતાં પાંચ સાત દીવસ જતા રહ્યા ને એક ભોમીયાને પુછી રસ્તે પડયા તે ત્રીજા પોહોરે એક શેહેરમાં પોહોચ્યો

તે કયુ શેહેર છે તેની મારૂજીને ખબર નથી પણ તે પોતાના સાસરાનું ગામ હતું. ત્યાં રાણી ચંપાદે પોતાના મનમાં વીચાર કરે છે કે પરમેશ્વર કૃપા કરી મને ઉત્તમ કુળનો ગજકુંવર મહા ચતુર વર આપ્યો તે સ્વરૂપે પણ અતી સુંદર છે પણ હા શા કામનો અરે પ્રભુજી મેં પુર્વે જન્મે શાં પાપ કરયાં હશે જે મારા પતીવીના ! મને કશુએ ગમતું નથી. માથામાં ધુપેલ સરખું ઘાલતી નથી તેથી મારૂં માથું દુખ્યા કરે છે માટે આજે તો દાસી પાસે ચંબેલીનું તેલ મંગાવી માથે ઘાલુ તો કાંઇ માથું દુખતું રહે. એવો વિચાર કરી પોતાની દાસીને બોલાવીને કહે છે કે હે દાસી આપણા સરઇયાની દુકાને જઇને કચોલામાં ચબેલ તેલ લેઇ આવ તો માથે તેલ ઘાલુ તે સાંભળી દાસી કચોલું લઇ સરઇયાની દુકાને જઇને કહે છે.

દુહા—સરઇયા તુંતો સારૂ જોઇનેરે, મુને આપજે ચંબેલ તેલરે, મુનેઃ ઝટપટ કરી તુંતો જોખજે; તારૂ કામ પડ્યું સહુ મેલરે. તારૂં.

દાસી કહે છે હે સરઇયા તું મને સારૂં જોઇને ચંપેલ તેલ આપ્ય તે સાંભળી સરઇયો પુછે છે કે દાસી, તું આજે ઘણે દહાડે તેલ લેવા કેમ આવી ? એવું સાંભળી દાસી કહે છે કે મારી બાઇએ આજે હુકમ કર્યો ત્યારે આવી. અમારી ઉપર જે વખત જે હુકમ થાય તે કામ કરવું જોઇએ. માટે તું વધારે વાર ન કર. તે સાંભળી સરઇયાયે ઝટ તેને સારૂં સુગંધીદાર ચંપેલ તેલ આપ્યું તે લઇને દાસી ચાલતી થઇ એટલામાં રસ્તામાં એક કાળા ઘોડા ઉપર કાળો પોશાક પહેરેલો સુંદર સ્વરૂપવાન માણસ જોઇ પોતે તેની સામું નીરખીને જુવે છે એટલામાં તેણે એક ચમત્કાર જોયો જે ગજરામારૂજી કાળા ઘોડા ઉપર કાળાં વસ્ત્ર પહેરી બેઠેલા જોયા એટલે તેના મનમાં એકા એક ફાળ પડી કે આશો જુલમ ? એવું મનમાં આવ

તા હાથમાંથી તેલનું કચોલું નીચે પડયું તેથી તેલ બધું ઢોળાઇ ગયું તે જોઇ સરદ્યો પુછે છે કે હે દાસી, તે કચોલું કેમ પાડી નાંખ્યું ? અને એકદમ શા વિચારમાં પડી ગઇ છે તે સાંભળી દાસી કહે છે કે ભાઇ પડી ગયું તો બીજું લેશું તેની તું ચિંતા કરીશ નહી, એવો ઉત્તર આપી તરત દોડતી પોતાની બાઇ પાસે આવીને તેને કહે છે.

**દુહો**—કાળે ઘોડે ને કાળે લુગડેરે, બેઠા ગજરામારૂ અસ્વારરે, બેઠા० સાચુ માનોને મારી બાઇ, એતો નિશ્ચય તમારા ભરથારરે

દાસી કહે છે કે બાઇસાહેબ આપની આજ્ઞાથી હું સરદ્યાને ત્યાં ચંપેલ લેવા ગઇ હતી. તે લઇને તમારી પાસે આવતાં એકાએક ચમત્કાર જોયો કે કાળા ઘોડા ઉપર કાળાં લુગડાં પહેરી તમારો સ્વામી ગજરામારૂજી અસ્વાર થઇ ચાલ્યા જાય છે, તે જોઇને મારા પેટમાં ફાળ પડી કે મારૂજી આવા વેશે કયાંથી જવા નીકલ્યા હશે ! એવો વિચાર આવતાં તેલનું કચોલું હેઠું પડી ગયું તેથી તે બધું ઢળી ગયું. માટે તે આપને જાહેર કરૂં છું તે સાંભળી ચંપાદે દાસી ઉપર રીસ કરીને કહે છે.

**દુહો**—જાતું જુઠા બોલી બાંદરીરે, સુણતાં વાગ્યા કટારીના ઘાયરે, સુણતાં० મનમાં વિચાર તે નવ કરયો, કરી મસ્કરી તે જોઇ દાવરે. કરી०

ચંપાદે રીસ કરીને કહે છે કે જુઠા બોલી દાસી, તેં મને ફાળ પડે એવા જુઠા સમાચાર કરી મને શોક સાગરમાં નાખી એ તેં ઠીક ન કરયું અરે ? તે નીચ જાતે મારી મસ્કરી કરી જા રાંડ ધિક્કાર છે તને જે મારૂં મન વિના કારણે દુખાવ્યું તે સાંભળી દાસી કહે છે કે બાઇ સાહેબ હું તમારૂ રાત દિવસ નીમક ખાઇ તમો

સદા રાજી રહો તેથી સેવા કરૂંછું. તે આજે તમને ફાળ પડાવી એવો અપરાધ મુકયો તે તપાસ કરયા વિના મુકયો છે માટે જરા તસ્દી લઈ તમે મારી સાથે અગાશી ઉપર ચાલો. એટલે તમને ખરી કે ખોટી જે હશે તે વાત સમજાશે તે સાંભળી તે બેઉ જણુ અગાશી ઉપર ચઢી રસ્તામાં જુવે છે તો ખરેજ ગજરામારૂજીને દાસીના કહ્યા પ્રમાણે જેયા એટલે દાસીને કહે છે કે તારી વાત બધી એ સાચી છે. માટે તું નીચે જઇ મારા વહાલા પતીને મારી પાસે તરત માન આપી બોલાવી લાવ હું પણ અહીથી કહું છું.

દુહો—ઘોડારે બાંધુ ઘોડાલમારે કાંઈ પલાણુ મેહેલુ પરસાલરે; કાંઇ૦ ધન્ય દામાવંતીના દીકરા મારે મહોલે પધારોને વ્હાલા; મારે૦

એવો શબ્દ સાંભળી મારૂજીએ વિચાર કરયો કે આ કીયા શહેરમાં આવ્યો છું તે મને ખબર નથી. પણ એ બોલાવનારી મારી માને ઓળખે છે તેથી મારૂં સગું વાલું હશે માટે થોડીવાર મલતો જાઉં એવો નિશ્ચય કરયો એટલે દાસી કહે છે કે મહારાજ આપના ઘોડાને એકાંતે ઘોડારમાં બાંધી તેને ઘાસ નાંખી દાણો પણ ખવરાવું છું ને તમારૂં પલાણુ મહેલની પરસાળમાં એક બાજુએ મુકું છું આપ નીરભયતાથી મહેલમાં પધારો તે સાંભળી મારૂજી ઘોડો દાસીને સોંપી મહેલમાં ગયા, ત્યાં રાણી ચંપાદેએ બહુ આદરમાન આપી એક જડીત કોચ ઉપર બેસાડીને ઠંડુ પાણી લાવી પાયું તે પછી પાન સોપારી એલચી જાયફળ વગેરેનું બીડુ આપી મધુર શબ્દોથી તેમના કુશળ વર્તમાન પુછ્યાં તે શબ્દો સાંભળી મારૂજી પ્રસન્ન થયા. એટલે તેની સાથે નાના પ્રકારની વાતો કરી મોહજાળમાં ફસાવી દીધા. પછી રસોઇયા પાસે ઘણી સ્વાદીષ્ટ રસોઇ નાના પ્રકારની કરાવી તેનો કાળો પોશાક ઉતરાવી શેવકો પાસે સુગંધી તેલ

ચોળાવી ગરમ પાણીએ નવરાવ્યા તે પછી દીસ કોરૂં કરી પીતાંબર પહેરાવી સોનાને પાટલે બેસારી સુવર્ણથાળમાં સરવે સાહીત્ય પીરશી બહુ સ્વાદે જમાડયા તેની સાથે હાસ્ય વીનોદનાં વચનથી તૃપ્ત કરી મસાલેદાર પાનનું બીડું આપી પોતે પણ જમીને તરત મારૂજી પાછળ આવી બીજા સરવે હજુરી દાસ દાસીને જમવાની રજા આપી એ રીતે ત્રણ દીવસ રાખી સુખશાન્તિ પમાડયા. પછી સ્ત્રીએ સોગટાં બાજી રમવા માંડી તેમાં મારૂજીની બાજી જીતપર જોઇ કહે છે કે મહારાજ આપ બાજી રમવામાં મારાથી ઘણા ચતુર છો તેથી બાજી પણ જીતપર છે. તે સાંભળી મારૂજી કહે છે કે હે સુંદરી આ સંસારમાં હારવું જીતવું. સુખ દુઃખ લાભ ખોટ વગેરે પોતાની અવધીએ આવી પોત પોતાનું ફળ આપી અવધી પુરી થયે જાય છે, માટે જેમ લખીત હોય તેમજ બને તે સાંભળી ચંપાદે કહે છે કે હે સ્વામીનાથ આપ જે કહો છો તે સરવે ખરૂં છે. થોડા દીવસ ઉપર આપ પોતાના મામા સાથે અડધી રાતે આવી મારી સાથે ઘડીયાં લગને પરણ્યા તે સમયે ત્રણ મંગલ ફેરા ફરી ચોથો બાકી રહયો તે વેળા તરવારથી વરમાળ કાપીને નાસી ગયા હતા એવા હઠીલા છો તોપણ મને મારા પ્રાણ કરતાં અધીક વહાલા છો, હું અહોનીશ પરમેશ્વરનું ભજન કરી આપનું સર્વ પ્રકારે કલ્યાણ ઇચ્છતી હતી. તેમજ મળવાને પણ બહુ આતુર હતી તેથી પરમ દયાળુ પરમેશ્વરે મારી ઉપર બહુ દયા કરી આપને અહીં મોકલ્યા તેથી મારા જીવને ઘણોજ આનંદ થયો. એ રીતે ચંપાવતીના બોલ સાંભળીને મારૂજીને બહુ અફસોસ થયો ને મ્હોટા વિચારમાં પડયા કે કેવો બનાવ બને છે જે હું વન જવાને જેમ જેમ ઉતાવળ કરૂં છું તેમ તેમ વધારે હરકત નડી રોકાણ થાય છે એ ઠીક નહીં, એવો વિચાર કરી ચંપાદે કહે છે.

દુહો—ઇશ્વર આજ્ઞા વનમાં જવું રે; હવે અન્ન ખાવું મારે વાખરે, હવે૦ માટે જવા દોને હવે મુજને, રાણી રાજી થઇ આસોને શાખર. રાણી૦

મારૂજી કહે છે હે રાણી હું વન જવાની ઘણી ઉતાવળ કરૂં છું તેમ તેમ નાના પ્રકારની હરકતો નડની જાય છે, તેથી મારો, જીવ બહુ કચવાય છે. માટે હવે તો રાજી થઇને રજા આપો તો બહુ સારૂ કેમકે હવે હું તમારી પાસે ઘડી ૧ ) રોકનાર નથી. જો હું મોહમાયામાં પડું તો મારાથી વન શી રીતે જવાય? વન ન જાઉ તો મારા પીતાનું વચન જાય તે ઠીક નહીં એવી રીતે મારૂજીનાં વચન સાંભળી ચંપાદે પોતાના મનમાં પસ્તાવા લાગી કે મેં મારા સ્વામીને બધી વાત જણાવી તે ઠીક ન કર્યું કેમકે મારા શબ્દ સાંભળી પાછા વન જવાની બહુ ઉતાવળ કરે છે તે હવે રહેનાર નથી અરેરે પ્રભુજી હું કેવી અભાગણી જે મારાં લગ્ન મોટી ધામધુમથી થવાનાં હતાં તે ન થતાં ઘડીયે લગને પરણવું પડયું, કદી નશીબ જોગે એમ બન્યું તે વીશેનો અફસોસ મુકી દેત. જો મારા સ્વામીજીનો સંજોગ રહેત તો મને નાના પ્રકારનાં સુખ મળત તેને બદલે વિજોગી દુખ સેહેવાં પડશે એવો વીચાર ભરાતાં રાણીના નેત્રમાંથી આંસુની ધારા ચાલી તોએ રડતાં રડતાં પોતાના પતીને બેઉ હાથ જોડી વાનંતી કરે છે,

દુહો—આજનો વાસો રહો મ્હારા મહેલમાંરે; પ્યારા પ્રભાતે વનમાં જાઓ રે. પ્યારા૦ કહ્યું માનો કામણગારા કંથજી, જ્યાં જાઓ ત્યાં સુખીયા થાઓરે; જ્યાં૦

ચંપાદે કહે છે કે મહારાજ તમે આજનો વાસો કૃપા કરીને મ્હારા મ્હેલમાં રહીને પ્રભાતે વનમાં પધારજો. કેમકે આપણે ઘેર કોઇ પરોણો આવે છે. તેની પણ બનતી બરદાસ કરીને બે ચાર દિવસ

રાખવો પડે છે તો તમે મારા શીરછત્ર ને પ્રાણપ્રીય પતી છો વળી રૂપ ગુણ અને વિદ્યા સાગર છો જેથી મુજ અબળાનો જીવ દીલગીર કરશો નહી હું તમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરૂં છું એમ કહી પોતાના પતીને લળી લળીને પગે લાગી એટલે મારૂજીને ઘણીજ દયા આવી તેથી ચંપાદેની વિનંતી કબુલ કરી. એટલે રશોઇયાને કહીને તરેહવાર ઘણી સ્વાદીષ્ટ રસોઇ કરાવી પાસે બેસી દંપતીએ ભોજન કરી તુપ્ત થઇ હાથ ધોઇ ગાદી ઉપર બેશી પાન સોપારી લવિંગ એલચી કાથો ચુનો નાંખી તાજાં બીડાં તૈયાર કરેલાં હતાં તે ખાઇને મધુર ભાષણે માઠી મીઠી વાતો કરી તે સાંભળી મારૂજીને શાંતી થતાં નિદ્રા આવી એટલે છત્ર પલંગપર સુઇ રહ્યા ત્યાં ભર નીંદ્રા વશ થયા તોય રાણી તેના પગ ચાંપ્યા કરે છે. એમ કરતાં મધ્ય રાત્રી વિતી ઘડીયાળમાં કડિંગ કડિંગ એમ ત્રણ ટકોરા વાગ્યા એટલે પાછલી રાતનો પહેલીવારનો મરઘો બોલ્યો તેનો શબ્દ કાને પડતાં મારૂજી ઝબકીને જાગી ઉઠયા એટલે રાણી કહે છે કે મરઘાયે બાંગ દીધી પરોઢીયું થયુ તેથી મને જવાની આજ્ઞા આપો તો બહુ સારૂ તે સાંભળી રાણી કહે કે અહો પ્રાણપતી તમે શીદ ચીંતા કરો છો હજુ તો અડધી રાત ગઇ છે ને અડધી બાકી છે એ મરઘાને તો ટેવ પડી છે તેથી તે સહુથી પેહેલો બોલે છે તે ખરો નથી. માટે તમે સુખેથી નીદ્રાવશ થાઓ; વેળા થશે એટલે હું તમને ઉઠાડીશ એવું સાંભળી મારૂજી સુઇ રહ્યા ત્યારે ચંપાદે મરઘા ઉપર કોપ કરીને કહે છે.

**દુહા**—મધ્ય રાતે મરઘા તું બોલીયોરે, મારા મારૂને પકડાવ્યો ત્રાસરે મા૦ સવારે બોલાવું મુત્રા વાઘરી, તને પકડી મંગાવું મારી પાસરે તને૦ થોડે થોડે ખેંચું તારાં પીછડારે, તારી ચાંચે દેવરાવું ડામરે. તારી૦ મારો સ્વામી ઝબકીને જાગીયા, મારૂં બગડયું બગાડે કામરે મારૂં૦

હે આજ્ઞાભંગ મરઘા તેં વહેલી બાંગ દઇ મારા સામીને ઝબકીને જગાડ્યો તેથી સવાર થવા દે એટલે વાઘરી પાસે તને પકડાવી મંગાવીને શિક્ષા કરૂં તે સાંભળી મરઘો કહે છે.

**દુહો**—તમારે કારણે નથી બોલીઓરે. હુતો બોલ્યો ગરીબોને કાજરે; હુંતો૦ કામે જાયે સઉ જાગીને, તમે સુખે સુવાડો મહારાજરે તમે૦

મરઘો કહે કે સાહેબ ! ઇશ્વરના નિયમ પ્રમાણે બોલ્યા છું તે સાંભળી ઉદ્યોગી લોકો વેહેલા ઉઠી પોતાના નિયમીત કામો કરે તેથી તેઓ લાભ મેળવી સુખી થાય માટે હૂ બોલ્યો છું તમે અને તમારા સ્વામિ સુખે સુઇ રહો બીના અપરાધે મારી ઉપર રીસ કરશો નહી એવો ઉત્તર આપ્યો એટલે ચાર વાગવાનો અમલ થયો ત્યારે ફરીને બોલ્યો તેનો શબ્દ સાંભળી મારૂજી બીજીવાર જાગીને કહે છે કે હવે તો નકી પરોઢીયું થયું માટે રજા આપો તે સાંભળી ચંપાદે કહે છે કે મહારાજ તમે વારે વારે ઝબકીને કેમ ઉઠો છો હજુ તો એક પહોર રાત બાકી છે માટે નીશ્ચીંત થઇને સુઇ રહો એમ કહી પાછા સુવારીને બીજી વાર મરઘાને ઠપકો દઇ કહે છે

**દુહો**—પાછલી રાતે પાપી બોલીને બીજીવાર પડાવી ફાળરે; બીજી૦ પકડી મંગાવું હુ તુજને, કાલા વાઘરી પાસે કાલ્યરે, કાલા; લાજ નથી મુવા તુજને તને કહિયે કેટલી વારરે તને૦ ફરી તેં જગાડ્યો મારા નાથને, કાલ કઢાવું ગામની બહારરે કાલે૦

રાણી કહે છે કે તને એકવાર સમજાવીને કહ્યું તોપણ બીજી વાર ફાળ પડાવી માટે કાલે તને કાલા વાઘરી પાસે પકડાવીને ગામની બહાર કાઢી મુકાવીશ તે સાંભળી મરઘો કહે છે હે બાઇ સાંભળો.

**દુહો**—તમારે કારણ નથી બોલીયોરે હુ તો બોલ્યો છું તસ્કરને કાજરે હુતો૦ સહુ સંતાઇ જાએ સહજમાં, તમે સુખે સુવાડો મહારાજરે તમે૦

મરઘો કહે છે હે રાણી હું તારા જેવા સુખીઆ માણુસોને દુખ દેવા નથી બોલતો. હું તો ગરીબ ગરબાં તથા ચોર લોકોને ચેતવણી આપવા બોલું છું જે ગરીબ લોકો વહેલા ઊઠી પોતાના જરૂરનાં કામ કરે ને ચોર લોકો ચેતી પોત પોતાને ઠેકાણે જાય તે માટે બોલું છું એ વાતની તમે બુદ્ધિવાનને દયાળુ થઇ મુજ પક્ષી ઉપર વીના અપરાધે આટલી રીસ કરો છો તે યોગ્ય નથી. એવો ઉત્તર સાંભળી ચંપાદે સમજી કે મરઘો ખરૂં કહે છે એટલે પાંચ વાગ્યા તે ટકોરાનો અવાજ સાંભળી મારૂજીયે બારીમાંથી રસ્તા તરફ જોયું તો સવાર થવાની તૈયારી દેખીને પોતાની રાણી ચંપાદેને કહે છે.

દુહો—શીખ દીયોને રાણી સત્યવાદીરે, અમે જઇશું હવે વનવાસરે; અમે૦ બાર વરસે તે પાછા આવીશું. તમે મુકો અમારી આશરે તમે૦

મારૂજી કહે છે કે હે સત્યવાદી રાણી હવે તમે મને રાજી થઇને રજા આપો હવે હું એક પળવાર રોકનાર નથી. જો લખ્યું હશે તો બાર વરસે પાછા મળીશું એવું સાંભળી રાણી રૂદન કરીને કહે છે,

દુહો—રહોતો રાંધું રૂડી લાપશીરે, ઉતાવળ હોય તો ઓસાવું સેવરે; ઉતાવળ૦ મ્હેલમાં રહોને મારા સાહબા, હઠીલાજી મુકો હઠ ટેવરે. હઠીલાજી.

મારૂજી કહે છે કે તમે જે જે કહો છો તે સર્વ સમજુંછું પણ હવે એક ક્ષણવાર રોકવાનો નથી માટે તરત રજા આપો એવું સાંભળી ચંપાદે રૂદન કરતી કહે છે.

દુહો—તમેરે ચાલ્યા વ્હાલા વન વીષેરે, મારી કોને ભલામણુ દોછોરે; મારી૦ વિયોગ દુઃખની વાતો કોને કહું ઉત્તર આપો તમે શું કહોછોરે. ઉત્તર૦

રાણી કહે છે મહારાજ તમે પોતાનીજ વાત કબુલ રાખી હઠીલા થઇ

વનમાં સોંપાવો છો તો મારી કોને ભલામણુ કરો છો અરે દુખ વિરામ નાથજી તમારા વિયોગના દુઃખની વાતો તમારા સિવાય બીજાને કહી શકાય નહીં તેનો કાંઇ વિચાર આવે છે કે નહી? સાંભળી મારૂજી કહેછે.

દુહો—તમને સોંપ્યાંરે મંદીર માળીયારે, રાણી સોંપી હીંચોલા ખાટરે; રાણી૦ ખાઓ પીઓ ને ખેલો મોજમાં, તમે મ્હાલો મહીયરીયાની વાટરે. તમે૦

દુહો—મેહેલ બંદીખાનું માનીયેરે, મારે હીંચોળો સુળી સમાનરે, મારે૦ મોજ છુટતાં રૂદન રાણી માંડીયું, મ્હારે મહીયર ઉજડ રાનરે. મારે૦ રાજા કહે છે.

દુહો—તમને સોંપ્યા કણુ કોઠારનારે તમને સોંપ્યાં તે દુઝણાં ઓટરે; તમને૦ દુધ સાકર પીગોને ભાવતાં, વસ્ત્રાભુષણુની નથી ખોટરે. વસ્ત્રા. રાણી કહે છે.

દુહો—કણુ કોઠાર મારે કોયલારે, દુઝણાં ઓરાં ચામડીયાને દઉરે; દુઝણાં૦ દુધ સાકર રૂધીર તમ વિના, વસ્ત્રો બાલી રક્ષા કરી રહુરે. વસ્ત્રો૦ રાજા કહે છે.

દુહો—તમને સોંપ્યો છે રેંટીયોરે, તમને સોંપ્યો રણુ કપાસરે તમને૦ સરખી સહીયરો ગમત કરી કાંતજો; તેથી તમે નહી રહો ઉદાસરે. તેથી૦ રાણી કહે છે.

દુહો—રેંટીયો ભાગીને રાંધું ખીચડીરે, વળી કપાસે મુકુ લાહ્યરે વ૦ સહીયરોનો સંગ નથી કામનો મેં તો ઝાલી તમારી બાંહ્યરે; મેંતો૦ તમને સોંપ્યોરે પારસ પીંપળોરે; રાણી ગણજો પીંપલીયાનાં પાનરે, રાણી૦ બાર વરસે તે પાછા આવશું; ત્યાં સુધી ભાવે ભજી લ્યો ભગવાનરે૦ ત્યાં સુધી૦

રાણી કહે છે.

દુહા—સાથે તેડોરે મારા સાહીબારે, મારાં બાર વરસ કેમ જ-

પરે, મારા૦ મારૂં સંજોગી સુખ જાય વેગલું, એક દીવસ વરસ સમો થાયરે. એક૦ એવું જાણતી તો ન પરણતીરે, રાજા બાળ કૂંવારી રહેતરે; રાજા૦ ખાલી હાથ તમારો ઝાલીયો, તો હું તમને દોષ ન દેતરે. તો૦ સાસરી જોયાનો રહ્યો ઓરતોરે, ઘુંઘટ તાણ્યા ના રહ્યા મન કોડરે; ઘુંઘટ૦ રાજા તમે ચંપા ને હું કેતકી, મારી ભલી બનીતી જોડરે. મારી૦ પેહેરી ઓઢીને ફરવું સાસરેરે. તે તો હરખ થયો મારો ભંગરે; તે તો૦ નથી છુટયાં તે હાથનાં મીંઢળીરે નથી ઉતર્યો પાનેતરનો રંગરે. નથી૦

રાણીએ વિલાપ કરીને કહ્યું કે—

રાગ પરજની દેશી—પીયુ શું થાશેરે થાશે, મારી રૂજની કેઇ પેર જાશે. એ ટેક૦ તમે મુકીને ચાલ્યા વનવાસરે, સ્વામી કોઇની નથી મારે આશરે; હું તો થઇને બેઠી નીરાશ પીયુ૦ સ્વામી દીસો નાના બાળ સાથ નથી કોઇ રખવાળ, તમારી કોણ લેશે સંભાળ પીયુ૦ તમે હઠ કરી નવ જશોરે, તમે ભાવતાં ભોજન કયાં ખાશોરે; સ્વામી દુઃખીયા ઘણા તમે થાશો. પીયુ૦ સ્વામી હજુ છો બાળે વેશરે, તમે રખે જતા પરદેશરે, મારૂં કહ્યું માનો લવલેશ પીયુ૦ મારી સગી નણંદના વીરરે, મારે નયણે વહે છે નીરરે; મુને નથી રહેતી ધીર. પીયુ૦ મારી ભલી બનીતી જોડીરે, દેવે કોપ કરી બેલ તોડીરે; તમે શીદ નાંખો તરછોડી. પીયુ૦ પ્રાણનાથ પાછા તમે આવોરે, મારા ઉપર દયા તમે લાવોરે; સ્વામી અબળાના પ્રાણ બચાવો. પીયુ૦ મારૂ ગોરૂ ગુલાબશું અંગ ફીકું પડી પીળો પડયો રંગરે; મારા હરખ થયા સૌ ભંગ, પીયુ૦ મેં તો જાણ્યું જે રતનરે; તેને રાખીશું કરી જતનરે, સ્વામી શીદને છોડો છો વતનરે. પીયુ૦ મારૂં

રત્ન તે રજમાં રોળ્યુંરે, મારૂં પાપ કરમે બોળ્યુંરે મારૂં કોમળ કાળજું છોલ્યું. પીયુ૦ વિધાત્રીને મારે રવેખરે, તેથી લખીયા છે આવા લેખરે; વેહેર ભાવે તે મારી આ ભેખ. પીયુ૦ વીયોગ બાણુ મને ઘણાં વાગેરે, મારા અંતરમાં ભડકા લાગેરે; તે તો હોલવું કોની આગેરે. પીયુ૦ સ્વામી હું છું નાનેરૂ બાળરે, તમો વીના આવી પહોંચે કાળરે. મારી કોણ લેશે સંભાળ. પીયુ૦ હજી સોળ વરસ નથી થયારે મનના મનોરથ મનમાં રહ્યારે; નાની વયમાં મુકી મને ગયા. પીયુ૦ અપવાસ કરી રાત જાગુરે ઉમીયાજીને પાયે લાગુરે હુંતો વ્રત કરી વર માગુ. પીયુ૦ તમે પાછા વળો ઘેર આજરે, મારૂ કહ્યું માનો મહારાજરે, આપું મારા બાપનું રાજ પીયુ૦ જાઓ કહેતામાં જીવડો જાયરે, તમ વીના કેમ રહેવાયરે; વિયોગ દુઃખ તે કેમ સહેવાયરે. પીયુ૦ હજુ હાથનાં મેંઢળ નથી છુટયાંરે, મારા પાએ અમુલ કુટયારે; રોઇ નેણનાં નીરજ ખુટયાંરે. પીયુ૦ એમ રાણી રૂદન કરે છેરે, નયણે નીરની ધારા ઝરેછેરે; મારે આગળ પાલવ ધરે છે. પીયુ૦ મને સાસરે આવ્યાના કોડરે; નથી હેડી મોડામોડરે: ચંપા કેતકી બનીતી જોડ. પીયુ૦ મને સાસુ જોયાની ખંતરે. મને પાએ પડયાની ખંતરે, કહ્યું માનો મારા ગુણવંત. પીયુ૦

મારૂજીએ કહ્યું કે.

દુહો—કંકાસ મુકો તમે કામનારે, કાંઇ ધીરજ રાખજો ચંતરે. કાંઇ૦ શુકન ભલેરાં અમને આપીએ, અમે ચાલીએ અમારે પંથરે. અમે૦

હવે રોવાનું કામ નથી. ધીરજ રાખીને રહો. રાજાની હઠ જોઇ રાણીએ શુકન આપવા માંડયા.

**દુહા**—ડાભા જમણી જોને તેતર બોલેરે રાજા આડી ઉતરે મંજારરે; રાજા૦ એવે શુકને તમે ચાલશોરે તમને ઘાતક લોહીની ધારરે. તમને૦ આટો કુટોને રાજા ઘી ઢડોરે. કાંઇ છુટે કેશે જોને નારરે, કાંઇ૦ એવે શુકને તમે ચાલશો તો, રાજા નહી દેખો દરબારરે. રાજા૦

તમે જશો તો મહા વિઘન નડશે મારૂએ કહ્યું કે રાણી અપશુકન બોલ્યા કરતાં શુકન આપો. રાણી સારા શુકન આપે છે.

**દુહા**—ડાભાં બોલે રાજા દેવલરે કાંઇ જમણેરી ભૈરવ હોય રે; કાંઇ એવે શુકન તમે ચાલશો તો, તમને વેરી ન મળશે કોઇરે તમને૦ કોરે ઘડે કુંવારકારે તેને ખોળે અખાણું જવ જારરે તેને૦ એવે શુકને તમે ચાલશો તમને મળશે ફુલાંદે નારરે. તમને૦ વર કન્યા પરણીને આવતારે, સામા મળે નીશાળીયા સારરે; સામા૦ એવે શુકને તમે ચાલશો તો, તમને મળશે દેવળદે નારરે. તમને૦ દેવ સકળ શુભ જોગણીરે, કાંઇ પીતા તે કહેવાયરે; કાંઇ૦ રક્ષા કરો રાજા તમનણી, રાણી કહે સુણો મારા રાયરે. રાણી૦ ચોરે ચોટાં રાજા ચાવડી, જ્યાં મડદાં બળે મશાણરે; જ્યાં૦ ત્યાં રક્ષા કરે મુજ માવડી, સફળ હોજો તમારૂં કલ્યાણરે સફળ૦ શહેર વાડીને રાય રણવીશેરે, જ્યાં પર્વત ને હોય પહાડરે, જ્યાં૦ હું આરાધું મારી માવડીરે, તેતો આવીને પુરે લાડરે. તેતો૦ પશુ પંખીને દહીત માનવીરે; કાંઇ નરનારીને રાયરે કાંઇ૦ એ વશે થાશે રાજાતણીરે. કાંઇ ગુરૂ છે અંબામાતરે, કાંઇ૦ પરમુલક પરદેશડેરે કાંઈ પરધરતી પરવાસરે. કાંઈ૦ જગસર મહાદેવ તમારી સાહ્યમાંરે, કાંઇ પુરી કરે સહુ આશરે. કાંઇ૦ હીમ પડે ધરતી ગડગડેરે, કાંઇ એવું મારે દુઃખરે. કાંઇ૦ જ્યારે રાજા તમને દેખશું, ત્યારે તો થાશે સુખરે; ત્યારે.

નર વીના નારી એકલી, તેનો પગલે પગલે વાંકરે. તેનો૦ તે દીસે દીન મુને બીહામણોરે, હુંનો ક્રોડ ભરી કલંકરે. હુંતો૦ રાણી કહે ગાજન સંચરેરે, કાંઈ ચલાવો ચતુર તોખારરે. કાંઈ૦ કહેતાં શુકન લેઇ ચાલીઆરે, ગજરામારૂ તેણે ઠારરે ગજ૦

રાણીએ રજા આપી એટલે રાજા પોતે શુકન જોઇને ચાલ્યા જ્યાં રાજા ગયા કે રાણી રૂદન કરે છે કે હે દાસી રાજા વીના મારા પ્રાણ રહેનાર નથી માટે રાજાની સાથે જવાય તો ઠીક રાણીનું આ કહેલું સાંભળીને એક દાસી બોલી કે આપણી એક દાસી પાસે અ- તીતની આપેલી એક જડી બુટી હતી તેમાં એવો ગુણ હતો કે મા- ણસ મોંમાં રાખીને જે જનાવરનું રૂપ લેવા ચહાય તે રૂપ થઇ જાય રાણીએ તે જડી બુટી લઇ મોંમાં નાખીને પોતે ભમરી થઇને રાજાની પાછળ ગઇ અને રાજાના પેંગડામાં ભરાઇ ગઇ હવે જંગલમાં ઘણી ઝડપથી રાજા જાય છે એટલે રાણી મોંઢામાંથી બોલી કે:—

દુહા—હળવે રેવંત રાજા ખેલાવજો, કાંઇ કાળજુ કકડા થાય રે. કાગ્રં૦ સવાગજનું છે રાજા નેળીયુંરે, ડાબેરૂ અંગ દબાયરે. મા૦

ઘોડાને ધીમે ચલાવો આ અવાજ મારૂને કાંને આવ્યો એટલે મન વાળ્યું કે એતો રાણીના ભણકારા વાગતા હશે એમ ધારી આ- ગળ ચાલ્યા ફરીને રાણી બોલી.

દુહા—દામાવંતીના દીકરારે, મારી સગી નણંદના વીરરે. મા૦ હળવે રેવંત તમે હાંકજોરે, મારૂ સોસાઇ જાય શરીરરે. મા૦

રાજાએ તરત ઉભા રહીને તરવાર ખેંચીને કહ્યું કે જે હોય તે મારા સામે આવો નહીતો હું બાળીને પ્રસે કરીશ એટલે રાણી પોતાનું સ્વરૂપ બદલીને સામે આવી ઉભી રહી એટલે રાજાએ કહ્યું કે તમે મારો કેડો નહો મુકોતો મારી મેળે આપઘાત કરીશ રાજા રીશમાં જોઇ

રાણીએ કહ્યું કે તમારી મરજી નથી તો હું નહી આવું. ત્યાં વડ રોપ્યો તે રોપતાંજ મોટો ગંભીર થઇ પડ્યો પછી રાણીએ કહ્યુ કે તમારે જાવું હોય તો જાઓ હુંતો અહીંજ રહીશ ને તમે જ્યારે આવશો ત્યારેજ આવીશ એમ કહી રજા આપી રાજા ગયા એટલે રાણીએ પાછું વડ ઉપર રૂદન કરવા માંડ્યું રાણીનું રૂદન સાંભળીને નદીનાં નીર પણ થંભી રહ્યાં છેવટે રાણીએ મન વાળ્યું ગજમારૂ ખેડ ખેડ કરતો જાય છે આગળ રાયારૂપાનું શહેર આવ્યું તે શહેરની બહાર સુકાઇ ગયેલો બાગ હતો તેમાં જઇને ઉભો રહ્યો એટલે બાગ લીલો છમ થઈ ગયો અને ફુલના છોડને ફુલ આવ્યાં રાજા ઝાડ સાથે ઘોડો બાંધીને ઝાડ નીચે સુતા એટલે ઉંઘ આવી ગઇ એટલામાં એજ ગામમાં દેડ તથા વાઘરી હમેશ લાકડાં વીણવા આવતા હતા તેઓ જુવે છે તો બાગ લીલો કલાર જેવો શોભી રહ્યો છે અને અંદર એક ઘોડો અને એક પુરૂષ દીઠો તે જોઈ તે બાગની માલીક માલણ હતી તેની પાસે જઇ કહ્યું કે તારો બાગ લીલો છમ જેવો થઇ ગયો છે. અને કોઇ મોટો પુરૂષ બાગમાં સુતો છે માલણ કહે કે તમને લાકડાં નહી મળ્યાં હોય માટે તમે એમ કહો છો પેલા માણસોએ સમ ખાધા એટલે માલણ બાગમાં આવી પછી પોતે એમના પગલાંથી ઝાડ લીલાં થયાં છે એમ ધારીને ફુલ ચંદી હાર ગજરા બનાવી રાજાને આપવા જાય છે એટલે ઘોડે ખુંખારો કર્યો તેથી રાજા જાગી ઉઠ્યો ને માલણ ઉભી રહી તેને મારૂએ પાંચ મહોર આપી તે માલણ જોઇ રાજી થઇ અને જાણ્યું કે આ કોઇ રાજા છે એમ ધારી માલણ રાજાને પુછે છે.

દુહા—કિયારે મુલક પતિછો રાજવીરે કહો ક્યુરે તમારૂં ગામ રે: કહો૦ નહાની વયમાં બાહાર કેમ નીસર્યા, એવું શુંરે પડ્યું છે કામરે. એવું૦ તે જન મળે ત્રણ લોકમાંરે, રાજા છો જી બાળે

વેશરે. રાજા૦ રાજા શારે દુખે તમે આવીયા, પ્યારા કેમ વેઠો પર-
દેશરે. પ્યારા૦ નોકર ચાકર નથી સાથમાંરે, તમે એકલા આવ્યા
છો આજરે. તમે૦ સત્ય બોલીને સદગુણી કુંવરજી એવું શું છે અ-
ગત્યનું કાજરે. એવું૦

એ પ્રમાણે માલણના બોલ સાંભળી મારૂજી ઉત્તર આપે છે.

**દુહા**—કોઇ દેશનો નથી રાજવીરે, બેન નથી કરતો હું રા-
જરે, બેન૦ પૃથ્વી પરદક્ષણા કારણે, નીકળ્યો જોવાને કાજરે. નિક-
ળ્યો૦ નામ ઠામ અહીં બતાવીને, મારે કાંઇ કરવું નથી કામરે
મારે૦ આ શહેર શોભાતું જોઇને, પછી જઇશું બીજે કોઇ ઠામરે પછી૦

મારૂજી માલણને કહે છે હે બેન હું કાંઈ રાજા નથી, પણ મુલક
જોવા નીકળ્યો છું માટે મ્હારૂં નામ ઠામ કે બાપનું નામ કેવાની કંઇ
મતલબ નથી ફકત આ શેહેરની શોભા સારી જોઇ વીચાર્યું કે દાણો
પાણી હોય તો બે દીવસ રહીને બીજે ગામ જઇએ. તે સાંભળી મા-
લણ કહે છે હે મહારાજ, મેં તો સેહેજ જાણવા પુછ્યું તમે કંઈ રીસ
કરશો નહીં. જો આપને બે દીવસ કે તેથી વધારે દીવસ રહેવાની
કરશો નહીં. જો આપને બે દીવસ કે તેથી વધારે દીવસ રેહેવાની
મરજી હોય તો મહારે ઘેર પધારી સુખેથી રહો. મ્હારાથી બનતી બ-
રદાસ કરીશ. તે સાંભળી મારૂજી માલણને ઘેરે ગયા ત્યાં ગાદી તકીયો
નાખી તે ઉપર માન દઇ બેસારીને તેની સાથે નાના પ્રકારની મીઠી
વાતો કરી. ઘરમાં આવી પોતાની પુત્રીને હુકમ કરી નાના પ્રકારની
સ્વાદીષ્ટ રસોઇ કરાવી મારૂજીને પ્રેમ કરી જમાડ્યા તે પછી પાન
સોપારીનું બીડું ખવાડી વાતો કરી બહુ પ્રસન્ન કર્યા મારૂજીએ પણ મા-
લણની સાથે કેટલીક વાતો કરી તેનો સાર સમજી લીધો વળી શહેરના
રાજા વિશે કેટલીએક જાણવા જોગ બાબતો પુછી લીધી તેના ખુલા-
સા બંધ ઉત્તરો મળતાં પોતે પ્રસન્ન થઇ કહે છે કે હે બેન તારી

મમતા જોઇ હું સંતોષ પામું છું માટે હું આ શહેરના રાજા પાસે જઇ વાતચીત કરૂં પછી જો લખીત હશે તો ઠરાવ કરી અહીંજ ચાકરી કરીશ. તે સાંભળી માલણ કહે છે કે બહુ સારૂં મહારાજ મારી પણ ખુશી છે કે આપના મીલાપથી મને બહુ આનંદ થાય છે તેમજ સદાય થશે માટે આપ રાજદરબારમાં પધારો. તે સાંભળી મારૂજીએ પોતાની પાસેથી મ્હોરો વટાવી પોતાને શોભે તેવો પોશાક લઇ દરજી પાસે તૈયાર કરાવી બણી ઠણીને રાજાસભામાં ગયો પણ ત્યાં કોઇને નમી જુહાર ન કર્યો તેથી રાજા અને કચેરીના સર્વ જનો તેનું રૂપ અને ચંચળાઇ જોઇ વિચારમાં પડયા કે આ કોઇ મ્હોટા ભાગ્યશાળી રાજાનો કુંવર છે, તેથી કોઇને જુહાર પણ કરતો નથી. એવું વીચારી તેને પુછે છે.

**દુહા**—કીયા શેહેરના તમે રાજવીરે નીશ્ચય કહો શું છે આ પનું નામરે નિશ્ચય० વળી શા કારણ પરદેશડે, એવું શું છે જરૂરનું કામરે એવુ० કોને દુખે બહાર નીકળ્યારે હજી દીશો છો બાલે વેશરે, હજી० રાજ તેજ અતિ ઝમઝગે કેમ છોડયો પોતાનો દેશરે. કેમ०

**દુહા**—અમેરે નથી રાજા રાજવીરે, કાંઇ છેટેછે મ્હારૂં ગામરે કાંઇ० આવ્યો છું હું પરદેશમાં; મ્હારે ચાકરી રહ્યાનું કામરે મ્હારે० નામ મારૂં નથી પાડીયુંરે, મુને ઠાકોર ઠાકોર કહેછે રે. મુને० મેહેર કરી મુને રાખશો તો હું હજુરમાં રહું તો હું०

મારૂજી કહે છે મહારાજ મારો દેશ અહિયાંથી ઘણો દુર છે તે કહેવાની કાંઇ જરૂર નથી વળી મ્હારૂં નામ પાડયું નથી તેથી મને સર્વ લોકો ઠાકોર કહીને બોલાવે છે. હું પોતાની હુંશીયારી જણાવવા સારૂ પરદેશ નીકળ્યો છું તે જ્યાં અન્નોદક લખીત હશે ત્યાં નીમક હલાલપણાની નોકરી બજાવી મારો ગુણ દેખાડીશ એવો ઉત્તર સાં

ભળી રાજા રૂપસીંહ વિચાર કરે છે કે આ કોઈ મહા પરાક્રમી રાજ કુંવર છે એવું એના રૂપ ગુણ અને ચાલાકાઇ ઉપરથી સાફ જણાય છે માટે એને ચાકરી રહેવા વીશે પુછી જોઉં એમ વીચારી રૂપસીંહ પુછે છે કે ઠાકોર આપ એક મહિનાનો પગાર કેટલા રૂપીયા લેશો ? તે સાંભળી ઠાકોર ઉત્તર આપે છે કે એક મહિનાના સવા લાખ રૂપીયા પગાર લેશું ત્યાંજ રહીશું. તે સાંભળી રાજા મોટા વિચારમાં પડી પોતાના પ્રધાનને પુછે છે કે પ્રધાન મારી સાથે એકાંત ઓરડામાં આવ ત્યાં તેને કાંઇ વીચાર પુછવો છે એમ કહેતાં તે બેઉ જણ એકાંતે જઇ સામસામા ખુરસી ઉપર બેઠા ત્યાં રાજા પુછે છે કે પ્રધાનજી, આપણા સર્વ નોકરોના પગારનો દર માસે સવા લાખ રૂપીયા ખરચ થાય છે તેટલી બીજી એક રકમ એક ધણીને કેમ અપાય આ ઠાકોરમાં એવો શો સદ્‌ગુણ હશે તે સમજાતું નથી તે સાંભળી પ્રધાન કહે છે કે મહારાજ જેઓ બુદ્ધિનો સાગર જેવા ગુણ ગંભીર હોય તે ભારે પગાર લે છે તેથી તેનો વધારે ગુણ કરી દેખાડે છે તે હરામનો પગાર લેનાર નહી માટે આપ તેની પરીક્ષા જોવા એક મહીનાની બોલી કરી રાખો તેમાં તમને ગુણ જણાય તો વધારે રાખજો આ વખત આપ નહિ રાખો તો તે ચાલ્યા જશે ને તેને કોઇ બીજો રાજા નોકરી રાખશે તો આપણી આબરૂ જશે તે સાંભળી રાજા કહે છે કે તારી મરજી તો આપણે પરીક્ષા જોવા રાખીયે એવો નીશ્ચય કરી સભામાં આવી ઠાકોરને કહે છે કે તમે કહો તે પગાર આપીશું માટે તમે સુખેથી રહો તે સાંભળી ઠાકોર કહે છે કે તમે કબુલ થયા તો હું પણ રહેવાને ખુશી છું પણ મારી રીત કહું તે સાંભળો સવારના દસ કલાક થયા પછી તમારી નોકરી સાંજના ચાર વાગ્યા સુધી કરી તે પછી મારી મરજી પડશે ત્યાં ફરવા જઈશ બીજું એ જે હું દેવ, મુની, ગુરૂ, બ્રાહ્મણ, સાધુ અને મારી જનેતા એ છને

નમું છું તે શીવાય બીજા કોઇને નમતો નથી. માટે સભામાં આવતાં અને જતાં તમોને સલામ કરીશ નહીં હો ? તે સાંભળી રાજા કહે છે કે જે તમે કહો તે મ્હારે કબુલ છે, તમે ફકત મારી સાથે મધુરી વાતો કરી સોગટાં બાજી રમશો એટલે બસ છે એવો ઉત્તર આપી બુકમાં તે ઠાકોરના નામના પગારનો આંક અને મીતી નોંધી રાખી એટલે મારૂજીએ ઘેર જવાની રજા માગી. માલણના ઘેર આવ્યા તે જોતાંજ પુછ્યું કે હે ભાઇ આપ રાજા પાસે જઇ શો બંદોબસ્ત કરી આવ્યા ? તે સાંભળી ઠાકોરે થયેલી વાત બધી કહી સંભળાવી તે સાંભળી માલણ ખુબ ખુશી થઇને કહે છે કે હે ભાઈ તમે મારા માડીજાયા ભાઇ કરતાં અધીક વહાલ છો તેથી સુખેથી મારે ઘેર રહો હું તમારી સેવા કરવામાં કશી વાતની ખામી રાખનાર નથી તે સાંભળી ઠાકોર કહે છે કે બેન ઠીક છે હું પણ તારો ગુણ ભુલનાર નથી એવી પરસ્પર વાતો કરી માલણે નાના પ્રકારની સ્વાદીષ્ટ રસોઇ બનાવાને સુગંધીક તેલ મારૂને શરીરે મરદન કરી ગરમ પાણીએ નવરાવી દીલ-કોરૂં કરી ધોએલાં વસ્ત્ર પેહેરાવી પાટલા ઉપર બેસારી રૂચી પ્રમાણે ભોજન કરાવ્યું જમી રહ્યા પછી બીડું ખવરાવ્યું એટલે દરબારમાં જવાની વેળા થઇ ત્યારે મારૂજી પોતાનો અમીરી પોશાક પેહેરી દરબારમાં ગયો ત્યાં રાજા પ્રધાન ને સરવે સભાજનોએ માન આપ્યું પણ પોતે નમ્યો નહીં પછી રાજાની સામે બેસી કેટલીએક વાતો કરી એટલે સોગટાં બાજી માંડી ઘણી ચતુરાઇથી રમત રમતાં ઠાકોર જીત્યા એમ નીત નીયમ પ્રમાણે રાજસભામાં આવી રાજા પ્રધાનને રૈયત સર્વેને પ્રસન્ન કરી સાંજના ચાર વાગે ઘોડા ઉપર બેશી ઢાલ તરવાર પીસ્તોલ બાંધી મરજી પડે ત્યાં ફરવા જાય એમ કરતાં ઓગણત્રીશ દહાડા થયા ત્યારે રાજા પ્રધાનને એકાંતે બોલાવીને કહે છે હે પ્રધાન આવતી કાલે એક મહીનો પુરો થશે તેના સવા લાખ રૂપીયા પગારના

આપવા પડશે ને તેનો કાંઇ પણુ ગુણુ દેખાયો નથી, મેં તારા સુકન ઉપર બધી વાત કબુલ કરી છે, તે સાંભળી પ્રધાન કહે છે કે મહારાજ એના ગુણની આજે રાત્રીયેજ ખબર પડશે. કેમકે આપણો ગોવાળ આજે ખબર લાવ્યો છે કે આપણા ગામને ગાંદરે એક રાક્ષસ આ-વ્યો છે તેણે કેટલાંક બકરાં અને બીજા પશુઓ મારી નાંખ્યાં તે પ-છી પાછો ઝાડીમાં ભરાઇ ગયો તે જો રાત્રીએ લાગ જોઇ ગામમાં પે-સશે તો માણુસોની ઘાત કરશે માટે તેનો બંદોબસ્ત થવો જોઇયે એવી ખબર લાવ્યો છે માટે આજ રાત્રીયે એ ઠાકોરને દરવાજે ચો-કી કરવા મોકલીશું ત્યાં એની સર્વ હુંશીયારીની ખબર પડશે. એ રીતે આપણા ગામ બહાર ઘાતકી રાક્ષસ આવ્યો છે તેણે કેટલાંક બકરાં ને બીજાં પશુઓ મારી નાંખ્યાં માટે તે ગામમાં પેશી જશે તો મા-ણસનો ઘાત કરશે માટે તમારે દરવાજાનો બદોબસ્ત રાખી તે રાક્ષ-સનો ભય ટાળવો જોઇએ તે સાંભળી ઠાકોરે ઉત્તર આપો કે મ-હારાજ એ ઘણી ખુશીની વાત છે જે એ મારા લાયકનું કામ મનેજ બતાવ્યું તેથી એ ભય તત્કાળ ટાળી મારૂં નિમકહલાલપણું દેખાડીશ. એમ કહી પોતાના મુકામે જઇ વહેલું ભોજન કરી માલણની રજા લઇ સરવે જોઇતાં હથીયારો સજી દીવસ આથમતાં વેલાસર દ રવાજા બંધ રખાવી ફક્ત ઉગમણા દરવાજાની બારી ઉઘાડી તરવાર લઈ ઉભો રહ્યો ત્યાં રાત પડીને થોડુંક અંધારૂં થયું એટલે ચારે કોર જોતો જોતો રાક્ષસ દરવાજા નજીક આવ્યો ત્યાં સુધી કોઇ પણુ કે માણસ તેની નજરે આવ્યાં નહી કેમકે દિવસ છતાં ઠાકોરે ચોકસ બંદોબસ્ત કરયો હતો તેથી કોઇ સપાટામાં આવ્યું નહીં એટલે દર-જાની બારી ઉઘાડી જોઈ ખુશી થયો કે ગામમાં પેસવાને બારી ઉ-ઘાડી છે એ પણુ ઠીક તાલ પડયો એમ ધારી વાંકો વળી બારીમાં

પેઠો એટલે ઠાકોરે જગદીશ્વર મહાદેવનું સ્મરણ કરી સહાયતા માગી અ
તી જોરમાં શીરોઇની તરવારૂ તેની ડોક ઉપર મારી તેથી તેનું બી
હામણું માથું દુર જઇ પડયું તે જોઇ રાજસેવકોએ તરત રાજાને
તથા પ્રધાનને ખબર કરી એટલે તે અને બીજા કેટલાક લશ્કરી અ
લદારો મસાલો તૈયાર કરાવી રાક્ષસનું કલેવર જોવા આવ્યા ત્યાં
જોઇ સર્વ જનો આશ્ચર્ય પામી ઠાકોરની તારીફ કરવા લાગ્યા, કે એ
કોઈ દેવાંશી શુરવીર રાજકુંવર છે એમ સમજી રાજાએ ચાર બળદનું
ગાડું મંગાવી સેવકોને કહ્યું કે આપણા ગામથી બે કોશ દૂર જઇ
જંગલમાં એની લાશ દાટી ગાડુ ધોઇ નાંખજો એવો હુકમ કરી સહુ
સહુને સ્થાનકે ગયા ઠાકોરે બનેલી સરવે હકીકત માલણને કહી તે સાં
ભળી માલણ બહુજ પ્રસન્ન થઇ તેનાં દુખડાં વારી લીધાં પછી થોડી
એક વાત ચિત કરી સુઇ રહ્યાં, રાજ સેવક કહ્યા પ્રમાણે રાક્ષસની
લાસ દાટી ગાડું ધોઇ પોતાને સ્થાનકે આવ્યા, ને પછી સવારનો પો-
હોર થયો એટલે નીત્યના નીયમ પ્રમાણે મારૂજી દરબારમાં આવ્યા
ત્યાં રાજા પ્રધાન ને સર્વ અમલદારો તથા સેવકોએ બહુ માન આપી
કહ્યું કે આપના સદગુણનાં જે વખાણ કરીએ તે થોડાજ છે એમ
કહ્યા પછી રાજાએ ઠાકોરને સવાલાખ રૂપીયા પગારના રોકડા આપીને
ભારે કીમતનું શેલું તથા કસબી મંડીલ, સોનાના કડાં કંઠી અને હીરા
જડીત બે પોહોંચીયો તથા હીરા જડાવની મુઠવાળી શીરોઇની તરવાર
અને ગેંડીની ઢાલ એટલાં વાના બક્ષીસ આપી કહ્યું કે તમોએ એક
ઘડીમાં જે પોતના સદગુણ અને શુરવીરપણાની હુશીયારી દેખાડી
છે તેનો બદલો મારાથી વાળી શકાયો નથી. હશે મને બધી વાતે આ
પની ખાત્રી થઇ એવી વાત ચિત થયા પછી ઠાકોરે શેહેરમાં સર્વ
ઠેકાણે રસ્તાઓ સરખા કરાવી પાકી સડકો બંધાવી બે વખતે પાણી
છાટવાનો હુકમ કરયો તેમ સાંજના રૈયતને વિશ્રાંતી પામવા અતી સું-

ફરવાડી બંગલા બંધાવી કેટલીક વાતમાં રાજાના હકમાં પેદાશ વધારી એમ દીન દીન પ્રત્યે સુધારો કરવા માંડયો એ વાત છહા રહી તે પછી ચંપાવતી નગરીના રાજા કેસરીસિંહની પુત્રી ફુલાદે નામે મહા રૂપ ગુણની ભરેલી હતી તેના સાંભળવામાં એમ આવ્યું કે માંડવગઢના રાજા જસાજામની અણુમાનીતી રાણી દામાવંતીનો પુત્ર ગજરો નામે મહા ચતુર પરાક્રમી અને ગુણમાં ભરપુર છે તેથી એ વરની સાથે મહારૂં લગન થાય તો બહુ સારૂ કેમકે મારા માતપીતાએ આજ્ઞા આપી છે કે તું તારી ઇચ્છા પ્રમાણે સદગુણી વર બોલાવી પ્રસન કરીશ તે અમારે કબુલ છે એવો વિચાર કરી એક પોતાનો અશ્રીત બ્રાહ્મણ હતો તેને બોલાવીને કહ્યું કે બ્રહ્મદેવ હું તમને એક પત્ર લખી આપું તે તમે લઇ માંડવગઢમાં જસાજામની અણુમાનીતી રાણી દામાવંતીના પુત્ર ગજરામાજી પાસે જઇ તેને વંચાવીને તેની સાથે મારૂં વેવીશાળ નક્કી કરી વહેલા આવજો એટલે હુ તમને પુષ્કળ ધન આપીશ એમ કહી તેને પત્ર લખી આપીને એકસો રૂપીયા વાટ ખરચીના આપી તરત વિદાય કરયો તે બ્રાહ્મણે માડવગઢ આવી દામાવંતી પાસે સર્વ હકીકત જાહેર કરી દામાવંતીએ ઉત્તર આપ્યો કે મ્હારા પુત્રને એના પિતાએ દેશવટો દીધો છે તેથી તે હાલમાં ઘેર નથી વનવાસ ગયો છે તે બાર વરસે પાછો આવે ત્યારે એ વાત કબુલ થાય એવો ઉત્તર સાંભળી બ્રાહ્મણ નિરાશ થઇ ત્યાંથી પાછો વળ્યો તે કેટલાંક શેહેર ફરી ફરી થકયો પણ મન ગમતું ઠેકાણું મળ્યું નહી પછી વિચારવા લાગ્યો જે ઘણે ઠેકાણે ફરયો તોય જોગ બનતો નથી. માટે હવે તો જે શહેર આવશે ત્યાંના રાજાને ગજરામારૂ ટેકાની વેવીશાળ કરૂં તો કાંઇ ધનમળશે એમ વિચારી રાજા રૂપસિંહના શેહેરમાં ( ગજરામારૂજી ચાકર રહયો છે ત્યાં આવ્યો તેવોજ રાજા પાસે દરબારમાં જઇ આશીરવાદ

દઇ કહે છે કે ચંપાવતી નગરીના રાજા કેસરીસિંહની પુત્રી ફુલાં નામે મહારૂપ અને ગુણવંત છે તેના હાથનો પત્ર લઇ માંડવગઢના રાજા જસાજામની અણુમાનીતીના પુત્ર ગજરામારૂજી સાથે વેવીશાળ કરવા ગયો હતો પણ તપાસ કરતાં સાંભળ્યુ કે મારૂજીને એના બાપે દેશવટો દીધો છે. માટે ત્યાંથી કેટલાંક શહેરમાં ફર્યો પણ બરાબર ઠેકાણું મળતું નથી તેથી જો તમારી મરજી હોય તો તમારી સાથે વેવીશાળ નકી કરૂં. કન્યા તો ગુણનો ભંડાર છે તેથી તમારો દરબાર શોભાવશે. એવુ સાંભળી રાજાએ પોતાના પ્રધાનને પુછી વેવીશાળ કબુલ કર્યું પણ ફરમાવ્યું જે તમારી વાત કુંવરીએ કબુલ કરી તો તો સારૂ, પણ ન કબુલ કરેતો મારે પાછું ફરવું પડે તો આબરૂ જાય તો ઠીક નહીં તે સાંભળી બ્રાહ્મણ કહે છે કે ફુલાંદે કે હું કાંઇ મારૂજીને દીઠે ઓળખતી નથી માટે તમને ગજરામારૂજી ઠરાવીશું એવુ સાંભળી તે બ્રાહ્મણને દશ હજાર સોનામહોર આપી એટલે તે રાજી થઇ આશીરવાદ આપી કહે છે કે મહારાજ હું આજ્ઞા માગું છું આપ સુસોભિત વસ્ત્રલંકાર પહેરી મોટી જાન સણગારી વેહેલા આવજો એમ કહી બ્રાહ્મણ તાકીદથી ફુલાદે પાસે આવીને કહે છે કે બાઇ સાહેબ તમારા કહ્યા પ્રમાણે કામ ફતેહ કરી આવ્યો છું તે સાંભળી બ્રાહ્મણને બસો સોના મહોર આપી તે લઇ આશીરવાદ દઇ ઘેર ગયો. હવે બ્રાહ્મણ વિદાય થયા પછી રાજા રૂપસિંહે પોતાના પ્રધાનને એકાંતે બોલાવીને કહ્યું કે ચંપાવતીના બ્રાહ્મણે ફુલાદે સાથે લગ્ન કરવાનો નકકી ઠરાવ કર્યો છે માટે હાથી ઘોડા રથ પાલખીયો તથા દાસીયોને તૈયાર કરો ને તેમાં બેસારી પણ મહારાજ આપણે બધા તૈયાર થઇ જશું ત્યારે તમારી ગાદીને શહેર બંને કોણ સાચવશે ? તે સાંભળી રાજા કહે છે કે ઠાકોર ઘણો નીમકહલાલ અને વીશ્વાસુ માણસ છે તેથી તે બહુ સંભાળશે વળી એક બીજું કારણ છે જે ઠાકોર

ઘણો રૂપ ગુણથી ભરેલો છે તેથી એને જોઇ ફુલાદે પ્રસન્ન થાય તો મારી સાથે વરે નહી માટે ઠાકોરને બોલાવો હું ભલામણ કરૂં તે સાંભળી પ્રધાન કહે છે કે સારૂ મહારાજ એમ કહી ઠાકોરને સરવે હકીકત સંભળાવીને ગાદીની તથા પોતાની સર્વ સેવકોની રૈયતની ભલામણ કરી કહ્યું કે હે ઠાકોર હું ચંપાવતી નગરીમાં મારા લગ્ન કરવા જાઉ છું. તમો બધી વાતે નિર્ભય રહી પધારો ને લગ્ન કરી વેહેલા આવજો એવી રજા મળતાં મોટી ધામધુમથી જાન તૈયાર કરી, નગારા, નિશાન, ચોઘડીયાં વગેરે વાજીત્રો સહિત રૂડુ મુહુરત જોઇ સધાવ્યા તે વેળા નાના પ્રકારનાં વાજીત્રો વજડાવી બંદુકનો અવાજ કરી ચાલતા થયા હવે ઠાકોરે વિચાર કરયો કે રાજા મને પોતે સર્વ રાજધાની સોપી ગયા છે તે હું સારી રીતે સંભાળીશ તેની કશી ચીંતા નથી. પણ મને જાનમાં સાથે તેડી ના ગયા તેનું શું કારણ હશે વારૂ મરજી તેમની હુ મારા કામમાં તત્પર રહું એવું વિચારી સર્વ દરવાનને તેમજ રાત્રી દીવસના ચોકીદાર મારગે ઘોડેસ્વાર શીપાઇયોને મોકલતાં કહ્યું કે વાટે જાતાં આવતાં કોઇ પણ વટેમારગુને લુટારા લોકો ઇજા દઇ લુંટે નહી તે વાતની ચોતરફ સારી રીતે તજવીજ રાખજો, એમ સરવે ઠેકાણે ચંચળ શીપાઇયોને સોંપણ કરી દરબારમાં કચેરી ભરી રાજનીતી પ્રમાણે પ્રજા જનોનો ન્યાય કરી રાજા કરતાં સરસ કામ ચલાવ્યું હવે રૂપસિંહજી મોટી ધામધુમથી જાન લઇ નીકળ્યા હતા તે ચંપાવતી નગરી પાસે આવી રાજા કેસરીસિંહજીને જાણ કર્યું કે જાન આવી છે તે સાંભળી રાજાએ મ્હોટી ધામધુમથી સમૈયુ લઇ માન આપીને પોતાની અતી સુંદર ને મ્હોટી વાડીમાં ઉતારો આપ્યો. રૂપસિંહજી તે વાડી અને બંગલાની શોભા જોઇ ખુબ ખુશી થઇ પરણવાને આતુર થઈ વાટ જોયા કરે છે એટલામાં ફુલાદેએ પોતાની હજુર દાસીને સંદેશો કહી વરરાજા પાસે મોકલી

તે તરત આવીને વર રાજાને કહે છેકે મહારાજ મારી બાઇ ફુલાદેએ કહ્યુ છે કે મ્હારો સ્વામી ગજરામારૂજી ઘણા રૂપ ગુણના ભંડાર છે. તેથી તેની પરીક્ષા જોવા મેં સાત રંગના સાત જુદા જુદા પડદા બાંધ્યા છે ત્યાં જે પડદાની સમસ્યા કહું તેનો બરોબર ઉત્તર આપશો તો તેની સાથે પરણીશ કદાપી ઉત્તર નહી આપે તો પરણવાની નથી એ રીતે મારી બાઇએ કહ્યું છે ને તમને જાહેર કરૂં છું એમ કહી દાસી પોતાની બાઇ પાસે આવી ને કહ્યું કે તમારા સરવે સમાચાર કહ્યા છે ફુલાદે કહે સારૂ. એમ કહી પડદા છોડાવાની સમસ્યા યાદ કરી રાહ જોયા કરે છે દાસી સંદેશો કહી ગયા પછી રૂપસિંહ પોતાના પ્રધાનને કહે છે કે, હે પ્રધાન. ફુલાદેએ તો સાત જુદા જુદા પરદા બાંધી દરેક રંગની જુદી જુદી સમસ્યા પુછે તે સર્વના બરાબર ઉત્તર આપું તોજ મારી સાથે પરણે હું તો કશીયે સમસ્યા સમજતો નથી તો ઉત્તર શી રીતે દઉં અરેરે હવે તો પૂર્ણ કમબખ્તી આવી જો આ વખત ઠાકોર આપણી સાથે હોત તો ઉત્તર આપત ને આપણું કામ થાત માટે હવે તો તે ઉપાય રહ્યા નથી માટે આ ગામમાં આપણા છાના સેવકો મોકલી કોઇ બત્રીસ લક્ષણો પુરૂષ શોધી મંગાવો તે જો ઉત્તર આપે તો મારૂં કામ થાય, નિકર આબરૂ ગુમાવી પાછા જવુ પડશે તે સાંભળી પ્રધાને ચતુર સેવકોને સરસ બીના સમજાવી ચારે તરફ મોકલ્યા તે બત્રીસ લક્ષણાની શોધ કરે છે પણ જોઇએ તેવો કોઇ ચતુર પુરૂષ મલતો નથી તો પણ શોધ્યા કરે છે એટલે એક કાશદે ઠાકોરનો પત્ર લાવી રૂપસિંહને આપ્યો તેમાં લખ્યું છે જે આપ દરબાર વિષેની તથા શેહેર અને લશ્કરના બંદોબસ્ત વિષેની કશી ચિંતા કરશો નહિ બધી વાતનો બંદોબસ્ત રાખ્યો છે આપ લગન કરી વેહેલા પધારજો એજ વિનંતી એવો પત્ર વાંચી રાજા પ્રધાન બેઉ રાજી થયા પણ પડદા છોડનારની રાહ જોયા કરે છે. કાસદને મોકલ્યા

પછી ઠાકોરે પોતાના મનમાં વિચાર કર્યો કે રાજનો સર્વ ઠેકાણે સારો બંદોબસ્ત ચાલે છે. માટે બહાર ફરવાનું મિશ કરી મારા ઘોડા ઉપર બેશી કોઇના કળ્યામાં ન આવે તેમ રાજા રૂપસિંહજીના લગનની ધામધુમ જોઇ વેહેલો આવનો રહીશ એવો નિશ્ચય કરી સર્વ અમલદારોને ભલામણ કરી ફરવાનું મીશ કરી નીત્યનો પોશાક લઇને પોતાનો ઘોડો તૈયાર કરાવી તે ઉપર અસ્વારી કરી પવન વેગે ચલાવી થોડી વારમાં ચપાવતીનગરી નજીક આવીને પોતાનો અમીરી પોશાક કહાડીને સુશોભીત ફકીરી પોશાક પેહેરી શેહેરમાં જઇ ઉતરવાનુ એકાંત ઠેકાણું જોવા માંડયું એટલામાં એક અતી સુંદર મશીદ જોઇ તેમાં ઘોડા સહિત ચાલ્યો ગયો તેને જોઇને બીજા ફકીરો બોલ્યા કે કયું હજરત આપ કહાસે આયે ઓર કહાં જાતેહો ફકીર કહે છે. મૈં ખાલી ફીરનેકું નીકલાહું સો યે મસજીદ અચ્છી દેખકે દેખનેકુ આયા હુ તે સાંભળી ફકીરો કહે છે જદતો આજકી રાત યહાં ઠેર જાઓ, એવુ કહી તેને ખાટલો ગોદડું પાથરી બેસાડયો. પછી ઘોડાને પોતાની પાસે એક લીમડાના ઝાડ સાથે બાંધી તેને ઘાસ તથા દાણો મુકયો પાણી પાયું તે પછી ફકીરોને પ્રસંદ પડે એવી મીઠી મીઠી વાતો કરી સઉને ખુશી કર્યા એટલે રાજસેવકો જે બત્રીસલક્ષણો પુરૂષ જોવા નીકલ્યા હતા તે ચોતરફ રખડી રખડીને થાકયા પછી ફરતા ફરતા મશીદ પાસે આવીને કહે છે કે આખા શહેરમાં અથડાયા પણ હજુ કોઇ મળ્યું નહી છેવટ આ મશીદમાં જઇને જોયું તો ત્યાં એક ચંચલ નવો ફકીર જોયો એટલે તેની સામું જોઇ માંહોમાંહી કહે છે કે આને પુછી જોઇયે તો ઠીક એ શબ્દ સાંભળી નવો ફકીર કહે છે કે તુમ આપસ આપસ મેં કયા ગરબડ કરતે હો જરા ખબદારીસે બાત કરો, તે સાંભળી રાજ સેવકોએ કહ્યું કે તમે ગુજરાતી વાત બોલી જાણોછો અને એ ભાષાની સમસ્યા સમજી જાણો છો? તે સાંભળી ફકીર કહે

છે કે હું બધુંએ બોલા જાણું છું એવો ઉત્તર મળતાં સેવકો કહે છે આ નગરના રાજાની પુત્રી ફુલાંદે સાથે અમરો રાજા પરણવા આવ્યો છે પણ ફુલાંદેએ વરની ચતુરાઇ જોવા સાત પડદા જુદા જુદા બાંધ્યા છે ત્યાં ઉભી રહીને દરેક પડદા આગળ જે સમસ્યા કહે તેનો ઉત્તર આપવો જોઇયે તે વિષે જો તમો જાણતા હો તો અમારી સાથે આવી પડદા છોડાવશો તો અમારા રાજા સાહેબ તમને ધન અપી રાજી કરશે તે સાંભળી ફકીર કહે છે કે મારે કંઇ કામ નથી જો તમારા રાજાનું લગ્ન થતું હોય તો તે વાતમાં બહુ ખુશી છું પણ આ વાતની ખબર કરી રાજાનો લગ્ન સમાનો સર્વ પોશાક લઇ આવો તે પેહેરી સાતે પડદા છોડાવી નાંખુ એવુ સાંભળી સેવકોએ તે સરવે બીના રાજાને કહી એટલે પોતાના લગ્નનો પોશાક ચાકરો સાથે મોકલ્યો તે લઇ ફકીરને આપ્યો એટલે તેણે સેવકોને કહ્યું કે તમે ફુલદિને કહો કે તે સમસ્યાં પુછવા માંડે વળી રાજાને કહેજો કે તમે આજ પેશાક પેહેરી પરણવા બેશજો તેથી તમારૂં કામ ફતેહ થશે, એવા સમાચાર સાંભળી સેવકે રાજાને તથા ફુલાદેને જાણ કર્યું આંહી ફકીરે વરરાજાનો અમીરી પોશાક પહેરી પોતાના ઘોડાને તૈયાર કરી તે ઉપર અસ્વારી કરી ઘોડાને તરેહવાર ચાલ ચલાવી નચાવતો નચાવતો ફુલાદેના મોહોલ નજીક આવ્યો ત્યાં રસ્તાના સર્વ લોકો તેની ચંચળાઇ જોઇને ઘણા ખુશી થયા, તેમ ફુલાદે પણ નાઈ ધોઇને સોળે શણગાર નવા ઉત્તમ પ્રકારનો પોશાક પેહેરી પોતાની બારીમાંથી વરરાજાની રાહ જોયા કરતી હતી તે પણ જોઇને બહુ ખુશી થઇ દાસીને હુકમ કર્યો કે વરરાજાજી પધારે છે તેને માન-પાન આપીને પડદા બહાર ખુરશી નાંખી બેસાડજે હું સમસ્યા પુછીશ એવો હુકમ કર્યે એટલામાં વરરાજા મોહોલ પાસે ઘોડો નચાવતા આવી ઉભા રહ્યા એટલે દાસીયે આવી કહ્યું કે અહો વરરાજાજી પધરો ને

બિરાજો આ ખુરશી ઉપર, મારી બાઇ પડદામા તઇયાર છે તે તમને સમસ્યા પુછે તેનો ઉતર આપશો તો તે ખુશીથી તમારી સાથે પરણશે તે સાંભળી વરરાજાએ ( ગજરામારૂજીયે ) ઉતર આપ્યો કે તમો ગમે તે પ્રમાણે પુછો. એવુ સાંભળી દાસીયે પોતાની બાઇને કહ્યુ કે તમોને ગમે તે પુછો, એટલે ફુલાંદે પડદામાં રહી પ્રશ્ન પુછે છે પેહેલો ધોળો પડદો.

**દુહા**—પડદે આવ્યો મારા વાલમારે; તમે કહોને પડદા કેરી રીતરે; તમે૦ ધોળો પડદો કહી દાખવો, વરમાળ આરોપુ આણી પ્રીતરે, વરમાળ૦ રાગ્ન ધોળી વનમાં ગૌધન ચરેરે, કાંઇ ધોળો તે વનમાં કપાસરે; કાંઇ૦ ધોળુ દુધ પીને જીવે સર્વકો એ તો લીલા શ્રી અવીનાશરે, એ તો૦ રાણી ફુલાંદે-ભલો તે ઉતર આપ્યો રાયજીરે તમે ભલો તે રાખ્યો રંગરે, તમે૦ હવે પીળો પડદો કહી દાખો, તમને પોઢાડુ સેજ પલંગરે. તમને૦ પડદો બીજો ધોળો પડદો છોડી નાંખજોરે પછી પીળાની સુણજો રીતેરે; પછી૦ ક્ષણ એકમાં ઉતર આપીને. તમને પરણી લઇ જાઉ ખચીતરે. તમને૦ પીળો તે વનમાં પોપટો ને, કાંઇ પીળી ચણાની દાળરે કાઇ૦ પીળો શોભે ગોરાદેનો કંચવો, કશી કશીને પહેરો આણી વહાલરે. કશી૦ રાણી-ભલોરે ઉતર દીધો રાયજી ને ભલો રાખ્યો હુશિયારીને રંગરે ભલો૦ હવે રાતો પડદો કહી દાખવોરે તમને પોઢાડુ સેજ પલંગરે તમને૦ ત્રીજો-પીળો પડદો પાછો કરોને, પછી રાતાની સુણજો રીતરે. પછી૦ પળ એકમાં કહી દાખવું, તમને પરણી લઇ જાશુ ખચીતરે. તમને૦ રાતી તે વનમાં ચનોઠડી ને રાણી રાતો કસુંબો મજીઠરે રાણી૦ રાતો શોભે ગોરાદેનો ચુડલો, બારે માસ

પેરંતા દીઠરે બારે૦ રાણી ભલો ઉત્તર આપ્યો રાયજી સુણી-મનમાં તે થાય ઉમંગરે સુણી૦ હવે કાળો પડદો કહી દાખવો, તમને પોઢાડુ શેજ પલંગરે. તમને૦ પડદો ચોથો-રાતો પડદો પાછો કરો ને પછી કાળાની સુણજો રીતરે પછી૦ અને પળ એકમાં કહી દાખવુ. પ્યોરી પરણી લઇ જશુ ખચીતરે પ્યારી૦ કાળો તે વનમાં કોશીયો છે, તેથી કાળો છે અતીશય કાગરે; તેથી૦ કળો શોભે ગોરદિનો ચોયલો, જાણે શોભેતે કાળો નાગરે, જાણે૦ રાણી-ભલો અર્થ કહ્યો રાયજી ને, તમે રૂડા કહ્યા છે રંગરે, તમે૦ હવે લીલો પડદો કહી દાખવો. તમને પોઢાડુ સેજ પલંગરે તમને૦ પડદો પાંચમો-કાલો પડદો પાછો કરો ને, સુખે સુણો લીલા કેરી રીતરે સુખે પલ એકમાં કહી દાખવુ, તમને પરણી લઇ જાઉં ખચીતરે તમને૦ લીલા તે વનમાં વાલોળીયો, વળી લીલો તે જવનો છોડરે; વળી૦ લીલો૦ શોભે ગોરાંદનો સાળુડો, અંગે ઓઢતાં પહોંચે કોડરે. અંગે૦ રાણી-ભલો ઉતર આપ્યો ભુપતી તમે ભલો ભજાવ્યા છે રંગરે; તમે૦ હવે કાબરો પડદો કહી દાખવો, તમને પોઢાડુ સેજ પલંગરે તમને રાજા- લીલો પડદો પાછો કરો પછી સુણો કાબરા કેરી રીતરે; પછી એક પલકમાં કહી દાખવુ તમને પરણી લઇ જાશુ ખચીતરે, તમને, રબારી ઘેર ઘેટડાં, રાણી કાબરી ભાવસાર ઘેર ભાતરે; કાબરી દીસે ગોરાંદની આંખડી; તે તો આંજતી માઝમ રાતરે તે તો૦ રાણી-ભલો રહી તમે દાખવ્યો, રાજા ભલો ભજાવ્યો રંગરે; રાજા૦ ફરતો પડદો કહી દાખવો, તમને પોઢાડું સેજ પલંગરે. તમને૦ રાજા કાબરો પડદો પાછો કરો, રાણી ફરતાની સુણજો રીતરે; રાણી૦ પળ વારમાં છોડુ એહને, તમને પરણીને

જાશુ ખચીતરે. તમને૦ ફરતા ગોરાંદેને રેટીયો, જેની તીખા લોઢા-ની આકરે; જેની૦ સાત છોડયા ને વળી છોડશુ. રાણી પુછો તે જવાબ દઉરે રાણું૦ રાખો હૈયામાં ઓરતો, વણ દીઠે પુછો તે કહુ રે રાણી૦ રાણી-રૂપ જોઇ હરખી સાભળ્યા મુને વાગ્યાં મોહના બા-ણુરે: મુને૦ પેલા ભવના પુણ્યે પામીયા સ્વામી ચૌદ વિદ્યા ગુણ જાણરે, સ્વામી૦ પડદા છોડયા મારા વાલમા, હવે રહેતી નથી મને ધીરરે; હવે૦ વરમાળા આરોપુ હેતથી, થાપુ કરીને નણદ કેરા વીરરે થાપુ ભલાં કહ્યાં ભલાં સાંભળ્યા. રાજા ભલો ભજાવ્યો રંગરે, રાજા૦ ગદબદ પડદો કહી દાબવો, હમને પોઢાડુ સેજ પલગરે. તમને૦

રાણી ફુલાંદે કહે છે કે હે પ્રાણનાથ તમે મહાન ચતુર છો તેથી મેં જે જે સમશાઓ પુછી તેના ખુલાસાબંધ ઉતર આપ્યા તેથી મારા મનનુ સર્વ સામાધાન થયુ, માટે હે કૃપાનાથ આપ મારી સાથે પરણીને મને પોતાની અર્ધાંગના કરો પણ હે મહારાજ તમે સાત પડદાની સમશાના ઉતર આપ્યા તેમ આઠમા ગદબદની સમશાના ઉતર આપશો તો હું બહુ પ્રસન્ન થઇશ તે સાંભળી રાજા કહે છે,

દુહા—પડદાને પાછા કરો કામની, તમે આવી બેસો સનમુખરે તમે૦ ગદબદ પડદો કહી દાખવુ, પછી પરણી પમાડુ સુખરે પછી૦ ગદબદ ઘી ને સાકર રાણી ગદબદીઓ કંસારરે; રાણી૦ ગદબદ રાણીની સેજે ફુલડાં તેસાં પોઢે ફુલાંદે નારરે, તેમાં૦

એવી રીતે રાજાએ ઉતર આપ્યો તે સાંભળી ફુલાંદે બહુ પ્રસન્ન થઇ ને કહે છે હે રાજાજી હવે મારા મનને એક ક્ષણવારની ધીરજ રહેતી નથી માટે તમે જાન તયાર કરી પરણવા આવો. આ વાત મારા પિતાને કહેવરાવી સામગ્રી તયાર કરાવુ છુ રાજા કહે સારૂ એમ કહી પોતે ઘોડા ઉપર બેશી

પોતાના ઉતારા ભણી (મશીદમાં) ચાલ્યા તે તરત પોચતાં પોતાના અંગ ઉપરનો સર્વ પોશાક ઉતારી રાજ સેવકોને કહ્યું કે આ પોશાક લઇરાજાને આપી કહેજો કે મહારાજ આ પોશાક પેહેરી તરત લગ્ન કરવા પધારજો. કેમકે રાણીની આડે પડદાની સર્વ સમશાના ઉતર આપી બધા પડદા છેડાવી નાંખ્યા છે માટે તે વીશે હવે તમને કશી હરકત થાય તેવુ નથી પણ પરણીને કન્યા તેડી તરત પોતાને શેહેર પધારજો. ઝાઝીવાર રોકશો તો તેમાં શેભા નથી કેમકે આપણા રચેલા પ્રપંચની કંઇ ખબર પડશે તો ફજેતી થશે. માટે બધી વાતની હુંશીયારી રાખજો એમ કહી રાજ સેવકોને વિદાય કર્યા પછી પોતે વિચાર કર્યો કે હવે મારે અહીયાં એક ક્ષણવાર રેહવાની જરૂર નથી માટે તૈયારી કરૂ એમ વીચારી મસીદમાંના સર્વે ફકીરોને પોતપોતાની લાયકી પ્રમાણે રૂપીયા વહેંચી સર્વેને સલામઆલેકુમ કરી ઘોડા ઉપર બેશી પવનવેગે પોતાના સ્થાનકે જઇ માલણને મળી વાતચીત કરી જમીને પાન સોપારી ખાઇ દરબારમાં જઇ સર્વ અમલદારને પુછી સરવે કામ પાતે સંભાળી લીધુ એટલામાં સેવકોએ રાજા રૂપસીંહજીને વરરાજાનો પોશાક આપી સરવે હકીકત કહી સંભળાવી એટલે પોશાક પેહેરી સરવે જાન તઇયાર કરી ગાજતે વાજતે તે કન્યાને માંડવે જઈને તોરણે ઉભા રહ્યા એટલે સાસુએ શીરસ્તા પ્રમાણે પુખી લઇને ગોરને કહ્યા પ્રમાણે લગ્ન કામ ચલાવ્યુ ફુલાં દેનો મામો તેને માહ્યરામાં તેડી લાવ્યા પછી રાજારાણીયે વીધી સહીત કન્યાદાન આપી તરેહવાર વસ્ત્ર ને અલંકાર આપ્યા ત્યાં નાના પ્રકારનાં વાજીંત્ર વગડાવી ધોળ મંગળ વરતી લગ્ન સમારંભ પુરો કરી સઉને ગુલાબજળ છાંટી ફુલના તોરા ને પાનબીડાં આપ્યાં પછી જાનને ઉત્તમ જમણુ આપી બીજે દહાડે પેહેરામણી રૂડી રીતે કરી જાન જમાડીને કન્યા સુદ્ધાં સરવેને ધામધુમથી વીદાય કરતાં

બ્રાહ્મણો વગર સરવે જાચકોને દાન આપ્યાં તેથી સરવે મળી વર કન્યાને અશીરવાદ દીધા પછી સરવે વીદાય થયા ને પોતાના શહેર નજીક આવી બંદુકના અવાજ કરાવ્યા તે વાતની ઠાકોરને ખબર પડતા મોટી ધામધુમથી સામૈયું લઇ પોતાના ઘોડાને શણગારી તરે હવાર ચાલથી નચાવતો નચાવતો રાજા રૂપસિહની સામો આવ્યે ત્યાં દારૂખાનું ફોડાવી મોટી ધામધુમ કરાવી એટલામાં ઠાકોરનો ઘોડે ભડકયો તેથી મસ્તીથી માથા ઉપરનું કસબી સેલુ નરમ પડ્યુ તેથ પોતાના વાળમાંથી સુગંધી મોગરાના તેલની ખુશબો આવી તેમજ પોશાકમાંથી બસરાઇ ગુલાબના અત્તરની ખુશબોનો ભપકાર નીકળ્યે તે રાણી ફુલાદેના રથમાં આવ્યો તેથી પોતે આશ્ચર્ય પામીને ખાસ દાસીને પુછે છે કે હે દાસી આવી કીમતી અતરની સુગંધી એકા એક કયાંથી આવી તે કહે; તે સાંભળી દાસી કહે છે

દુહા—પડદા છોડી ગયા રાજવી। મુને એવો તે સંદેહ થાય મુને૦ એવો ઘોડો ને એવા સાહેબા, ગુણીયલ ગજરેમારૂ ચાલ્યા જા યરે ગુણીયલ૦ ચતુર તોખાર કાંઇ તેમનો રૂપે દીસે તે બાલે વેશરે રૂપે૦ રૂડી સુગંધી આવી ત્યાં થકી, કાંઇ વીખરાયા શરીર કેશરે કાંઇ૦

દાસી કહે છે હે બાઇ સાહેબ જેણે આપણા મેહેલમાં આવી પ ડદા છોડાવ્યા હતા તેજ વરરાજા તેજ ઘોડા ઉપર લટકતી ચા આવ્યા છે તેમના કેશનો અંબોડો છુટી ગયો છે તેમાંથી આ સુ ગંધી આવે છે એવી વાત સાંભળી રાણી ફુલાંદે કહે છે કે હે દાસ જેણે મારી સમસ્યાના ઉતર આપી પડદા છોડાવ્ય હતા તેજ ગજ રામારૂજીને પરણી છું માટે આ કોયો રાજા ઠગ બાજી રચી મ અહીયાં તેડી લાવ્યો તેના નામની તપાસ કરી મને કહે, તે સ ભળી દાસી કહે છે કે હે બાઇ સાહેબ, પડદા છોડાવ્યા તેનુ ના

ગજરામારૂજી અને આ નગરનો રાજા હાલ તમને તેડી લાવ્યા છે તેનુ નામ એની જાનના માણસો રૂપસિંહ કહે છે તે સાંભળી ફુલાંદે કહેછે કે રથને પડદો આઘો ખશેડ એટલે હું નજરે જોઇને ઓળખું.

**દુહા**—ઝટપટ દાસી પડદો ખોલજે. મને મારૂ જોયાની ખંતરે મને૦ રૂપસિંહ છે મારો બાંધવો, રૂડો ગજરોમારૂ મારો કંથરે, રૂડો૦ રૂપસીંહનો ચુડો મેં ભાગીઓ ગજરામારૂનો ચુડો હાથ રે, ગજરા૦ રૂપસીંહના શહેરમાં નહી સંચરૂ, નહી જાઉં હું એની સાથરે, નહી૦

એ પ્રમાણે ફુલાદે કહે છે કે હે દાસી, તું ઝટ પડદો ખોલ એટલે હું મારૂજીનું ચંદ્રમા જેવું તેજસ્વી મુખ જોઇ સંતોષ પામું મેં તો મારૂજીના નામનો ચુડો પેહેરયો છે. રૂપસીંહે દગલબાજી રચી માટે હાલ તેની ખબર પડતાં તેમના નામનો ચુડો મેં ભાગી નાખ્યો છે, એથી તેના નગમાં મારે પગ મુકવો નથી એમ કહી પડદો ઉંચો કરાવી જોયું તો છેલ છબીલા મારૂજી ઘોડો નચાવતા નચાવતા સામા આવે છે, તેને જોઇ ફુલાદે અત્યંત મોહ પામી ને રૂપસીંહજીયે ઠાકોરને (ગજરામારૂને) પોતાના શહેરની સર્વ ખબર પુછી ત્યારે ઠાકોર કહે મહારાજ, ઇશ્વર કૃપાથી સહુ કુશળ આનંદમાં છે. એમ વાત ચિત થાય છે. એટલે જાનનાં માણુસ ગામમાં જવા માંડયું પણ ફુલાંદેએ રથ હકાવ્યો નહીં ત્યારે રૂપસીંહે પુછ્યુ કે તમે રથ ઉભો કેમ રખ્યો છે, ગામમાં ચાલો તે સાંભળી ફુલાંદે કહે છે કે હે રાજ હું પતિવ્રત કરૂં છું. તેથી હાલમાં ગામમાં નહી આવું. બાર વરસે પુરૂં થશે ત્યારે આવીશ એવી રીતે રાણીનાં વચન સાંભળી રાજાએ ગામની બહાર પોતાના સુંદર બાગના બંગલામાં ઉતારો આપ્યો ને તેની તેહનાતમાં દાસ દાસીયો આપી જે જોઇએ તે સરવે સાહિત્યો મોકલી દીધાં. પછી પોતે જાન સહિત ધામધુમ-

થી પોતાના મેહેલમાં આવી રાજ સંભાળી લીધું. તે પછી કેટલેક દીવસે ફુલાંદેએ ચાકરો સાથે રૂપસીંહને કહાવ્યું કે મારે આ વાડીમાં એક અતી સુંદર સરોવર બંધાવવું છે, માટે કડીયા સલાટ મીસ્તરી વગેરેને મોકલી દેજો. તે હુકમ સાંભળી સરવે કારીગરોને મોકલી પથ્થરોની બાંધણીથી તલાવ ખોદાવી ચણાવવા માડ્યું તે કેટલેક દીવસે પુરૂં થયું એટલે સરવે કારીગરોને પોતાની પાસેથી પઇસા ચુકવી આપ્યા પછી વીચાર કરયો કે મારૂજી ફરવા નીકળશે ને આ રસ્તે આવશે તો ઘોડો પીવાના મસે આ સરોવર ઉપર આવશે તે વેળા એકાન્તે વાત થશે એવો વીચાર કરી વાટ જુવે છે એટલે એક દીવસ ગજરામારૂજી બહાર હવા ખાવા નીકળ્યા તે ફરતા ફરતા ફુલાંદેની વાડી પાસે આવ્યા એટલે ઘોડાને તરશ લાગી તેથી નીરભયપણાથી વાડીમાં જઇ નવા તળાવમાં પાણી પાવા માડ્યું ત્યારે ફુલાદેએ બંગલાંની બારીમાંથી જોયું એટલે તેને કહે છે.

**દુહા**—નથી ખોદાવી ચણાવીયાં, છેલા નથી બંધાવી પાળરે, છેલા૦ એમાં ચકલાં ચાંચ બોળે નહી, મારે ઘોડા પીતાં તું ખળ્ય રે મારે૦

ફુલાંદે કહે છે હે છેલરાજા ! આ સરોવર કંઇ તમે બંધાવ્યું નથી જે, નીરભય થઇ ઘોડાને પાણી પાઓછો તે ઠીક નહિ, માટે ઝટ રોકી રાખો એવા આકરા બોલ સાંભળી મારૂજી તરત ઘોડાની લગામ ખેચીને કહે છે કે હે રાણી જેઓ શ્રીમંત ઉદાર અને ધરમાતામા પુરૂષો કીંવા સ્ત્રીયો છે તે પરોપકારને સારૂં ઘણું ધન ખરચી સદાવ્રત ધર્મશાળા તળાવ વાવ્ય અને કુવા વગેરે બંધાવે છે. તેથી પશુ પક્ષી ને માણસો વગેરે બહુ સુખી થાય છે. એવું જાણી મારા તરશા ઘોડાને પાણી પાવા આવ્યો તે મોહોડું બોળતાંજ બુમ મારી અટકાવ કરયો તે ઉપરથી સાફ જણાય છે જે તમે પાણીથી

પાતળાં થયા માટે મારે તમારૂં જરાએ રૂપાડું નહી જોઇએ લ્યો તમારા પાણીના દામ, એમ કહીને પોતાના હાથમાંનું સોનાનું કડુ કાઢી તેના મેહેલમાં ફેંકી રીસ ચડાવીને ઘોડા ઉપર અસ્વારી કરી ચાલવા માંડયું તે વેળા ફુલાંદે પસ્તાઇને કહે છે.

દુહા—ડગલું ભરો તો મારા સમ છે, તમને રામચંદ્રની આણરે, તમને૦ ત્રાંબાકુંડી રાજા જળ ભરૂં, તેમાં ઘોડા પાઉ નીરવાણરે. તેમાં૦ ઘણે દીવસે વીજોગ ભાગીયો, મુને હરખ વાધ્યો ઘણો અંગરે; મુને૦ મ્હોલમાં પોઢોને મારૂ પાતળા, તમને પોઢાડું સેજ પલંગરે, તમને૦

રાણી ફુલાંદે કહે છે કે હે રાજા, તમે પરમ વીવેકી ને મહા બુદ્ધિમાન થઇ ખાલી મસ્કરીની વાત ઉપરથી આટલી બધી રીશ શું કરવા કરો છો. અરે મહારાજ અમારી એટલો ચુક થઇ તેની ક્ષમા કરો. એમ હાથજોડીને વળી કહે છે કે હું ઘણા દીવસથી તમને મળવાની વાટ જોયા કરૂં છું એટલામાં આજે પરમેશ્વરે દયા કરી તેથી આપનો મીલાપ થયો વળી રૂપસિંહનો પરપંચ મારા જાણ્યામાં આવતાં મેં પણ ઘટતો ઉપાય કરી કહ્યું કે મેં બાર વરસ સુધી પતીવ્રત લીધું છે તે પુરૂં થયે નગરમાં આવીશ એવું કહ્યું છે તે આપ પ્રાણપ્રીયપતીનેજ માટે, તમે તો રીસાઇ જાઓ છો તે હું જવા દેનાર નથી. જો આપ મારા મેહેલમાં ન પધારો તો તમને રામ દુવાઇ છે અને મારા સમ છે. એમ કહી મારૂજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરયો તેથી મારૂજીના મનમાં દયા આવી એટલે રાણી ફુલાંદેને કહેછે કે પ્રથમ મારા ઘોડાને શાંત કરૂં તે પછી તમારા મ્હોલમાં આવું એવું સાંભળતાં રાણીએ તેને ઉત્તમ ઘાસના પુળા નંખાવીને એજ સરોવર ઉપર ચાકર સાથે મોકલી પાણી પાઇને તોબરામાં ચણ્યા ઘાલી ખવરાવ્યા તે જોઇ મારૂજી મહેલમાં ગયા ત્યાં રાણીએ બહુ માન દઇ

પોતાના સુંદર પલંગપર બેસાડીને પાણી પાઇ પાનનાં બીડાં આપી નાના પ્રકારની હાસ્ય વીનોદની વાતો કરી પોતાના છેલ સ્વામીને બહુ પ્રસન્ન કરયા વળી રસોઇયાને આજ્ઞા કરી નાના પ્રકારની સ્વાદીષ્ટ રસોઇ કરી રૂચી પ્રમાણે જમાડી પાન સોપારીના મશાલાદાર બીડાં આપ્યો તે ખાઇને મારૂજી ખુબ ખુશી થયા પછી સોગટાંબાજી માંડી તેમાં ખુબ તાલ પડ્યો ઘણીવારે બાજી પુરી થઇ ત્યાં મારૂજી જીત્યા તે પછી નીંદ્રા આવી એટલે રાણીને કહે છે કે હવે મને રજા આપો તો મારે મુકામે જાઊં રાણી કહે આ પણ તમારૂંજ મુકામ સમજી ઇહાંજ સુખે રહો, એવું સાંભળી પોતે ફુલાદેનાં પલંગપર સુઇ રહ્યા. તે પ્રભાતે ઉઠી દીશા જંગલ જઇ આવી હાથ પગ ધોઇ મુખ મારજન કરી કહ્યું કે હે રાણી હવે મને રાજી થઇ રજા આપો તો હું મહારે મુકામે જઉં ને વેળા થયે રાજદરબારમાં જાઊં. તે સાંભળી ફુલાદે કહે છે કે મહારાજ! જ્યારે તમે પડદા છોડાવી પરણાવીને આવ્યાતા તે સમયજ તમારી ચંચળાઇ જોઇ મને મોહ લાગ્યો છે. તે દીવસથી આપનો ફરી મેળાપ થવા ચાહતી હતી તે પણ થયો તેથી વીશેષ માયા બંધાઇ છે માટે હવે તમારા વીયોગથી એક ક્ષણ મારાથી રહેવાશે નહી માટે મારા મોહોલમાં આપ રાત્રીએ નીત્ય આવજો. મારૂજી કહે એમ કરીશું એવો ભરૂસો આપી ઘોડેસ્વાર થઇ માલણ ઘેર આવી સરવે હકીકત કહીને પાડોશીનું એક મ્હોટું ઘર વેચાથી લઇ તેનો પાયો ખોદાવી મજબુત સારા કારીગરો પાસે બંધાવા માંડ્યું. તેની ભલામણ માલણને કરી. વેળા થયે જમીને નોકરી ઉપર ગયા ત્યાં રાજા પ્રધાને અને બીજા સરવે કારભારીયોએ સારૂ માન દઇ બેસારી નાના પ્રકારની વાતો કરવા માંડી એટલે ઠાકોરને ઝોકાં આવવા લાગ્યાં તે જોઇ રાજાનો એક કાણીયો સીપાઇ મહા ચતુર હતો તે કહે છે.

દુહા—આજની આંખો ઠાકોર રાતીયે', તેમાં દીસે ઉજાગ· રાનુ ઘેનરે; તેમાં૦ ઠાકોર કોને મ્હોલે રંગ માણીઓ, જાણે જાગ્યા છો સારી રેનરે, જાણે૦ એવુ સાંભળી મારૂજી કહે છે. અમે ગયાતા રાયની વાડીએરે, ત્યાં તો સાથી મળ્યા દશ વીસરે, ત્યાં તો૦ કેસર કસુંબો ઘોળીઓ. તે પીધાની કેફ છે શીશરે, તે૦ એવું સાંભળીને રાણી કહે છે–અમલની કેફો ઠાકોર ઘેરીયો ને કાંઇ માર્યા સોરગીના બાણરે; કાંઇ૦ નેણુ બળે છે નારી નીરખ્યાનાં, શુ સમજાવો ચતુર સુજાણરે શુ૦

કાણીયો સીપાઇ કહે છે કે ઠાંકોર અમલની કેફ તો ઘેરી હોય છે પણ આનો કોઇ પ્યારી સાથે રસ ભરેલી વાતો કરતાં ઉજાગરો થયો હોય એવી રીતે જણાય છે એવુ સાંભળી ઠાકોરને બહુજ રીસ ચઢી તેથી કાણીયાને ધમકાવીને કહે છે અલ્યા બે શરમી કાણાં તુ તારા મનમાં જાણતો હશે જે હું મારી હુશીંયારી જણાવુ છુ પણ એ હુશીયારી નહી પાકી મુરખામી કહેવાય જે સભા વચ્ચે તુ રાજાની અને આ વીવેકી પ્રધાનની પણ શરમ નથી રાખતો તો કાલે રાજાને પણ તુ ન પુછવાની વાત પુછીશ, એવો ઉતર આપ્યો તે રાજાયે સાંભળી વીચાર કરયો કે ઠાકોરનુ કહેવું સત્ય છે એમ ધારી પ્રધાનને કહે છે આ કાણીયાને એક માસ સખ્ત મજુરીની કેદમાં રાખી છુટયા પછી ચાકરીએથી રજા આપજો. એવું સાંભળી કાણીયો ખુબ પસ્તાઇને રડતો રડતો રાજા પ્રધાન અને ઠાકોરને પગે લાગીને બે હાથ જોડી કહે છે કે મહારાજ આજ મે માઝમ ખાધી છે તેનો કેફમાં કાંઇ બોલાયુ તે માફ કરો હવે કોઇ દીવસ નહી બોલુ એવાં દીન વચન સાંભળી ઠાકોરે તથા રાજા પ્રધાનને ક્ષમા કરી કેટલીક વારે ઠાકોરની ચાકરીનો વખત પુરો થયો એટલે ઉઠીને પોતાને ઘેર ગયા ત્યાં નવા ઘરનુ તથા ભોંયરાનું કામ તાકીદથી રાત દીવસ

ચલાવી કેટલેક દહાડે પુરૂ કરાવી રાત્રીયે તે ભોંયરમાંથી ફુલાંદેને મોહેલે જઇ હાસ્ય વીનોદમાં રાત્રી ગુજારી સવાર થયે ભોંયરામાં થઇ પોતાને ઘેર આવી વેળા થયે રાજદરબાર જઇ નોકરી બજાવી રાજાના હકમાં ધનનો વધારે ફાયદો કરી બતાવે એથી રાજાને પણ ઠાકોર બહુ પ્રસન્ન પડવા લાગ્યો એમ કરતાં બાર વરસ પુરાં થયાં ત્યારે રાજા રૂપસીંહે વીચાર કરયો કે રાણી ફુલાદેના વ્રતની મુદત પુરી થઇ છે માટે આજે રાત્રીયે એને મોહોલે જાઉ તો ઠીક થાય એમ વીચારી રાત્રી પડી એટલે પોશાકમાં અતર છાંટી બણી ઠણીને ફુલાંદેને બંગલે ગયા એટલે દાસીયે જોઇને પોતાની બાઇનેચેતવણી આપી કે રાજા રૂપસીંહજી મોહોલમાં પધારે છે તેની ખબર કહુ છુ તે સાંભળી ફુલાંદેએ ગજરામારૂજીને ઝટ ભોંયરામાં સંતાડયા એટલે રાજા મહેલમાં આવ્યા તેને જોઈ રાણીયે મોહો ઉપરનુ માન આપી ખુરશી ઉપર બેસાડયા એટલે રાજા કહે છે કે રાણી તમારા વ્રતની મુદત પુરી થઇ છે તે સાંભળી રાણીયે ઉતર આપ્યો નહી એટલેચારે તરફ નજર કરી જોયું તો પલંગની પાસે ખીંટી ઉપર ઠાકોરનુ કસબી મંડીલ જોઇ વીચારયું કે આ મંડીલ ઇહા કયાંથી આવ્યુ એમ ધારી રાણીને પુછે છે.

દુહા—રાજા કહે રાણી સાંભળોને. કાંઇ પુછીને પામુ પારરે; કાંઇ૦ સાચુ બોલો તમે સત્યવતી, રાણી કેટલા પુરૂષ ઘર નારરે રાણી૦ રાજા રૂપસીંહ કહે છે કે રાણી તમે કેટલાક પુરૂષની નારી છો અને કસબી ફક્કડ મંડીલ કોનુ છે તે કહો. તે સાંભળી રાણી કહે છે સાહે કહુ રાજા સત્યવતા, તમે સુણજો સઘળો સારરે; તમે૦ પતીવ્રતા ધર્મ અમે પાળીએ, કાંઇ ચાર પુરૂષ ઘેર નારરે. કાંઇ૦ રાણી કહે છે હુ ચાર પુરૂષની નારી છુ ને પતિવ્રતનો ધર્મ પાળુ છુ એવુ સાંભળી રાજા કહે છે-પતિવ્રતા

નારી એકનારે, ચાર કયા તે કહોને આપરે; ચાર૦ પરપુરૂષને સતી જાણશે, જાણે હોય તે ભાંઇને બાપરે. જાણે૦ તે સાંભળી રાણી કહે છે—જેરે પલંગમાં હું પોઢું છું રે, તેને પાયા છે રૂડા ચારરે; તેને૦ તેની વચમાં જઇ હું તો સુઇ રહું. માટે ચાર કહ્યા ભરથારરે. માટે૦ તે સાંભળી ફરી રાજા કહે છે કે સાચું કહો, ત્યારે રાણી કહે છે. સાચું કહું રાજા માનજો, તમે સુણીને પામજો પારરે; તમે૦ જીવતાં લગી એક ઝંખીએ. અમે તેર પુરૂષ ઘેર નારરે. અમે૦

રાજા રૂપસિંહ કહે છે કે તે એક પુરૂષ કયો છે બતાવો ત્યારે રાણી કહે છે કે મંડીલ પેરનારો મારો પતી છે તે સાંભળી રાજા કહે છે કે એ મંડીલ કોનું છે? રાણી કહે તમારા નામનું છે, માટે સવારે ઉઠી નીત્ય તેનું દર્શન કરી પતીવ્રતપણું પાળું છું એજ આધારે મેં બાર વરસ કાહાડયા છે તે વ્રત પુરૂ થવા આવ્યું છે. તે સાંભળી રાજા કહે છે કે આ મંડીલ કોણે બાધ્યું છે? રાણી કહે છે મેં મારે હાથે બાંધ્યું છે ત્યારે રાજા કહે છે કે આ મંડીલ ભાગી નાંખીને તમે બીજા ઓરડામાં જઇને થોડીવાર બેસો એટલે હુ તયાર કરી તમને દેખાડીશ તે સાભળી રાજા મંડીલ ભાગીને બીજા ઓરડામાં ગયા એટલે કોઇ ન જાણે તેમ ઓરડા બંધ કરીને ભોંયરામાં જઇને મારૂજીને સરવે વરતમાન કહી ઉપર લાવાને જેવુ હતુ તેવુ ફક્કડ મંડીલ બાંધીને પાછુ ખીટી ઉપર મુકી ભોંયરામાં જઇ સંતાઇ રહ્યા ઓરડાનો દરવાજો ઉઘાડીને અંદર બોલાવી મંડીલ હતુ તેવું બાંધેલું દેખાડયું તે જોઇ રાજા આશ્ચર્ય પામીને પોતાના મનમાં વિચાર કરે છે કે આ મંડીલ તો નક્કી ઠાકોરનુ છે પણ જ્યાં સુધી મેં મ્હારી નજરે જોયા નથી ત્યાં સુધી જે બોલવું તે મિથ્યા છે. એવો વીચાર કરી મનમાં અફસોસ કરી પોતાના મ્હેલે ગયો.

એટલે મારૂજી પાસે જઇ સરવે વર્તમાન કહ્યા તે સાંભળી મારૂજી કહે છે કે હે પ્રીયા તમે કશી ચીંતા કરશો નહિ હવે વેહેલાંજ આપણે અહીથી રવાને થઇશુ એમ કહી પોતાનુ મંડીલ માથે મુકી રાણીની આગ્ના લઇ ભોયરામાં થઇને પોતાને મુકામે ગયા ત્યાં સર્વ સમાચાર રહીને નાઇ ધોઇ ભોજન કરી વેળા થયે દરબારમાં ગયા ત્યાં રૂપસિંહે ઠાકોરને માથે મંડીલ જોઇ વિચાર કરયો કે ફુલાંદેના મહેલમાં મેં જે મંડીલ જોયુ હતુ તેજ મંડીલ ઠાકોરને માથે છે. માટે એ ઘણો પ્રપંચી માણુસ છે તેથી હવે પછી જો એને ચાકરીયે રાખુ તો એ મ્હારી ઘણી વાતે ખરાબી કરે. માટે એને રજા આપુ તો ઠીક થાય એવો વીચાર કરી કહે છે કે હે ઠાકોર, મારો ને તમારો ભેળાં રેહેવાનો જે સંબંધ હતો તે પુરો થયો, માટે તમારો જે પગાર નીકળતો હોય તે ચુકવી લ્યો આજથી તમારે ગમે ત્યાં જાઓ એવુ સાંભળી ઠાકોર કહે છે કે તે વાતનો મને હરખ શોક નથી એમ કહી પોતાનો પગાર ચુકવી લઇને પોતાને મુકામ આવી માલણને સરવે સમાચાર માંડીને કહ્યાં હે બાઇ હવે મારે પોતાને વતન જવાનો નક્કી વીચાર છે માટે તમોને પંદર લાખ રૂપીયા ઇનામના આપુ છુ કેમજે તમે મારી ઉપર ખરા દીલની મમાતા રાખી બહુ બરદાસ કરી છે એમ કહીને તે શેહેરના તથા આસ પાસના ભીખારીયોને બોલાવીને તેઓને ઘટારત પ્રમાણે ધન આપી દારીદ્રમાંથી દુર કરયા તે પછી તે શહેરના કસબી કડીયા સુતાર સલાટ લુહાર અને બીજા મજુરોની સાથે બંદોબસ્ત કરી સરવે તીરથોને રસ્તે ધર્મશાળા વાવ્ય તળાવ કુવા વગેરે બંધાવાનાં કામો ચાલુ કરી તેનું ધન આપવાની ગોઠવણ મલણને તથા તે શેહેરના ધરમાતમા પુરૂષોને કરી સર્વને કહ્યુ કે એ કામો પુરાં થયેથી તે જગાયે ગરીબ લોકોને સદાવ્રતના સીધાં આપવા તે વાતમાં રા-

જો રૂપસીંહ કંઈ હરકત કરે તો મારી ઉપર માંડવધડ ખાતે પત્ર લખી જાહેર કરજો હુ સત્ય કહુ છુ જે હુ જસાજામનો પુત્ર છુ મારૂ ગજરામારૂ નામ છે. એ શબ્દો લોકોને કાને પડતાં રૂપસીંહને ખબર થઇ જે આતો ગજરેમારૂ મહાબળવાન ને પરાક્રમી છે તેથી એ ફુલાંદેને જરૂર લઇ જશે. માટે એ પાપીને અહીયાંથી પાંચ ગાઉ દુર જઈ મુકી આવું તો ઠીક થાય નીકર કંઇ તરકટ ઉઠાવશે તો હેરાન કરશે એવો નીશ્ચય કરી ઠાકોરને કહે તમે તૈયાર થાઓ તો હું તમને વળાવવા આવું તે સાંભળી ઠાકોરે ઉત્તર આપ્યો કે તઇયાર છુ એમ કહીને શેહેરના તમામ યાચકોને બોલાવી ઘટારત પ્રમાણે દાન આપી બહુ પ્રસન્ન કરયા પછી સરવેની સાથે ઝટ લઇ પોતાના ઘોડા ઉપર બેશી તઇયાર થયા. એટલે રૂપસીંહજી કેટલાક લશ્કરના અમલદારોને લઇ સાથે વળાવવા ગયા તે પાંચ ગાઉ પહોચ્યા એટલે મારૂજી કહે છે કે રૂપસીંહજી તમારી માયા જોઇને હુ પ્રસન્ન છુ પણ હવે તમે પાછા વળો તો બહુ સારૂ એમ કહી પાછા વાળ્યા તે એક કોશ દુર ગયા એટલે મારૂજીયે બીજા રસ્તે પવન વેગે ઘોડો દોડાવી થોડીવારમાં પાછા માંડવધડ ફુલાંદેને બંગલે કોઇ ન જાણે તેમ આવી પોહોચ્યા પછી બનેલી વાત બધી કહી સંભળાવી હાસ્ય વિનોદની વાતોમાં લીન થઇ ગયા, હવે રૂપસીંહજી વળાવીને પોતાને મ્હોલે આવી થાક્યા પાક્યા સુઇ રહ્યા પણ તને તરેહવાર સ્વપ્નાં આવવા લાગ્યાં એમ કરતા પાછલી રાતના કુકડા બોલ્યા એટલે રાજા ઝબકીને જાગ્યા પછી પોતાની મામી સુતેલી હતી તેને જગાડીને કહે છે.

દુહા—રાજા કહે મામી સાંભળો, મુજને સ્વપ્નાં તરેહવાર થાયરે, મુજને૦ પેહેલા પહોરનુ સ્વપ્નુ આવીયુ, કોઇ મ્હોલે ચઢતો રાયરે. કોઇ૦ બીજા પહોરનુ સ્વપ્નુ આવીયું, કોઇ

સોગઠાં માડયા સોળરે; કાંઇ૦ જાણે બેઠાં ચાવે પાનને, તેથી અધર દીસે રાતા ચોળરે, તેથી૦ ત્રીજા પહોરનુ સ્વપ્નુ આવીયુ, મામી સાચો માનો સૌ સારરે; મામી૦ ભમર પલંગપર પોઢતાં, કાંઇ તુ- ટયો તે નવસર હારરે. કાંઇ૦ ચોથા પહોરનુ સ્વપ્નુ આવીયુ, જાણે ગજરોમારૂ અસ્વારરે, જાણે૦ ચતુર રેવંત પલાણીયો લઇ ચાલ્યા ફુલાંદે નારરે. લઇ૦

એવાં વચન સાંભળી રૂપસીંહજીને તેની મામી કહે છે કે હે ભાણેજ હું કહુ તે સાંભળ,

દુહા—સ્વપ્ના પડે સુકે લાકડેને, વળી જાજે સમુદર બેટરે, વળી૦ સ્વપ્નાં સાચાં નોયે રાજવી, કાંઇ સ્વપ્ન વધ્યા પેટરે કાંઇ૦ સ્વપ્ને નીરધનને ધન મળે. વળી વંધ્યા તે પ્રસવે પુત્રરે વળી૦ સ્વપ્ને મુરખ બહુ વિદ્યા ભણે, કાંઇ સારૂં પામે. ઘર સુત્રરે કાંઇ૦ સ્વપ્ને ભુખ્યો ભોજન જમે, ઘણી તણાય તેની કુખરે ઘણી૦ જા- ગીને જુવે સવારમાં, તોએ પેટમાં ભુખની ભુખરે તોએ.

રાજા રૂપસીંહને તેની મામી કહે છે હે ભાણેજ ઉપર કહ્યા પ્ર- માણે સ્વપ્નાની વાતો સાચી પડતી નથી તોય તુ તે વિષે આટલો બધો અફસોસ કેમ કરે છે ? હે ભાઇ તું નીશ્ચિંતાઇથી સુઇ રહે એમ કરતાં નીદ્રા આવી એટલે તે સુઇ રહી, પછી રૂપસીહને કંઇ ચેન ન પડવાથી પોતે ઉઠીને એકલા ફુલાંદેને બંગલે જઇને ભીંત ઉપર ચઢવા માંડયુ એટલે રાણીયે તરત જેયુ તેવીજ બોલી.

દુહા— પાછલી રાતે મ્હોલે કોણ ચડે જાણે મોહાલે ચઢંતો ચોરરે; જાણે૦ રૂપસીંહ રાજા જે જાણશે તો તે નહિ રહે જી- વ્યાનો ઠારરે તો તે૦

એવી રીતે ફુલાંદેનાં વચન સાંભળી રૂપસીંહજી વીચાર કરે છે કે

હજુ પુલાંદે મારી મરજાદ રાખે છે માટે તેની પાસે જઇ વાતચીત કરૂં એમ વીચારી મહોલમાં તેની પાસે ગયો તેને જોઇ પુલાંદેએ વીચાર કરયો કે જો મારૂની સાથે તકરાર કરશે તો બે જણા મારામાર આવશે માટે એમને જુદા પાડુ એવું વિચારી રૂપસીંજીને કહે છે કે મહારાજ આવો આપણે બીજા એકાંત ઓરડામાં જઇયે એમ કહી તેને બીજા ઓરડામાં લઇ જઇને એક ખુરશી ઉપર બેસારીને તેને કહે છે.

દુહા—એનનને મોહોલે શીદ આવીયાં તમે જાઓને માડીજાયા વીરરે તમે૦ મેં તો રૂસીંહનો ચુડો ભાગીયો ગજરામારૂનાં ઓઢયાં ચીરરેગ જરા૦

પુલાંદે કહે છે કે હે પરપંચી તમે તમારા મનમાં કાંઇ પાકા વીચાર ન કરતાં મારી સાથે દગલબાજી રચી એ ઘણું ખરાબ કામ કર્યું છે તમારો એક તલ જેટલો કશી વાતનો મારી ઉપર અખ્તીયાર નહી છતાં ધણીપણાનો હુકમ બજાવવા આવો છો તે તમને કંઇ વીચાર કે શરમ આવતી નથી હે વીદ મારી ખરી વાત સાંભળી પ્રથમ માંડવધડના રાજા જસાજામના પુત્ર ગજરામારૂજીની બહુ તારીફ સાંભળી મારાં માબાપે મારૂજી સાથે સગાઇ કરવાના બદોબસ્ત સારૂ એક બ્રહ્મણને મોકલ્યો હતો પણ તે વેળા મારૂજી વનવાસ નીકલ્યા હતા તેથી તેની માએ ઉતર આપ્યો હતો કે મારૂજી મુક્ત થયે પાછા આવશે ત્યારે કબુલ કરશુ એવો ખુલાસો થયો તમને ખોટા મારૂજી ઠરાવી અમારી પાસે આવી કહ્યુ કે ગજરામારૂજી સાથે સગાઇ કરી આવ્યો છુ તે સાંભળી હું બહુ રાજી થઇ હતી પછી તમે જાન લઇ આવ્યા તે વેળા મારા પતીની ગજરામારૂજીની હુંશીયારી જોવા સારૂ મેં આઠ પડદા જુદા જુદાં રંગના બાંધીને જુદી જુદી સમશ્યાઓ કહી હતી. તે વેળાએ ગજરામારૂએ ઉતર આપ્યા હતા માટે હું તો તેનેજ પરણી છું' ને પછી તમે દગાલબાજીથી મને ઇહાં લાવ્યા

તે વેળા આજ ઠેકાણે મારૂજી સામૈયું લઇ આવ્યા હતા તેને જોઇ તમારી દગલબાજી સમજી ગઇ હતી માટેજ મારૂં પતીવ્રતપણું પાળવા આ ઠેકાણે બંગલો બાંધી રહીછું માટે તમે મારા માડીજાયા વીર જેવા છો તેથી પોતાની આબરૂ સહિત ઘેર પધારો. હું જેની સાથે પરણી છું તેને ઘેર જઇશ એવી રીતે પુલાંદેનો ઉતર સાંભળી રૂપસિંહે વિચાર કર્યો કે હાલ એ મારૂ બીજા ઓરડામાં છે તે મેં નજરે જોયો છે પણ ઇહા હુ એકલો છુ તેથી જો એની સામો થાઉ તો મારો ધડ ઘડી નાખે કેમકે તેણે મહા જોરાવર રાક્ષસને એક તરવારને ઝટકે મારી નાખ્યો હતો માટે હાલ તો પાછો મોહોલે જાઉં સવાર પટે શુગ અમલદારોને સાથે લઇ આજ ઠેકાણે ઝાડ સાથે બાંધી એક તીરેથી રાંડને મારી નાંખુ એવો વિચાર કરી તેણે ફીકા પડીને પોતાને મ્હોલે આવી પોતાની મામીને સરવે સમાચાર કહ્યા તે સાંભળી મામી તેને કહે છે.

દુહા—મોળીયુ મુકીને ઓઢ ચુદડી ને, કાંઇ લજવ્યુ છે કુળ કપૂતરે; કાં૦ ભાલો ભાગીને ઘડાવ્ય રેટીઆરે; તુતો કાંત ઝીણેરાં સુતરે, તું તો૦ તેની વણાવ્ય જઇને પામરી; તે તો પેરાવ્ય મારૂંને નેટરે; તે તો૦ પશુ પંખીને બહુ એ પાળે છે તેમ તારૂં તે ભરશે પેટરે તેમ૦

રૂપસીંહને એની મામી કહે છે કે હે બાયલા તેં ક્ષત્રીનું પાણી લજાવ્યું માટે સમશેર ને ભાલો એ તને શોભતાં નથી માટે મરદનો પોશાક ઉતારી સ્રીનો વેશ ધારણ કરી રેંટીયો કાંત્ય અરે મુરખ આ પ્રમાણે કોઇ શત્રૂ તારૂં રાજ લેવા આવે તો તું શી રીતે લઢાઇ કરી રાખી શકે અરે બાયલા તુ પુલાંદેને લીધા વીના કેમ આવ્યો તેં કાંઇ પાણી દેખાડ્યું નહી હવે ચોફાળ ઓઢી પોક મુક ધીક્કાર છે તારા અવતારમા એવી અપમાન ભરેલી બોલી સાંભળી રાજા પોતા-

ની મામીને કહે છે હે મામી આવા છેક હલકા શબ્દો કેમ બોલો છો ? સવારે કેવું જુદ્ધ કરી એ પુલાંદેને કેવી તીરથી વીંધાવી નં-ખાવું છુ એમ કહી પોતાની મામીને સમજાવે છે. હવે રૂપસીંહ પુલાદેને મોહોલે ગયો તે પછી પુલાંદે મારૂજીની પાસે આવીને કહે છે, કે પ્રીય પતી રૂપસીંહની સાથે પરસ્પર જે વાતો થઇ તે તમને કહું તે સાંભળો તે સાંભળી મારૂજી કહે છે કે હે પ્રીયા તમારૂં પરસ્પર જે જે ભાષણુ થતુ હતુ તે મેં સરવે સાંભળ્યુ છે માટે વીગત સહીત કહેવાની કાંઇ જરૂર નથી અહો પ્રીયા, રૂપસીંહ પોતાનું લસ્કર લઇ મારી સામા લડવા આવશે તો તેને હુ અનીરૂધજીની પેઠે એકલો પુરો પડીશ તે વીષેની જરાયે ચીંતા કરશો નહી તને હુ ચોરની પેઠે નહી લઇ જાઉં એને દરબાર વચ્ચે દેખાડી કહીને લઇ જઇશ માટે તમે પોતાના સોળે શણુગાર સજી દાસી સુદ્ધાં તઇયાર થઇ જુદા જુદા ઘોડા ઉપર બેસી મારી સાથે ચાલી. તે સાંભળી રાણી પુલાદે શોળે શણુગાર સજી દાસી સુદ્ધાં તઇયાર થઈ એટલે મારૂજી પણ પોતાનો સર્વ પોશાક પેહેરી ઢાલ તરવાર બંદુક અને ભાલા વગેરે સરવે હથીયાર બાંધી રાણી અને દાસી સુદ્ધાં દરબારમાં આવ્યા તેને જોઇ રાજા પ્રધાન અને સભામાં બેસનારા સરવે લોકો આશ્ચર્ય પામી દીગમુઢ બની ગયા તે વેળા મારૂજી કહે છે હે રૂપસીંહજી તમો તથા પ્રધાનજી સરવે સભાસદોને જાહેર ખબર આપુ છુ કે આ પુલાંદે રાણીએ પરણુતી વખતે આઠ પડદા બાંધી આઠ જુદી જુદી સમસ્યાઓ પુછી હતી તેના ઉતરો તમે આપ્યા નથી, મેં ઉતર આપી પડદા છોડાવ્યા હતા માટે પ્રથમથી તે મારાજ નામને પરણી છે, માટે તે મારી રાણી છે તેથી સરવે સભાની સાક્ષીયે હુ તેને પોતાને દેશ લઇ જાઉ છું તેમાં તમારો કાંઈ અખ્તીયાર નથી માટે જે મહેનત કરશો તે અકારદ જશે માટે તમને જાહેર કરૂં છું કદાપી તમારે બેસમજથી લઢાઇ કરી સામુ થવું

હોય તો હુ તઈયાર છુ એમ કહી રાણી ફુલાંદેને દાસી સુદ્ધા આગળ કરી પોતે પાછળ રહીને ઘોડાઓને પવન વેગે ચલાવી પોતાના વતન ભણી જવા નીકળ્યા તેની પછવાડે રૂપસીંહજી પોતાના શુરવીર લશ્કરી સીપાઇ તથા અમલદારોને લઇ ત્રણ કોશ સુધી પાછળ ઉતાવળ કરી ગયા તોએ મારૂજીનો ફરી મીલાપ થયો નહી ત્યારે છેક નીરાશ થઇ પોતાના મનને સમજાવ્યુ કે હું પ્રથમથીજ દગલબાજીનો પાયો રચી ફુલાંદેને લાવ્યો હતો તેમાં એ વીષે ગજરામારૂનું ને ફુલાંદેનુ કહેવુ વ્યાજબી હતું તેથી જેનો માલ હતો તેને સ્વાધીન થયો એમ વિચારી અફસોસ મુકી દીધો હવે ગજરામારૂજી પોતાની રાણી ફુલાંદેને નગર આવ્યા તેની રાજા રાણીને ખબર પડતાં સામૈયુ લઇ મોટું માન આપી પોતાના રાજમહેલમાં ઉતારી નાના પ્રકારની ઉતમ રસોઇ તૈયાર કરાવી, પુત્રી જમાઇને ભોજન કરાવી, તે બાદ સુવાસીક પાવનાં બીડાં આપ્યાં પછી રાજા રાણીયે પોતાની પુત્રી જમાઇનાં કુશળ વર્તમાન પુછી કેટલીકવાર ઘણા વરસની જાણુવાજેગ બાબતો પુછી તેના ખુલાસાબંધ ઉતરો મળતાં રાજા અને રાણી બહુ પ્રસન્ન થયાં. પછી રાત્રીયે વાળુ કરી થોડીવાર બાગની હવા લઇ બંગલામાં સુઇ રહ્યા તે બીજે દીવસે સુર્યોદય થતાં પેહેલાં ઉઠી દાતણ કરીને રાણી ફુલાંદેને કહે છે અહો પ્રીયા હવે તુ પોતાનાં વહાલાં માબાપની પાસે રહે હું રજા લઇ જાઉ છું તે સાંભળી ફુલાદે કહે છે અહો પ્રાણનાથ, મને મુકી આપ કેમ પધારો છો હવે પછી આપના વીયોગથી મારાથી એક ક્ષણવાર રહી શકાશે નહી માટે જ્યાં પધારો ત્યાં સાથે તેડી જાઓ તે સાંભળી મારૂજી કહે છે હે પ્રીયા હું તને મુકીને જનાર નથી, પણ હજુ મને બીજી બે રાણીયો મળનાર છે માટે તેની તજવીજ કરી તે બેઉને લઈ પાછો તારી પાસે આવીશ તે પછી આપણે સર્વ મળીને માંડવધડ જશું માટે મને જવાદે. તે સાંભળી ફુલાંદે કહે છે

કે મહારાજ ભોજન તઇયાર થવા આવ્યુ છે તેથી જમીને પધારો એમ કહી સેવકોને બોલાવી સુગંધી તેલ ભરી રે મર્દન કરાવી ગરમ પાણીયે નવરાવી પીતાંબર પેહેરાવી અતી સ્વાદીષ્ટ રસોઇ જમાડી સંતુષ્ટ કરી પાન સોપારીનાં બીડાં આપી સર્વે બીના પોતાનાં માબાપને કહી રજા અપાવી એટલે મારૂજી કહે છે મારી વહાલી સ્ત્રી તુ કશી વાતે દીલગીર થઇશ નહી હુ એક વચની છુ માટે કામ ફતે કરી વહેલો આવાશ એવું સાંભળી ફુલાદે આશીશ દઇ કહે છે કે અહો પ્રાણનાથ જ્યાં જાઓ ત્યાં સર્વ ઠેકાણે પરમદયાળુ પરમેશ્વર અહોનીશ તમને કુશળ આનંદમાં રાખી રક્ષણકરો. એવા શબ્દ સાંભળી મારૂ ઘોડે સ્વાર થઇ સારા શુકન લઇ પંથે પડ્યા તે કેટલેક દીવસે ઉડળ ગુંડળના મુલકમાં આવી પહેચ્યો. નગર નજીક આવીને જોયું તો શેહેરની બહાર એક અતી સુંદર વાડી જોઇ વીચાર કર્યો કે આ વાડીમાં જઇ થોડીવાર વિશ્રાંતિ લેઉ એવો નિશ્ચય કરી વાડીમાં જઇને જુવે છે તો એક અતી સુંદર મહાદેવનું દેહેરૂં બાંધેલુ હતુ તેની પાસે એક ઉત્તમ બાંધણીની મીઠા પાણીની વાવ્ય હતી તે જોઇ વિચાર કર્યો કે સવારનો પહોર છે માટે આ વાવ્યમાં સ્નાન કરીને મહાદેવનાં દર્શન કરી જરા વીસામો લઇ પછી શહેર જોવા જાઉં એવો વીચાર કરી વસ્ત્ર ઉતારી પંચીયુ પેહેરી સુંદીર જળમાં સ્નાન કરી દીલ કોરૂં કરી પોતાનાં વસ્ત્ર પેહેરી મહાદેવના દેવળમાં ગયો. હા ! ત્યાં તે નગરના રાજાની પુત્રી દેવળદે પોતાની દાશીયો સાથે લઇ નાના પ્રકારનો પુજાપો અને સુવાસીક પુષ્પો તથા બીલીપત્ર ધુપ દીપ વગેરે સોનાના થાળમાં ભરી શાસ્ત્ર વીધી પ્રમાણે એક ચિત્તે પુજા કરી કપુરની આરતી પુષ્પાંજળી ભરી પુષ્પમીલી ચઢાવીને બે હાથ જોડી શીવજીની પ્રાર્થના કરી કહે છે હે ભોળાશંભો આજે છ માસ થયાં તમારૂ પુજન કરૂંછુ ને એટલા માટે જે મારવાડમાં રાજા જસાજામની અણુમાનીતી રાણી દામાંવંતીનો પુત્ર ગજ

રામારૂજી રૂપ ગુણથી ભરપુર શુરવીર વિચારવંતો મહા પરાક્રમી છે; તેની કીરતી ચોતરફ ઘણા જનને મોહેડે સાંભળતાં મારે તેની સાથે વરવાની સંપુરણ મરજી છે તેથી આજ પ્રસન્ન થઇ વરદાન આપો જે એજ વર મળે એવી રીતે પ્રાર્થના કરી, તે પછવાડે ગજરામારૂજીએ સાંભળી ને બહુ પ્રસન્ન થયા. એટલે સુઘડદેએ પાછું ફરીને જોયું તો મહા તેજસ્વી રાજકુવર જોઇ અત્યન્ત મોહ પામીને તેને પુછે છે.

દુહો–કીયા મુલકથી આવ્યા સાહેબા તમે કીયા મુલકમાં જા-આરે તમે૦ કઇ જનેતા પેટે જનમીયા, તમે કઇ ગોરીના છો ના-વરે તમે૦ સાચુ કહેજો રાજા સત્યવંતા. કહો કીયું તમારૂં ગામરે કહો૦ કુંવર છો કોણ રાજા તણા, વળી શું છે તમારૂ નામરે વળી૦

રાજ પુત્રી દેવળદે પુછે છે કે હે મહારાજ તમારૂ અને તમારા પીતાનુ નામ તથા ગામ કૃપા કરી કહો તો બહુ સારૂં તે સાંભળી મારૂજી કહે છે સાંભળો.

દુહા–ઉતર ખંડથી અમે આવીયા પશ્ચિમ દેશ જવાનો ભાવરે, પશ્ચિમ૦ આભામંડળના અમે રાજવી રાણી મંછા ગોરીના નાવરે રાણી હુ તો કુંવર જસાજામનો, કાંઇ માંડવઘઢ મારૂ ગામરે; કાંઇ૦ હું છું દામાવંતીનો દીકરો, ગજરામારૂજી મ્હારૂ નામરે. ગજરા૦

મારૂજી કહે છે હે રાજપુત્રી હુ ઉતર દીશાએથી આવ્યોછુ અને પશ્ચીમમાં જવાની મરજી છે. હુ માંડવગઢના રાજા જસાજામની અણુમાનીતી રાણી દામાવંતીનો પુત્ર છું અને ગજરામારૂનાજી નામ છે. મંછા ગોરીના નાવ એટલે જે મારા સદગુણ જોઇને મારી ઉપર મોહીત થઇ મને વરીને મારા કહ્યા પ્રમાણે ચાલે તેનો હુ સ્વામી થાઉંછું એ સઘળુ સત્ય માનજો. એવી વાત સાંભળતાં સુઘડદે અત્યંત રાજી

થઇ પોતાના મનમાં વીચાર કરી મહાદેવને કહે છે અહો પરમદયાળુ શિવ જે કોઇ સ્ત્રી પુરૂષે તમારા નામનુ તપ ધ્યાન ને વૃત કર્યું હશે તેને તમે મનની ઇચ્છા પ્રમાણે વર આપી સંતુષ્ટ કર્યા છે તેમ મેં પણ છ માસ સુધી ખરા ભાવથી તમારી સેવા કરી તો મારી પણ ઇચ્છા પરીપુર્ણ કરી તેથી હું વારંવાર તમને તથા ગોરમાને ( પારવતી ) અચ્યુત અને નંદકેસ્વરને વારંવાર નમસ્કાર કરૂં છું એ રીતે પ્રણામ કરી મારૂજીને કહેછે કે અહો પરમ પ્રીય સ્વામી તમારા રૂપ ગુણનુ વર્ણન સાંભળી હું મોહીત થઇ મળવાને આતુર હતી તે આજે સદાશિવે પ્રસન્ન થઇ મેલાપ કરાવ્યો તેથી બહુ આનંદ થયો છે માટે રાજમહેલમાં મારો એકાંતવાસ છે ત્યાં જરૂર પધારજોજી. તે સાંભળી મારૂજી કહે છે કે તમારો ભાવ છે તો આવીશું, એવો ઉતર મળતાં પોતાને સ્થાનકે જઇને પોતાની દાસીને કહે છે કે દાસી તું આપણા પ્રધાનજીને ત્યાં જઇ તેની પુત્રી દેવળદેને કહે કે તારી પ્રીય સખી સુઘડદે તને આ ક્ષણે બોલાવે છે, તે સાભળી તેણે શોળે સણગાર સજી સુંદર સાડી તથા તારા ટીબકીની કાંચળી પહેરી પોતાની પ્રાણ સમાન સખી સુઘડદેને મોહોલે આવી એટલે તેને સુઘડદેએ સર્વ સમાચાર વીગત સહીત કહ્યા તે સાંભળી બેઉ સખીયો બહુ પ્રસન્ન થઇ ને પોતાનો ( સુઘડનો) મોહોલ સણગારવા માંડયો.

દુહા—રંગ મોહોલનો સુંદર ઓરડો તે તો શણગાર્યો ઝાક-ઝમાળરે, તે તો૦ ચંદરવો બાંધ્યો કીનખાબનો ફરતી બાંધી સોનેરી ઝાલરે. રતી૦ કાચ બાંધ્યા નાનાવીધ તણા, જેમાં સુંદર મુખ દેખાયરે; જેમાં૦ કેટલાએકમાં છબીઓ તરેહ-વારની પુરણ સેજ જેમાં પરખાયરે પુરણ૦ ઘડીયાળ બાં-ધ્યું સ્થંભમાં કાંઇ કલાક સાંભળવા કોડરે; કાંઇ સુવરણ

જડીત્ર બે ખુટીયો, તે તો મુકી છે જોડાજોડરે. તેનો૦ ખુરશીયો મુકી શીશમ તણી, ઘણી શોભે છે ઝમઝપાટરે; તેની જોડે શોભે નકશી ઘડ્યું, કાંઈ કાચતણું કપાટરે; કાંઇ૦ બીલોરી કાચની શીશીયો. માંહી ભરીયેલ જળ ગુલાબરે; માંહી૦ લવીંગ સોપારી ને એલચી, બીડાં ભર્યાં છે સુંદર છાબરે. બીડાં૦ મેવાના ફુલ માંહી મુકીયાંરે, જેવી રાજવળાની રીતરે, જેવી૦ રસોઇ બનાવી છે બત્રીશી, કાંઈ અદકી આણીને પ્રીતરે. કાંઇ૦ દુધ સાકર ઉકાળીયાં, નાંખ્યા તેજાના તૈયારરે; નાંખ્યા૦ નરપતિ રાજી થયાં ઘણું. પછી સજ્યા છે સોળ-શણગારરે પછી૦

એ પ્રમાણે સુઘડદેએ પોતાના રંગ મેહેલને નાના પ્રકારની રચનાથી ઇંદ્રપુરીની માફક સણુગારીને મારૂજી સારૂ તરેહવારની સ્વદીષ્ટ રસોઇ કરાવી તૈયાર રાખી ને પોતે પણ સોળે શણુગાર સજીને તૈયાર થઇ.

દુહો—જરકસીં કોરનો સાલુડો, રૂડો તેમાં કસુંબી રંગરે; રૂડો૦ તે તો ઓઢયો છે અલબેલીએ, તેમાં શોભે છે ગોખરૂ સંગરે તેમાં૦ શેષનાગ જાણે ચોટલો, ફેણુ જાણે મણી શીશ ફુલરે ફેણુ૦ સેંથો હીંગલોક પુર્યો શોભીનો, રૂડી દામણી દીપે અમુલ્યરે, રૂડી૦ હંમેશનો હાર હીરે જડયો તેના તેજ તણો નહી પારરે; તેના૦ અતી ઉત્તમ હાર મોતી તણા, સો શોભીતા શણગારરે સો૦ ચતુરાએ ચોડયો છે ચાંદલો, તેથી શોભી રહ્યું છે ભાલરે; તેથી૦ શુક ચાંચ સરીખી નાસીકા, હસતા ખંજન પડે બેઉ ગાલરે. હસતા૦ ભ્રકુટી કમાન સરીખડી, મૃગા નેણીનાં ચપળ છે નેણરે; મૃગા૦ તેમાં તેજ શરદના ચંદશું, મુખે બોલે મધુરાં વેણરે, મુખે૦ વારી હીરાજડી નાકમાં, તેમાં મોતી છે મોટા મુલરે; તેમાં૦

તે તો શોભે અધરપર લટકતી, જેનું તેજ દીશે અમુલ્યરે, જેનું૦ હાસ્ય કરે મંદ અધરથી. તેમાં દાડેમ બીજશા દંતરે; તેમાં૦ તમામ સુવર્ણ રેખા શોભતી. એવી ફુલાંદે મહારૂપવંતરે, એવી૦ ફુલ પાંદડીઓનાં ઝુમખાં તેમાં લીલાં પીળાં જડયાં નંગરે; તેમાં૦ તે તો પેર્યાં ગોરાંદેએ કાનમાં, જેની કાયા ગુલાબી રંગરે. જેની૦ લાંબો ચતુરાનો ચોટલો તેમાં તેલ ચંપલનો વાસરે, તેમા૦ ઊંચુ અત્તર મેહેકે ગુલાબનું, જોતાં મનડાની પહોંચે આશરે. જોતાં૦ મુખડુ શરદના ચંદ્રશુ અતી અમૃત ભરીયાં નેણુરે; અતી૦ ગોરી ગાયન કરે મધુરે સ્વરે, જેનાં મીઠાં લાગે બહુ વેણુરે જેનાં૦ દાસી લાવી આગળ ધરે, બાઇ લ્યોને બીડાં તંબોલરે; બાઇ૦ એમાં લવીંગ સોપારીને એલચી, બાઇને બાંતે કરો કલોલરે. બાઇને૦ જરકશી લીલી કંચુકી, તે તો કશીને પેરી તંગરે; તે તો૦ તુસી તનમનીય હેમ હાંસડી, તેથી શોભે છે શામાનું અંગરે; તેથી૦ કાંકણુ સહીત કર ચુડલો, જડયો હેમથી ઝાકઝમાળરે. જડયો૦ દશ આંગળીએ વેઢ વીંટીયો, ગોરી ચાલે ધીમી ચાલરે. ગોરી૦ સીંહ સમાન કટીલંક છે, પાએ નેપુરનો ઝણકારરે; પાએ૦ સાંકળાં કલ્લાં સુવર્ણનાં, તેની શોભાનો નહીં પારરે. તેની૦ અનુપમ આંજી આંખડી, લીલુ ટપકુ કીધું છે ગાલરે; લીલુ૦ તેમાં છુદયું છે છુંદણું, એવો બન્યો છે ઉતમ તાલરે એવો૦ જાણે ઇંદ્ર કેરી અપસરા, આવી અંતરીક્ષથી અલબેલરે; આવી૦ કવી કહે તેની સોભા શી કહું, જેને પરણશે મારૂ છેલરે. જેને૦

એવી રીતે સુલડદેએ બારે કીમ્મતના સોલે સણુગાર સજીને તરેહવાર રંગના અતી ઉત્તમ પોશાક પેહેરી એવી શોભાયમાન બની કે જાણે ઇંદ્રના ઘરની અપસરા અંત્રીક્ષથી ઉતરી હોય એવી શોભાયમાન દેખાવા માંડી, પછી પોતાની પ્રીય સખી દેવલદેને કહે છે કે

બેન તું પણ તારે ઘેર જઇ સોળે શણગાર સજી મારી પાસે વહેલી આવ્ય એટલે આપણે મારૂજીની વાટ જોઇ તૈયાર થઇ રહીયે એવું સાંભળી દેવળદે પોતાને ઘેર જઇને સોળે સણગાર સજી તરેહવાર ભારે કીંમતના પોશાક પહેરી તરત સુધડદેને મોહેલે આવી એટલે દાસીને આગ્ના કરી કે આગલી બારી આગળ બે જડીત ખુરશી નાંખ્ય એવો હુકમ થતાં દાશીએ ખુરશી બારી આગળ મુકી એટલે સુધડદેયે પોતાના કાચના કબાટમાંથી અતિ ઉત્તમ બસરાઇ ગુલાબના અત્તરની શીશી કહાડી તેમાંથી અત્તર લઇને પોતાના પોશક ઉપર તથા દેવળદેના પોશાક ઉપર છાંટીને શીશી પાછી મુકીને બેઉ સખીઓ બારી આગળ આવીને ખુરશી ઉપર બેશી ગજરામારૂની તારીફ કરી વાત કર્યાં કરે છે, એટલે મારૂજી પણ પોતાનો ભર જરીનો પોશાક પેહેરી તે ઉપર ગુલાબ મોગરો ચંબેલી જાઇ જુઇ અને કેવડો વગેરે ભારે કીમતનાં અત્તરો પોશાકપર જુદે જુદે ઠેકાણે છાંટી ઘોડાને તરેહવાર ચાલથી નચાવતા નચાવતા સુધડદેના મોહોલ નજીક આવ્યા એટલે બેઉ સખીઓ નીચે ઉતરીને તેમને મોટું માન આપી ઉપર તેડી લાવી ને એક ભારે કીમતી જડીત્ર કોચ ઉપર બેસાડીને તેમને પાન સોપારીનું મસાલાદાર બીડું આપી નાના પ્રકારના વીનોદની વાતો કરીને રસોયા પાસે અણકુટના જેવી તરેહવાર રસોઇ તઇયાર કરાવી હતી તે મારૂજીને સુવર્ણના પાટલા ઉપર બેસારી તેમની રુચિ પ્રમાણે તૃપ્ત કરી જમાડીને ઠંડુ જળપાન કરાવીને પાનનાં બીડાં આપ્યાં તે ખાઇને મારૂજી કહે છે અહો પ્રીયા તેં આજે મને ભાવસહિત જે જે માન આપ્યું છે તે જોઇ હું ઘણો પ્રસન્ન છું તેમ તારૂ રૂપ અને ગુણ જોઇ મોહીત છું. એવું કહેતાં ઘણી જાતના અત્તરની ખુશબો આવી તે જોઇ સુધડદે પુછે છે હે નાથજી અમે એક બે જાતનાં અત્તર વાપરયાં છે, પણ તમારી પાસે ઘણી

જાતનાં અત્તરોની જુદી જુદી ખુશબો આવે છે તેથી મારૂં મગજ તર થઇ ગયું છે. એમ કહી બે હાથ જોડી વીનંતી કરી કહે છે કે હે પ્રાણનાથ મેં જે દીવસથી આપની સુકીરતી સાંભળી છે તે દીવસથી મનથી તમને વરી ચુકી છું. પણ આજે તનથી વરો તો મહા આનંદ થાય, તે સાંભળી મારૂજી કહે છે જેમ આપની ઇચ્છામાં આવે તેમ કરો. એવો ઉતર મળતાં કોઇ ન જાણે એમ વીવાહની સામગ્રી મંગાવી ગોરને બોલાવીને ગણેશ પાટ બેસારયા એટલે દેવલદે કહે છે હે પ્રીય સખી તારે ને મારે ન્હાનપણની પ્રીતી છે તેથી મારી પ્રકૃતીની તેને સરવ ખબર છે. માટે હે બેન મારૂજી ઉપર મારૂ પણ મન બહુ મોહિત થયું છે તેથી હું પણ એમને પરણીશ તો આપણે સદા સંતોષ પામી સંજોગે રહીશું વળી તમારી ને પ્રાણપતિની સદા આજ્ઞા પાળીશ તે સાંભળી સુઘડદેને બહુ દયા આવી તેથી વાત કબુલ રાખીને બેઉ સખી પ્રેમ સહીત ગોરની સાક્ષીયે મારૂજીને વરી મંગળ ફેરા ફ્રરી ગોરને દક્ષણા આપી રાજી કરીને કહે છે કે ગોર દેવ આ વાત કોઇને કરશો નહી હો, ગોર કહે સારૂ બાઇ એમ કહી ગોર પોતાને ઘેર ગયા એટલે નાના પ્રકારનાં પુષ્પ મંગાવી પલંગ ફરતી જાળી ગુંથાવીને તેમાં મારૂજીને સુવારીને બેઉ સખીયો બે પગ ચાંપવા મંડી તે જોઇ મારૂજી પણ બહુ પ્રસન્ન થયા. એમ હાસ્યવીનોદથી રાત્રી પુરી કરી સવાર થતા પહેલાં મારૂજીએ કહ્યું કે તમે બેઉ જણ સજીને તઇયાર થાઓ કેમકે હવે પછી હું એક પળ વાર રોકાનાર નથી તે સાંભળી બેઉ સખીયોએ પોતપોતાને ઘેરથી પોતાના વસ્ત્ર અલંકાર તમામ લઇને સુઘડદેના રથમાં બે જણી બેઠી એટલે મારૂજી પણ પોતાનાં સરવે હથીયાર બાંધી ઘોડા ઉપર બેશી રથની આગળ થયા તે શેહેરના દરવાજા આગળ ગયા એટલે દરવાને સુઘડદેનો રથ ઓળખીને હાંકનારને પુછ્યું કે આ રથ રાજપુત્રી સુ·

ધડદેનો છે તે સવારના પહોરમાં દાસ દાસીઓ વગરનો ક્યાં જાય છે ? એમ કહીને રથને તથા મારૂજીને અટકાવી બીજા સીપાઇ સાથે રાજાને ખબર કેવરાવી કે મહારાજ આપની પુત્રી સુધડદે રથમાં બેશી એક છેલ પુરૂષ સાથે ગામ બહાર જાય છે. એવું સાંભળી રાજાએ પોતાના પ્રધાનને તથા લશ્કરના અમલદારોને આગ્ના કરી કે રથ પાછો વાળી મોહોલે મોકલી દેઇને તે છેલ પુરૂષને પકડી મારી પાસે લાવો એવી આગ્ના થતાં પ્રધાને કહ્યા પ્રમાણે કામ કરી લશ્કરના જોદ્ધાઓ પાસે ઘેરાવી લીધો તે જોઇ મારૂજીએ પોતાના મનમાં વિચાર કરયો કે બાર વરસ થયાં હું બહાર નીકળ્યો છું ત્યારથી તે આજ દીન સુધી જગેશ્વર મહાદેવે મારી લાજ રાખી છે તેમ આજે પણ આ મહા સંકટમાંથી છોડાવશે એમ વિચારી પોતે મહાદેવનું ધ્યાન ધરીને હીમ્મત રાખી એટલે મહાદેવે તેને શુરાતન આપ્યું એટલે પોતાની શીરોઇની તરવાર મ્યાનમાંથી કહાડીને અનીરૂદ્ધની પેઠે ગરજના કરી ફરી વળ્યો તે કેટલાકને સમશેરનાં સપાટા લગાવ્યા કેટલાકને ભાલા માર્યા કેટલાકને હાથમાં ઝાલી ચીભડા માફક પછાડ્યા એવી રીતે આખી સેનામાં ભંગરાણ પાડ્યું તેથી જોદ્ધાઓ સરવે નાસવા માંડ્યા તે જોઇ પ્રધાને જઇને રાજાને કહ્યું કે મહારાજ કોઇ અનીરૂદ્ધ જેવો મહા બળવાન જોધો આવ્યો છે તે ખુબ લડાઇ કરી બધાને નસાડે છે તે સાંભળી રાજાએ પ્રધાનને કહ્યું કે લડાઇ બંધ કરાવીને એને મારી પાસે પકડી લાવો તે સાંભળી પ્રધાનને તેને ઠંડો પાડી સમજાવીને રાજા પાસે લાવી સામો ઉભો કરયો એટલે તેનું રૂપ જોઇ ખુબ મોહ પામીને પુછેછે કે આપનો દેશ કયો પીતાનું નામ શું અને આપનું નામ સું તથા યુવાઅવસ્થામાં શા કારણ માટે પરદેશ નીકળ્યા છો તે સરવે સત્ય કહો તે સાંભળી મારૂજી કહે છે કે માંડવધડના જસાજામ રાજાની અ

ણુમાનીતી દામાવંતીનો પુત્ર છું. મને સર્વ લોક ગજસુકમારજી કહીને બોલાવે છે એવું સાંભળી રાજા પ્રધાનને કહે છે અહો પ્રધાનજી જે-નાં સુકીરતી ચોતરફ ખુબ ફેલાઇ છે તે પુરૂષનું દર્શન થવું દુર્લભ છતાં તે પ્રત્યક્ષ આપણે ઘેર આવ્યા છે માટે હું સુઘડદેને કન્યાદાન આપી એની સાથે પરણાવી દઉં તે સાંભળી પ્રધાન કહે છે કે મ-હારાજ તમારો વીચાર બહુ સારો છે હું પણ મારી લાડકડી પુત્રી દેવલદેને કન્યાદાન આપી પરણાવી દઉં તો બન્યો સખી બાળપણા-નાં મન મેલાપી છે તેથી એક સ્થાને રહી સુખી થશે. એવો નીશ્ચય કરીને એક મોહોટો સુશોભીત માંડવો બાંધી રૂડું મહુરત જોવરાવી રાજા પ્રધાન બેઉ જણાએ શાસ્ત્ર વીધી પ્રમાણે કન્યાદાન આપવા માંડયાં તે સમયે સર્વ સાહેલીયો મળી મધુરે સ્વર ગીત ગાય છે.

દુહો—સૈયર મળી સૈ સાથમાં, તે તો હરખીને વર ગુણ ગાયરે; તે તો૦ ચોરી બાંધી છે સુંદર ચોકમાં, ત્યાં તો શુભ મંગળ વરતાયરે. ત્યાં૦ ચાર મંગળ ફેરા ફેરવે, તે તો હરખે છે સરવે જાનરે; તે તો૦ હસ્તી ઘોડા રથ ને પાલખી હીરા મોતીનાં આપ્યાં દાનરે. હીરા૦ પરણી ઉઠયા બહુ પ્રીતથીરે, તેને આનંદ અંગ ન મા-યરે; તેને૦ સુઘડદે દેવળદે બે રાણીયો, તે તો જોઇને રાજી બહુ થાયરે. તે તો૦ સખીયો સહુ આશીશ દીએ, તમને પ્રસન્ન થયા મહાદેવરે; તમને તેથી મન વાંછીત વર આપીયો, સદા કરજો સ્વા મીની સેવરે. સદા૦ માયા અમપર રાખજો, મારી માયાળુ બન્ને બેનરે મારી૦ પાછાં મહીયર વહેલાં આવજો, તમે સાંભળશો દીન રેનરે. તમે.

એ પ્રકારે રાજાએ તથા પ્રધાને પોત પોતાની પુત્રી શાસ્ત્રની વીધી પ્રમાણે વસ્ત્ર, હીરા જડીત્ર સુવર્ણના અલંકારો મોતીના હાર રોકડી સોના મોહોરો અશ્વ ગજરથ પાલખી દાસ દાસીઓ વગેરે ઘણો

માલ આપી ખુબ સંતુષ્ટ કરયા તે સમયે સરવે સાહેલીયોયે મળી ગીત ગાઇને આશીરવાદ દીધો તે સમયે ઢોલ તાંશાં નોબત શરણાઇ ભેર ભુંગળ વગેરે નાના પ્રકારનાં વાજીંત્ર વાગ્યા તેથી નગરના સર્વ લોક જોઇને ખુબ રાજી થયા પછી આખા શહેરમાં નોતરાં દેવરાવી અતી ઉત્તમ તરેહવાર રસોઇ કરાવી સર્વને સંતુષ્ટ કરી જે જેને ઘટે તેવા પોશાકોનાં ઇનામ આપ્યા સર્વ યાચકોને રાજાએ તથા મારૂજીયે બહુ દાન આપ્યાં એ રીતે લગનનું સર્વ કામ પત્યા પછી મારૂજીએ પોતાના બેઉ સસરા પાસે સ્વદેશ જવાની આજ્ઞા માગી એટલે સર્વ સાથ એકઠો થયો ત્યાં રાજારાણી ને પ્રધાન તથા તેની સ્ત્રી વગેરેયે પોતાની પુત્રીને બહુ શીખામણ દીધી વળી નીકળતી વખતે બન્નેની માતાએ તરેહવાર વસ્ત્ર અલંકાર આપ્યા પછી જે મારૂજીને આપેલા સેવકો હતા તેને હથીયાર બંધાવી સર્વ સાથ મળી ગાજતે વાજતે વીદાય કરી સઉ સઉને ઘેર ગયા તે બાદ મારૂજી કુચમુકામ કરી કેટલેક દીવસે પુલદેને નગર આવ્યા તેની રાજાને ખબર પડતાં બહુ માન આપી સામૈયું કરી મોહોલમાં લાવી સર્વને સંતુષ્ટ કરી ભોજન કરાવ્યું એ રીતે બે દિવસ પરૂણાગત કરી સુત્રડદેના પિતા કરતાં બધી વાતે બમણો વિવેક કરી બતાવ્યો પછી સર્વ સાથ તઇયાર કરી ગાજતે વાજતે વીદાય કરયા તે કુચ મુકામ કરતા ચાલ્યા જાય છે.

તે દીવસે રાણી ચંપાદે પોતાના મનમાં વીચાર કરે છે કે 'મારોસ્વામી ગજરોમારૂજી મને સત્ય વચન આપી બાર વરસનો વાયદો કરી આ વનમાં મહાદેવને ખોળે મુકી ગયા છે. તેને આજે બરોબર બાર વરસ પુરાં થયાં છે તોપણ હજુ સુધી તે આવ્યા નથી તેથી હવે પછી મારા મનને ધીરજ રહેવાની નથી, માટે આ વડના ઝાડ ઉપર ચડીને જોઉં ને તે દુરથી નજરે પડે તો બહુ સારૂં થાય એમ વિચારી તરત ઝાડ ઉપર ચડીને જોયું તો ઘણે દુરથી એક મોહોટું

લશ્કર ચાલ્યું આવે છે તે જોઇને પોતાના જીવમે હામ્મત આવી કે લશ્કરમાં મારો સ્વામી હોય તો આજે અત્યંત આનંદ થશે એમ ધારે છે એટલે તે વનમાં પક્ષીયો જુદે જુદે સ્વરે એક બીજુ બોલી સારા સુકન આપે છે એટલે તો ખરેજ મારૂજી પોતાના ઘોડા પર બેશી નાના પ્રકારની ચાલથી નચાંવતા નજીક આવ્યા એટલે ચંપાદે ઓળખતા તરત હેઠી ઉતરીને મારૂજી પાસે આવી પુછે છે કે હે સત્ય વચની સ્વામીનાથ ! આપ વરરાજાના જેવો ભરજરીનો પોશાક પેરી આવ્યા છો તે આનંદની વાત છે પણ મહારાજ આપ શરીરે તો કુશળ આનંદમાં છો તે સાંભળી મારૂજી કહે અહો મારી પરમ પ્રીયા પટરાણી? જગેશ્વર મહાદેવના પ્રતાપથી ને તમારા આશીરવાદથી તમારો મારો વીયોગ રહ્યો તે દીવસથી તે આજ દીન સુધી કુશળ આનંદમાં છું તેમ તમોએ શુકન કહ્યાતા તે પ્રમાણે બીજી ત્રણ રાણીયો પરણીને સાથ લાવ્યો છું. ને તે ત્રણના પીતાયે મને કન્યા દાનમાં હીરા જડીત સુવર્ણના અલંકારો તથા સુંદર વસ્ત્ર અને શસ્ત્ર વગેરે બધુ વીવેકી અને પ્રીતિ સહિત આપ્યું છે તે સાંભળી ચંપાદે બહુ પ્રસન્ન થઇ. પછી મારૂજી સર્વ સેના સહિત ડેરા તંબુ તાણી તેજ ઠામે વીરામ લેવા રહ્યા ત્યાં મારૂજીયે સેવકો પાસે પુષ્પ બીલી વગેરે મંગાવી પોતે નાહીને ધોયેલાં પવિત્ર વસ્ત્ર પેહેરીને મહાદેવજીની પુજા કરી ચંદન અક્ષત બીલી પુષ્પ અબીલ ગુલાલ વગેરે ચડાવી ધુપ નૈવેદ આરતી વગેરે કરી મંત્ર પુષ્પાંજલી કરી ચારે રાણીયોને દર્શન કરવાની આજ્ઞા આપી એટલે તે ચારે જણીઓ એકઠી મળી દર્શન કરી તંબુમાં આવી તે પછી બીજા ભાવિકજનો દર્શન કરી પોત પોતાને સ્થાનકે આવી રસોઇ બનાવી જમ્યા રાજા રાણી પણ પોતાના તંબુમાં થાળો મંગાવી ભોજન કરી

પાન સોપારીના બીડાં ખાઇ ચારે રાણીઓયે વીવેક સહીત ઘટારત પ્રમાણે વાતો કરી પરસ્પર પ્રીતી બાંધી; તે જોઈ મારૂજી બહુ ખુશી થવા પછી તેજ ઠેકાણે રાત્રી નિર્ગમન કરી મોટે પરોઢીયે ઉઠી કુચ કરી લાંબી મજલ કરી ચંપાદેને નગર ગયા તેની રાજાને ખબર પડતાં મોટી ધામધુમથી સામૈયું લઇ પોતાના મોહોલમાં તેડી લાવ્યા ત્યાં ખુબ માન આપી ભોજન કરાવ્યું તે પછી સર્વને જમાડયા એ રીતે પાંચ દિવસ પરૂણાગત રાખ્યા તેના દરમ્યાનમાં મારૂજીની સાસુને સસરાએ મારૂજીને બાર વરસની મુસાફરીના સર્વ વર્તમાન પુછ્યા તેનો વીગત સહિત ઉત્તર આપ્યો તેથી તેમના મનનું રામાધાન થયું તે બાદ છેલ્લે દીવસે સર્વના કરતાં મોઘા મુલનાં વસ્ત્ર અલંકારો પોતોની પુત્રી તથા જમાઇને આપી સંતુષ્ટ કરી બીજી ત્રણ રાણીઓને પણ પોશાકને અલંકાર આપ્યો તે પછી દાસ દાસીઓને હથીયાર બંધ લસ્કર સર્વના કરતાં વિશેષ આપી ખુબ પ્રસન્ન કરી રવાના કર્યાં તે કુચ મુકામ કરી થોડે દીવસ માંડવગઢ નજીક આવ્યા તેની રાજસેવકોને ખબર પડતાં દુરથી જોઇ તરત રાજા જસાજી મને જઇને કહ્યું કે મહારાજ આપણા શેહેર નજીક કોઇ મોટો બળવાન રાજા પુષ્કળ લસ્કર લઇ આવે છે તેની મને ખબર પડતાં તમને કહેવા આવ્યો છું તે સાંભળી રાજાએ પોતના પુલસંગ વજીરને કહ્યુ કે હે વજીર, આપણા શેહેર નજીક કોઇ મહાબળવાન રાજા બહુ લસ્કર લઇ આવે છે તે યુદ્ધ કરી આપણું રાજ લેશે તો આપણે કેમ કરીશું એ બળવાન સાથે આપણું કશું જોર ચાલનાર નથી, અરે પ્રધાન, જો આ વખતે મારો શુરવીર પુત્ર ગજરામારૂ હોત તો તે સામુ યુદ્ધ કરીને મારૂ રાજ રાખતે અરેરે હુ કેવો મુર્ખ જે મહા પરાક્રમી પુત્રને વિના અપરાવે વનવાસ કહા-

ડયો છે તે દીવસથી તે આજ દીન સુધી કેટલીક વાતનું જે જે નુકશાન થયું છે તે સર્વ તમારા ધ્યાનમાં છે, અરેરે તે દીવસથી મન ઘણું ઉદાસ રહે છે મારી ઉપર નિશ્ચય મહાદેવજીનો કોપ થયો માટે હું અપરાધી ક્ષમા માગી વીનંતી કરૂં છું કે હે જગે-શ્વર મહાદેવ મારા અપાર દુર્ગુણ સામુ ન જોતાં તમારી વડાઇને ભોળા પણ સામુ જોઇ હવે મારા ગજરામારૂજીને મેળવશો તો તેની ઉપર હું અપાર પ્રીતિ રાખીશ. એવી રીતે પ્રધાન પાસ વાતો કરે છે એટલે બીજા પાંચ સેવકો ઘણી તાકીદથી દોડતા આવીને રાજાને કહેછે કે મહારાજ તમે જરાએ ચિંતા કરશો નહી એતો આપણો પુત્ર ગજ-રામારૂજી પધારે છે. એવું સાંભળી રાજાના મનમાં જે આનંદ થયો તેવો આનંદ કોઇ દીવસ થયો નહોતો માટે પ્રધાનને હુકમ કરી પોતા-ની સર્વ સેના તથા નગારાં નીશાન નોબત શરણાઇ ભેર ભુંગળ વગેરે વાજીંત્ર સહીત તૈયાર કરી ગાજતે વાજતે સામૈયું લઇ મા-રૂજી પાસે આવ્યા તે સમયે તેણે પોતાનો તીર્થરૂપ પીતા જાણી પ્રેમ પુર્વક પ્રણામ કરયા પછી પરસ્પર કુશળ સમાચાર પુછી ગાજતે વાજતે મોટી ધામધુમથી દરબાર આગળ આવ્યા, ત્યાં રાજા રાણીઓ એ તથા પ્રધાને અને નગરશેઠ આદિ શેઠ શાહુકારોએ સોના રૂપાનાં પુલથી વધાવી ગુલાબ ચંબેલી અને મોગરાનાં પુલથી વધાવ્યા પછી દરબારમાં લાવી કચેરી ભરી ત્યાં પુરવાશી જનોએ રાજ રીતે જુહાર કરી કુશળ વર્તમાન પુછ્યા. પછી રાજાએ જોશીને પુંછ્યું કે મહારાજ ગજરામારૂજીને રાજ્યાભિષેક કરવાનું મહુરત જુવો તે સાંભળી જોશીયે ટીપણું જોઈ કહ્યું કે મહારાજ આજે કુંભરાશીનો ચંદ્રમાં ત્રાંબાને પાયે છે અમૃત ચોઘડીયુ ને અમૃત સિદ્ધિ યોગ છે તેથી શત સંવ-ત્સર સુધી મનવાંછીત ફળ ભોગવશે. એવું સાંભળી પંડિતને આજ્ઞા

કરી શાસ્ત્ર વીધી પ્રમાણે રાજ્યાભિષેક કરયો તે વેળા નાના પ્રકારનાં વાજીંત્ર વગડાવ્યાં સર્વ કર્મ પુરૂ થયા પછી બ્રાહ્મણોએ આશીરવાદ દીધો કે હે મહારાજ તમારો પુત્ર દેવતા ને મનુષ સર્વને સંતુષ્ટ કરશે, એ અમારો આશીરવાદ છે રાજાએ તથાસ્તુ કહી તે બ્રાહ્મણોને તથા બીજા સર્વ યાચકોને પોતપોતાની યોગતા પ્રમાણે દાન આપ્યાં તે પછી સભાસદો સરવેને પાન સોપારીને ફુલના તોરા આપ્યા અને ગુલાબજળ છાંટયું. જસોજામ કહે છે અહો પરમ પ્રીય પ્રજાજનો અતી શ્રમ લઇ મને ને મારૂને બહુ માન આપ્યું તેનો ઉપકાર માનું છું એમ કહી કચેરી બરખાસ્ત કરી તે પછી મારૂજી પોતાની મા, દામાવંતીને તથા અપરમાને પગે લાગ્યો એટલે તેમણે આશીરવાદ દીધો જસા જામે દામાવંતીને પટરાણી કરી તે બીજી સાતે પ્રસન્ન થઇ કબુલ કર્યું એટલે તેમના લગ્નમણા પુત્રાગત થયા તે બાદ સાતેને સારા પુત્રો આવ્યા તેથી સરવે સંપીને ચાલી મારૂજીએ રામરાજ જેવી નીતી ચલાવી તેથી સર્વ પ્રજાને આનંદ થયો.

